## નિવેદન

'શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન' સંસ્થાના આજીવન પ્રમુખ અ.મુ.પૂજ્ય શ્રી નારાયણભાઈની આત્મા-પરમાત્માના અખંડ સાક્ષાત્કારની અને પરમાત્માના વ્યતિરેક દિવ્ય સ્વરૂપ સંબંધી સુખભોક્તાની સર્વોત્કૃષ્ટ સ્થિતિથી સત્સંગ સુપેરે વાકેફ છે.

પરમાત્માની વાણીની જેમ જ તેમનું પરમસાધર્મ્ય પ્રાપ્ત કરેલા અનાદિમુક્તની વાણી પણ પ્રભુના સાક્ષાત્ સંબંધવાળી હોવાથી અત્યંત પ્રભાવક, પ્રેરણાદાયક, આદર્શરૂપ અને અનુકરણીય હોય છે. અનાદિમુક્ત દ્વારા સ્વયં શ્રીહરિનું જ કર્તાપણું હોવાથી તેમના મુખે બોલનારા પણ શ્રીહરિ જ છે.

આવા મહાન સદ્‌ગુરુ અનાદિમુક્ત પૂજ્ય શ્રી નારાયણભાઈના વચન મૌક્તિકોને 'અમૃત બિંદુ' શીર્ષક નીચે તથા તેમની ધ્વનિમુદ્રિત વાણીને 'અમૃત સરિતા' શીર્ષક હેઠળ ત્રણ ભાગમાં પ્રકાશિત કરવામાં આવેલી છે. સદ્‌ગુરુ પૂજ્ય શ્રી નારાયણભાઈના અંતરંગ શિષ્ય રહી આશરે ૨૭ વર્ષ સુધી જોગ-સમાગમ-સેવાનો અલભ્ય લાભ લઈ અનેક પ્રકારના વાર્તાલાપો ને પ્રશ્નોત્તરી દ્વારા જેમણે અનેક





આધ્યાત્મિક રહસ્યો સદ્‌ગુરુ પાસેથી જાણીને તેનો સંગ્રહ કરેલો અને સંસ્થાના સાહિત્યસર્જનમાં જેમનું અતિ અમૂલ્ય યોગદાન છે એવા પ.ભ. શ્રી જીતુભાઈ વ્યાસ દ્વારા તૈયાર કરાયેલો, મુમુક્ષુ સાધકને સાક્ષાત્કાર-પ્રભુપ્રાપ્તિ કરવા માટે તથા ઉત્કૃષ્ટ જીવનઘડતર કરવા માટે અતિ ઉપયોગી એવો વાણીસંગ્રહ લેખન-સંકલન સાથે ઉપલબ્ધ થયો છે, તેને 'અમૃત સાગર' શીર્ષક હેઠળ વિવિધ વિષયમુદ્દાઓ આવરી લઈ, ત્રણ ભાગમાં પ્રકાશિત કરતાં હર્ષ સાથે ગૌરવની લાગણી અનુભવાય એ સ્વાભાવિક છે. ગ્રંથનો આ તૃતીય ભાગ છે. 'અમૃત સાગર સાધકને...' એવું સૂચક નામ પણ એવો સ્પષ્ટ નિર્દેશ કરે છે કે આ ગ્રંથ કેવળ પ્રભુપ્રાપ્તિની ઝંખના સાથે સાધનાપથ ઉપર પ્રયાણ કરતા સંનિષ્ઠ સાધકને સમર્પિત છે. પછી તે સાધક કોઈ પણ ધર્મ, સંપ્રદાય, મત કે વિચારધારામાં માનતો હોય, એ બધાને માટે સમાનરૂપે સાર્થક નીવડશે.

આ ગ્રંથમાં અનેક આધ્યાત્મિક ગહન રહસ્યનું સ્પષ્ટીકરણ છે. સાથે સાથે ઉત્કૃષ્ટ પ્રકારનું જીવનઘડતર કરવા માટેના અતિ ઉપયોગી વચનો પણ છે, જે પૂર્ણ સ્થિતિ પ્રાપ્ત કરેલા પ્રબુદ્ધ enlightened સદ્‌ગુરુ સિવાય અન્ય વ્યક્તિ પાસેથી મળવા શક્ય નથી. સાધનાપથ ઉપર ગતિ કરતા સાધકને પૂર્ણરૂપે પથદર્શન પૂરું પાડનાર આ અમૂલ્ય ભાથું છે. જેમ મરજીવા રત્નાકરમાં ડૂબકી મારી રત્નોને વીણી લાવી ધનાઢ્ય બને છે, તેમ આ 'અમૃત સાગર'માં નિમજ્જન કરી નિષ્ઠાવાન સાધક ગહન રહસ્યરૂપ અનેકવિધ અમૂલ્ય રત્નોને

મેળવી આધ્યાત્મિક રીતે સમૃદ્ધ થઇ જીવનનો સર્વોચ્ચ ધ્યેય એવી પ્રભુપ્રાપ્તિ કરી શકશે એવી અમને શ્રદ્ધા છે.

અંતમાં આ ગ્રંથપ્રકાશનમાં સહાયરૂપ થનાર સર્વે તથા સુજ્ઞ વાચકવૃંદ ઉપર પરમ કૃપાળુ શ્રીહરિજી, શ્રી અબજીબાપાશ્રી અનંત સદ્‌ગુરુશ્રીઓ તથા સદ્‌ગુરુવર્ય અ.મુ. પૂજ્ય શ્રી નારાયણભાઈની અસીમ પ્રસન્નતા સદાય વરસતી રહે તેવી અંતરની અભ્યર્થના!

વિક્રમ સંવત ૨૦૭૬ પ્રકાશક
અષાઢ સુદ બીજ, narayanleela.org
તા.૨૩ જૂન, ૨૦૨૦





## પૂર્વ કથન

સદ્‌ગુરુવર્ય અ.મુ. પૂજ્ય શ્રી નારાયણભાઈની દિવ્યવાણીરૂપ 'અમૃત સાગર' ગ્રંથના આ તૃતીય ભાગમાં 'જ્ઞાન રહસ્ય' વિષય મુદ્દામાં મુક્તરાજે સાધકથી લઈને આત્યંતિક સ્થિતિ એવી પૂર્ણ અનાદિમુક્તની સર્વોચ્ચ સ્થિતિ અંગેના અતિ ગહન રહસ્યોને પોતાની અનુભવવાણી દ્વારા પ્રસ્ફુટિત કર્યા છે. આના અભ્યાસથી અનાદિમુક્તની સર્વોપરી સ્થિતિ કેવી અદ્‌ભુત હોય છે અને તે દિવ્યસ્થિતિનું અપરિમિત દિવ્યસુખ કેવું હોય તેનું જ્ઞાન થવાથી સાધક એવી અલૌકિક દિવ્યસ્થિતિ પ્રાપ્ત કરવા સ્વતઃ પ્રેરાશે. તેનામાં મુમુક્ષુતા જાગૃત થઇ પ્રભુપ્રાપ્તિની તીવ્ર ઝંખના ઉદ્‌ભવશે. આવા અદ્‌ભુત રહસ્યજ્ઞાન પ્રદાતા ગુરુવર્ય મુક્તરાજની પોતાની કેવી અલૌકિક દિવ્ય સ્થિતિ હતી તેનું પણ વાચકને સ્પષ્ટ ભાન થશે. અને એવા મુક્તરાજની સ્મૃતિ થવાથી સહેજે જ સાધક ઉપર પ્રભુ તથા મુક્તરાજની કૃપા ઊતરશે, જે સાધકને લક્ષ્યપ્રાપ્તિ સુધી સતત પ્રેરણાપીયૂષ પ્રદાન કરતી રહેશે.

કોઈ પણ ધર્મ-સંપ્રદાય કે વિચારધારા ધરાવતો

અધ્યાત્મપથનો યાત્રિક આ ગ્રંથના અભ્યાસના માધ્યમથી પ્રભુપ્રાપ્તિરૂપ પોતાના ગંતવ્ય સ્થાને પહોંચવા માટેની સત્ય દિશા, દશા, સચોટ પથદર્શન ને અખૂટ જીવનપાથેય પામી પોતાના જીવનને સાર્થક ને ધન્યભાગી બનાવી શકશે એ નિર્વિવાદ બાબત છે. આવા અદ્‌ભુત જ્ઞાનનો અલભ્ય લાભ લઈ સાધક પોતાનું જીવન ધન્ય બનાવવા સાધનાસમર્પિત થઈ પ્રભુ તેમજ મુક્તની કૃપાપ્રસન્નતા પામી શકશે એ નિશ્ચિત છે.





# જ્ઞાન રહસ્ય

સાધકને પ્રભુપ્રાપ્તિ માટેની સાધનામાં યથાર્થ જ્ઞાન સમજવાની અતિ આવશ્યકતા છે. 'ऋते ज्ञानान्न मुक्तिः ।' જ્ઞાન વગર મુક્તિ નથી. એ કથન અનુસાર સાધકને પૂર્ણમુક્ત એવા સત્પુરુષ થકી જ્યારે આત્મા-પરમાત્માના સ્વરૂપનું યથાર્થ પરિપ્રેક્ષ્યમાં જ્ઞાન થાય, ત્યારે જ સાધનાપથ મોકળો બને છે. જ્યાં સુધી યથાર્થ જ્ઞાનમાર્ગ સમજાયો નથી, ત્યાં સુધી સાધક અર્ધદગ્ધ સ્થિતિમાં રહે છે, તેથી તેની આધ્યાત્મિક પ્રગતિ સંભવી શકતી નથી. સાધકને સત્શાસ્ત્રો થકી વાચ્યાર્થ જ્ઞાન તો મળી રહે છે, પરંતુ એવા વાચ્યાર્થ જ્ઞાનથી યથાર્થ જ્ઞાનની સ્પષ્ટતા થઈ ન શકવાથી મનમાં વધુ ગૂંચવાડો ઊભો થાય છે, જે સાધકને દિશાશૂન્ય બનાવે છે. શ્રીહરિ પણ વચનામૃત ગ્રંથમાં સ્પષ્ટ જણાવે છે કે શાસ્ત્રો પણ સત્પુરુષ થકી જ સમજાય છે, પોતાના બુદ્ધિબળે સમજી શકાતા નથી. પ્રભુ અથવા પૂર્ણમુક્ત એવા સત્પુરુષ જ્યારે સાધકને જ્ઞાનના ગૂઢ રહસ્યની સ્પષ્ટતા કરે, ત્યારે જ અજ્ઞાનનું પડળ દૂર થઈ સાધનામાં સરળતાથી ને ત્વરિત ગતિથી પ્રગતિ સાધી શકાય છે.

**આ વિભાગમાં સદ્‌ગુરુવર્ય અનાદિમુક્તરાજ પૂજ્ય શ્રી નારાયણભાઈએ જ્ઞાનમાર્ગના અનેક રહસ્યોનું સ્પષ્ટીકરણ કરી, પ્રભુપ્રાપ્તિરૂપ લક્ષ્ય સિદ્ધ કરાવવા સાધનાપથ પર જ્ઞાનપ્રકાશ પાથરી સાધકને અતિ ઉપકૃત કર્યા છે તેનો સ્પષ્ટ ખ્યાલ આ ગ્રંથના તલસ્પર્શી અભ્યાસથી આવી શકશે.**

શ્રીજીમહારાજ પોતે કહે છે કે અમારા અનાદિમુક્તો દ્વારા પ્રગટપણે અમે જ છીએ. તેમના દ્વારા દર્શન-સુખ અમે આપીએ છીએ, જીવોના આત્યંતિક કલ્યાણ કરીએ છીએ, તો પણ અમે સ્વામી છીએ અને અનાદિમુક્તો અમારા સેવક છે. તેઓ બધી રીતે વંદનીય, પૂજનીય હોવાથી તેમને જોગ-સમાગમ-સેવા દ્વારા ખૂબ રાજી કરવા, તો જ અમારી પ્રસન્નતા થાય. અમારા મુક્તો થકી જ અમારા સ્વરૂપનું યથાર્થ જ્ઞાન તથા સ્થિતિ થાય છે. અમારા મુક્તોની આવી મહત્તા હોવા છતાં, મુક્તો સેવક છે ને અમે સ્વામી છીએ. માટે તેમનું ધ્યાન ન થાય; અમારું જ ધ્યાન થાય. કેટલાક એમ માને છે કે અનાદિમુક્ત દ્વારા પ્રગટ પ્રમાણ વ્યતિરેક સ્વરૂપે મહારાજ છે. તેમના દેહનો આકાર જુદો છે, પણ ચૈતન્યનો eternal શાશ્વત આકાર તો પ્રભુ જેવો જ છે, તો તેમનું ધ્યાન કરવાથી અનાદિમુક્તની સ્થિતિને પામી શકાય, તો તેમનું ધ્યાન કરવામાં શું બાધ આવે? તો એનો ઉત્તર એ છે જે, મહારાજની





આજ્ઞા, મહારાજના વચનો એ મહારાજનું સ્વરૂપ છે. જો આજ્ઞાનો જ લોપ થાય તો મહારાજનો રાજીપો ન થાય, તો પછી સાક્ષાત્કાર થઈ મુક્તસ્થિતિ કેવી રીતે સંભવે?

શ્રીજીસંકલ્પ અનાદિમુક્તરાજ અબજીબાપાશ્રી પણ કહે છે કે શ્રીજીમહારાજનો પ્રતિમાસ્વરૂપે પ્રગટ રહેવાનો સંકલ્પ છે, એટલે મહારાજ અત્યારે પ્રતિમાસ્વરૂપે દર્શન આપે છે. એ પ્રતિમાસ્વરૂપનું જ ધ્યાન થાય. મુક્તો સેવક હોવાથી તેમની પાસેથી દિવ્ય પ્રેરણા, જ્ઞાન, માર્ગદર્શન એ બધું જ લેવાય, પણ મુક્તોનું ધ્યાન ન થાય. સાચા મુક્તો પ્રભુના સ્વરૂપમાં જ જોડે છે, જે પોતામાં જોડે તે મુક્ત જ નથી. કારણ કે મુક્તો શ્રીહરિની આજ્ઞા ક્યારેય લોપતા નથી. જે મુક્ત ન હોય અને મુક્ત કે ભગવાન થઈને બેસી ગયા હોય, પોતાનું ધ્યાન કરાવી પોતામાં જોડતા હોય, તેને કેવળ ભૂખ, દુઃખ ને માર જ મળે. તેનો ક્યારેય છૂટકો ન થાય. ગુરુવર્ય અનાદિમુક્તરાજ નારાયણભાઈ પણ કહેતા કે ચૈતન્યને વિષે ભગવાન સ્વામિનારાયણ સિવાય બીજું કોઈ જ સ્વરૂપ પધરાવી ન શકાય. સ.ગુ. ગોપાળાનંદ સ્વામી પણ કહેતા કે કોઈ મુક્તમાં શ્રીજીમહારાજ જેવું હેત ન કરવું ને મહારાજની મૂર્તિનું જ ધ્યાન કરવું. સ.ગુ. ગુણાતીતાનંદ સ્વામી પણ કહેતા કે શ્રીજીમહારાજનું ધ્યાન કરી તે મૂર્તિ સામું જોઈ રહેવું. સ.ગુ. મુક્તાનંદ સ્વામી કહેતા કે 'મેરે તો તુમ એક હી એક આધારા' આમ મોટા મોટા મુક્તોનો એ જ અભિપ્રાય છે. કોઈ સાચા

મુક્તોએ પોતામાં કોઈને ક્યારેય જોડ્યા નથી. જે પોતે મુક્ત ન હોવા છતાં પોતાને મુક્ત કે ભગવાન ગણાવી જીવોને પોતામાં જોડે એવા માયિક ને દંભી ગુરુઓમાં જોડાવાથી સાધકે હંમેશાં દૂર રહેવું, નહિતર મનુષ્ય જન્મ એળે જાય એમાં શંકાને સ્થાન નથી.

શ્રીજીમહારાજના સ્વરૂપ સિવાય બીજા બધાનું ધ્યાન કરવામાં અનેક વિઘ્નો અને ભયસ્થાન રહેલા છે, કેવળ મહારાજના સ્વરૂપનું ધ્યાન કરવું એ જ શ્રેષ્ઠ અને સંપૂર્ણ સુરક્ષિત માર્ગ છે. મુક્ત ન હોય અને દંભી ભગવાન કે મુક્ત થઈ ભોળા ભક્તોને છેતરી પોતાનું ધ્યાન કરાવે, તો તેવું ધ્યાન કરાવનાર અને કરનાર બંને નારકી થાય છે તેમાં કોઈ સંશય નથી. પ્રતિમાસ્વરૂપના ધ્યાનથી પ્રભુના સાક્ષાત્કારમાં વિલંબ થઈ જાય અને મુક્ત દ્વારા પ્રગટ ભગવાન કહેવાય, માટે મુક્તનું ધ્યાન કરવાથી સાક્ષાત્કાર જલદી થાય. એવી મિથ્યા ગ્રંથિનો ત્યાગ કરી, મુક્ત પાસેથી સાચી સમજણ ગ્રહણ કરી, પ્રભુના પ્રતિમાસ્વરૂપને દિવ્ય માની ધ્યાન કરે તો જ પ્રભુના દિવ્યસ્વરૂપનો સાક્ષાત્કાર થઈ મુક્તદશા પ્રાપ્ત થાય. પ્રભુના સાચા મુક્તોની પ્રભુ સાથે હાર-તોરા, પુષ્પ, ચંદન, અક્ષત વગેરે ઉપચારોથી પૂજા થઈ શકે, પ્રભુ સાથે માનસી પૂજા, નૈવેદ્ય, આરતી વગેરે બધું થઈ શકે, કારણ કે પ્રભુ સાથે મુક્તની સરખી સેવા કરવાથી સો જન્મની કસર આ જન્મે જ ટળે છે એવું મહારાજનું જ વચન છે. પરંતુ





તેમનું ધ્યાન તથા ઉપાસના ન થઈ શકે. સપાર્ષદ ધ્યાનના પ્રકારમાં પણ મુક્તને મહારાજની સાથે ધારવામાં આવે છે, પરંતુ મહારાજને મૂકીને એકલા મુક્તના ધ્યાનનો નિષેધ છે. જેમને પોતાનો છેલ્લો જન્મ કરી પ્રભુપ્રાપ્તિ કરવી હોય તેમણે આ વાત ખાસ લક્ષ્યમાં રાખવી, જેથી મોક્ષમાર્ગમાં કોઈ વિઘ્ન ન આવે.

સ.ગુ. બ્રહ્માનંદ સ્વામીએ મહારાજના દિવ્યસ્વરૂપનું વર્ણન કર્યું ત્યારે એક હરિભક્તે પૂછ્યું કે મને એવું દર્શન ક્યારે થાય? તેના ઉત્તરમાં સ્વામીશ્રીએ કહ્યું કે મહારાજની આજ્ઞામાં રહી સેવા કરે તો થાય. પછી મહારાજે તેમને સંતોના ખાડા સાફ કરવાની સેવા સોંપી અને યોગ્ય સમયે પાત્રતા થયે પોતાના સ્વરૂપના દિવ્યદર્શન કરાવ્યા. મુક્તરાજે એ વાત વિસ્તારથી વર્ણવી. માટે સર્વે સાધનમાં આજ્ઞા-ઉપાસના મુખ્ય છે. આજ્ઞા-ઉપાસનાથી જ મહારાજ અને મુક્તની પ્રસન્નતા થાય અને પ્રભુપ્રાપ્તિ સરળ બને. (૧)

સન્મુખ મૂર્તિના દર્શન પણ અધૂરી સ્થિતિ છે. એ પરમ એકાંતિક મુક્તની સ્થિતિમાં પોતે પૂર્ણ જ છે, એમ મુક્તને જણાય છે. આમ કહી મુક્તરાજ નારાયણભાઈ પોતે પૂર્ણ હોવા છતાં સાધકને જ્ઞાન સમજાવવા માટે પોતાના મિષે વાત કરે છે : ‘હું સ.ગુ. વૃંદાવનદાસજી સ્વામી પાસે ગયો અને સ્વામીશ્રીને કહ્યું કે મને ઈશ્વર સ્વામીએ તમારી પાસે છેલ્લા વર્તમાન સમજવા માટે મોકલ્યો છે. પંચવર્તમાન તો હું બરોબર

સમજ્યો છું અને તેનું યથાર્થ પાલન પણ કરું છું. મહારાજના વ્યતિરેક દિવ્યસ્વરૂપનો મને સાક્ષાત્કાર છે અને મૂર્તિનું દર્શન-સુખ અખંડ માણું છું. આ સિવાય કાંઈ વિશેષ કહેવાનું હોય તો કહો. (આ પરમ એકાંતિક મુક્તની સ્થિતિ છે.) આ સાંભળી સ્વામીશ્રીએ મારા કોઈ વખાણ ન કર્યા કે આહા! કેવી મોટી વાત છે કે તમને પ્રભુના દિવ્યદર્શન થાય છે. એવું કાંઈ કહ્યું નહિ. ઉલટાનું તેમણે તો મારી પૂર્ણ સ્થિતિ વિશેની સમજણ દૂર કરવા કહ્યું કે એમાં શું? એ તો કંઈ જ નથી. It is nothing. કૂવામાં દેડકો હોય તેને મહાસાગરની મહત્તા શી રીતે સમજાય? એને તો સીમિત કૂવામાં જ આનંદ આવે. એમ કહી એમણે મારો બધો જ ગર્વ ઉડાવી દીધો. He completely distroyed my pride. એવી રીતની વાતો એક-દોઢ કલાક કરી. પછી બીજી ઊંડા જ્ઞાનની ઘણી વાતો કરી. હું સ્વામીશ્રીના કહેવાનું તાત્પર્ય તરત જ સમજી ગયો. સ્વામીશ્રીએ કહ્યું કે મૂર્તિરૂપ થઇ મૂર્તિમાં રસબસ લીન રહી સુખ ભોગવવું તે અનાદિમુક્તની સ્થિતિ છે. તે આત્યંતિક કલ્યાણની અંતિમ સર્વોચ્ચ સ્થિતિ છે. એ સ્થિતિ કરવી એ છેલ્લા વર્તમાનનો અર્થ છે. સામાન્ય વર્તમાન પાળી તેની દૃઢતા કરી આ છેલ્લા વર્તમાન સુધી દરેકે પહોંચવાનું છે.' મુક્તરાજે આ રીતે સાધકને બોધ માટે પોતાના મિષે વાત કરી, પરંતુ એક વખત પોતાના અંતરંગ સેવકને એમ કહેલું કે શ્રીજીમહારાજ મનુષ્યરૂપે પ્રગટ થયા તે પહેલાનો હું તેમની





દિવ્ય મૂર્તિનું સુખ રસબસભાવે અનુભવું છું.

પૂર્ણમુક્ત હોય તે જ બીજાને પૂર્ણસ્થિતિ કરાવી શકે. સાધનિકથી એ કામ શક્ય નથી. જે enlightened પ્રબુદ્ધ હોય તે જ બીજાને enlightened કરી શકે. આ સિદ્ધાંત વાત છે. સામે પક્ષે યોગ્ય પાત્ર હોવા જોઈએ. મુનિસ્વામી કેશવપ્રિયદાસજી પોતે પૂર્ણ હતા, અતિ સરળ પ્રકૃતિના હતા, પણ કોઈ તેમનો જોઈએ તેવો લાભ પોતાની આધ્યાત્મિક પ્રગતિ માટે ન લઇ શક્યા એમ સ્વામી પોતે કહેતા. જીવોનો એવો વિચિત્ર સ્વભાવ હોય છે કે મહારાજ અને મુક્ત તેમને સુખ આપવા જાય, તો પણ ન લે. કારણ કે તેમને માયામાં જ આનંદ મનાય છે. કૂવામાંના દેડકાને કોઈ બહાર કાઢીને સમુદ્રમાં લઇ જવાનું કહે ત્યારે કહેશે કે 'ના, અમારે અહીંથી બહાર નથી નીકળવું, અમને તો અહીં જ મજા છે.' એમ માયાના જીવોને માયાની બહાર નીકળવું ગમતું નથી. માયાના તુચ્છ વિષયોમાં અપાર દુઃખ રહેલું છે, તો પણ તેનો ત્યાગ કરી પ્રભુપ્રાપ્તિ કરી, પ્રભુનું દિવ્યસુખ પામવામાં રસ નથી એ જ તો જીવનું અજ્ઞાન છે. (૨)

શ્રીજીમહારાજે એકવાર સ. ગુ. ગોપાળાનંદ સ્વામીને આકારે રહિત વર્તવાની વાત કરી, ત્યારે બીજા સાધુ ને હરિભક્તોને શંકા થઇ કે મહારાજે ગોપાળાનંદ સ્વામીને આકારે રહિત વર્તવાનું શા માટે કહ્યું હશે! પછી તેમણે આ બાબતે ગોપાળાનંદ સ્વામીને પૂછ્યું. ત્યારે સ્વામીશ્રીએ જણાવ્યું

કે આકારે રહિત થઈ ધ્યાન કરવાનું કહેવામાં મહારાજનું તાત્પર્ય એ છે કે આ દેહનો જે માયિક આકાર છે તે ભૂલી અને પ્રતિલોમપણે પોતાના અંગેઅંગમાં ભગવાનના અંગ ધારી ત્રણ દેહ સ્થૂળ, સૂક્ષ્મ, અને કારણથી પર પોતાના આત્માને પુરુષોતમરૂપ માની દાસભાવે પ્રતિલોમ વૃત્તિએ ધ્યાન કરવું અને આ દેહના આકારે રહિત વર્તવું. પોતાપણું માન્યા સિવાય શ્રીજીમહારાજ જ બધી ક્રિયા કરે છે એમ માની અખંડ ધ્યાન કરવું. સ્વામીશ્રીના આવા ઉત્તરથી સૌને આકારે રહિત વર્તવાની વાત સમજાણી. (૩)

ઈ.સ. ૧૯૮૨ માં બેસતા વર્ષને દિવસે મુક્તરાજ બધા બાળકો તથા હરિભક્તોને આશીર્વાદરૂપે બે બે અને પાંચ પાંચ રૂપિયા આપતા હતા. આ બાબતે સેવકને તેમણે જણાવ્યું કે બાળકોને આની સ્મૃતિ રહે અને પ્રભુ તથા મુક્તમાં હેત થાય એટલા માટે આપું છું. ભગવાન અને મુક્તમાં હેત થાય તો ચૈતન્યના સઘળા આવરણો ટળી જઈ આત્યંતિક કલ્યાણ થાય, એ હેતુ છે. આગલે દિવસે (૧૫ નવેમ્બર ૧૯૮૨ દિવાળી) શ્રી વિનોબાજીએ ભૌતિક શરીર છોડેલું તેમને વિષે એવો શુભ સંકલ્પ કર્યો કે તેઓ નિરાકાર બ્રહ્મમાં લીન ન થતાં, સત્સંગમાં જન્મ લઇ અને શ્રીજીમહારાજના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન પ્રાપ્ત કરી ને ઘણા જીવોને સમાસ કરે. આ વાત પોતાના અંતરંગ સેવકને જણાવી. (૪)

કોઈ વ્યક્તિ રામકૃષ્ણાદિક અવતારસ્વરૂપોને સર્વોપરી





પરમાત્મા માની ધ્યાન, ભજન, ઉપાસના કરે તો તેમને શ્રીજીમહારાજની પ્રાપ્તિ થાય કે નહિ? સેવકના એવા પ્રશ્નના ઉત્તરમાં મુક્તરાજે કહ્યું કે એમ માનનારને સમજણ, ઉપાસના અને ગતિ તે તે અવતારના આકારને વિષે તથા તેમના લીલા-ચરિત્રોને વિષે સીમિત રહેવાથી તે ત્યાં જ અટકી પડે છે. તે અવતારસ્વરૂપોને સંભારવાથી તેના સ્વરૂપ, ગુણો, ઐશ્વર્યોમાં વૃત્તિ જોડાઈ જવાથી તેમની ગતિ અને પ્રાપ્તિ તે અવતારો પૂરતી સીમિત રહે છે. તેનાથી આગળ તેમની ગતિ થતી નથી. જેનું સતત ચિંતવન થાય તેની જ પ્રાપ્તિ થાય એવો નિયમ છે. માટે શ્રીજીમહારાજની પ્રાપ્તિ કરવી હોય તો તેમના સ્વરૂપનું, ગુણ-ઐશ્વર્યોનું ને લીલાઓનું જ અખંડ મનન-ચિંતન કરવું આવશ્યક છે. (૫)

અનંત જીવોમાંથી કોઈકને જ શ્રીજીમહારાજના દિવ્યસ્વરૂપનો સાક્ષાત્કાર થઇ અનાદિમુક્તની સ્થિતિ પ્રાપ્ત થાય છે, એવો કઠિન માર્ગ છે. એટલે શ્રીજીમહારાજે ઘણા બધા વચનામૃતોમાંથી હિંમત દેવાના વચનામૃતો રાખી બીજા અતિ આકરા વચનામૃતો કાઢી નાખ્યાં, નહીં તો જીવો નિરાશ થઇ ને હિંમત હારી જાય. અનંત બ્રહ્માંડોમાં મનુષ્યસૃષ્ટિ છે, ત્યાં પણ અવતારો અને અવતારી એવા શ્રીજીમહારાજ અને મુક્તો પ્રગટ થાય છે. તે દરેક બ્રહ્માંડોમાંથી એક બે જીવ પ્રભુ અથવા અનાદિમુક્તના જોગે અનાદિમુક્ત થઇ ભગવાનના સુખને પામે છે. આમ અનંત બ્રહ્માંડોમાંથી જીવો

મુક્ત થઈ ભગવાનના સુખને પામતા હોવાથી અનંત અનાદિમુક્તો થાય છે. (૬)

જે એકાંતિક ભક્તને શ્રીજીમહારાજના વ્યતિરેક સ્વરૂપનો સન્મુખ સાક્ષાત્કાર થાય, તેને પરમ એકાંતિક મુક્ત કહેવાય. પરભાવમાં આ સ્થિતિમાં રહેલા મુકતને પોતે પૂર્ણ છે એમ જ લાગે છે. બીજી બધી ચૈતન્ય ભૂમિકાઓના સુખ કરતાં પરમ એકાંતિક મુક્તની સ્થિતિમાં અનંત ગણું વિશેષ સુખ આવે છે. કારણ કે એ સ્થિતિમાં સર્વોપરી શ્રીજીમહારાજના વ્યતિરેક દિવ્યસ્વરૂપનો સાક્ષાત્કાર અખંડ હોય છે. એ સ્થિતિમાં રહેલા અનંત મુક્તોને પ્રભુનું સામીપ્ય, સાંનિધ્ય એક સરખું જ અનુભવાય છે. આગળ-પાછળ, દૂર-નજીક અંતર જેવું પરભાવમાં નથી હોતું. અનંત પરમ એકાંતિક મુક્તો પ્રભુની સન્મુખ રહી દિવ્યસુખ માણે છે. કોઈ મુક્તને એકબીજાનું આવરણ નથી. પરમ એકાંતિક મુક્તની આવી અલૌકિક સ્થિતિ હોવા છતાં તે અધૂરી સ્થિતિ છે. કારણ કે એ સ્થિતિમાં પણ દ્વૈતભાવ રહે છે કે હું છું ને મહારાજ છે ને અનંત મુક્તો છે, જ્યારે અનાદિમુક્તની સર્વોચ્ચ અંતિમ સ્થિતિમાં મુક્ત શ્રીજીમહારાજ સાથે એકમેક, ઓતપ્રોત, તદ્રુપ, તલ્લીન, સળંગ રસબસભાવની અનુભૂતિ કરે છે. એ મુક્તો પરાપ્રેમ દ્વારા પ્રભુના દિવ્યસ્વરૂપ સાથે પ્રેમાદ્વૈત સાધે છે, પરમસાધર્મ્ય સાધે છે. અનાદિમુક્તની સ્થિતિમાં મુક્ત પુરુષોત્તમરૂપ, મૂર્તિરૂપ છે. આવી સર્વોત્તમ સ્થિતિ હોવાથી





અનાદિમુક્તોને પરમ એકાંતિક મુક્ત કરતાં અનંતગણું વિશેષ સુખ આવે છે. એ સ્થિતિમાં પણ પ્રભુ સાથે એકાત્મપણું હોવા છતાં સ્વામી-સેવકભાવ અખંડ રહે છે. શ્રીજીમહારાજ નિત્ય સ્વામી છે અને અનાદિમુક્તો નિત્ય દાસ છે. આ ભેદ શાશ્વત છે.

પરમ એકાંતિક મુક્તને અનાદિમુક્તની સ્થિતિ પ્રાપ્ત કરાવવા માટે શ્રીજીમહારાજ સત્સંગમાં પ્રગટ કરે ત્યારે મહદંશે સાથે અનાદિમુક્તને પણ મોકલે છે. શ્રીજીમહારાજ મનુષ્યશરીરમાં રહેલા પરમ એકાંતિક મુક્તની સ્થિતિ રૂંધે છે, ત્યારે પરભાવમાં તેમને લાગતી પૂર્ણતાની વિસ્મૃતિ થઈ જાય છે. અનાદિમુક્ત થકી મૂર્તિમાં રસબસભાવે લીન રહેવાનું જ્ઞાન થતાં તેમને પ્રભુ પ્રત્યે વિશેષ પ્રેમ પ્રગટે છે ને પ્રભુનું પરમ સાધર્મ્યપણું પ્રાપ્ત કરે છે. તેમને અનાદિમુક્તની દિવ્યસ્થિતિ થતાં જરાય વાર લાગતી નથી, તરત થઈ જાય છે, કારણ કે સિદ્ધમુક્તની સ્થિતિમાં તો તેઓ પહેલેથી જ હોય છે. અનાદિમુક્ત થયા પછી બીજા જીવોને પણ અનાદિમુક્તની સ્થિતિનું જ્ઞાન આપી અનાદિમુક્ત કરી શકે છે. પરમ એકાંતિક મુક્તને જો અનાદિમુક્તનો જોગ ન થાય, તો બીજા જીવોને તેઓ પરમ એકાંતિક મુક્ત સુધીની જ પ્રાપ્તિ કરાવી શકે છે. મુક્તની જેટલી પોતાની ગતિ કે સ્થિતિ હોય, તેટલી જ બીજાની કરાવી શકે આ સિદ્ધાંત છે. માટે મૂળપુરુષ, વાસુદેવબ્રહ્મ, મૂળઅક્ષર, પરમ એકાંતિક મુક્ત

વગેરે ગમે તે સ્થિતિની પ્રાપ્તિ કરી હોય તો પણ અનાદિમુક્ત થવા માટે મનુષ્ય જન્મ ધરવો જ પડે છે. કારણ કે મનુષ્ય જન્મ એ કર્મભૂમિ છે અને બીજી બધી ભોગભૂમિકા છે. મનુષ્યશરીરમાં જીવ જેટલી પ્રગતિ સાધે, તેટલી પ્રાપ્તિ થાય છે. આત્યંતિક કલ્યાણની સર્વોચ્ચ એવી અનાદિમુક્તની સ્થિતિની પ્રાપ્તિ પણ મનુષ્ય જન્મમાં જ થઈ શકે છે. અન્ય કોઈપણ ભૂમિકામાં તે શક્ય નથી. (૭)

અંત સમયે સ્થૂળશરીરમાંથી જીવની બહારની તરફ ઊર્ધ્વ કે અધોગતિ થાય છે. જીવના કારણશરીર સાથે જોડાયેલી અનેક પ્રકારની વાસનાઓ, કર્મસંસ્કારો, ગ્રંથિઓ, વિવિધ પ્રકારની ઉપાસના-પદ્ધતિઓ વગેરે પ્રમાણે જીવની ગતિ થાય છે. જેમ કે દેવલોક, પિતૃલોક, સ્વર્ગલોક, યમલોક, લખચોરાશીમાં ગતિ, પુનર્જન્મ થવો અથવા વૈકુંઠ, ગોલોક, બ્રહ્મપુર, અક્ષરધામ વગેરે ધામોની પ્રાપ્તિ થવી, એમ અનેક પ્રકારે જીવની યોગ્યતા પ્રમાણે સ્થૂળશરીર છૂટ્યા પછી ગતિ થાય છે. કેટલાક જીવોને પોતાના સગા-સંબંધીઓ જે દેહ ત્યાગ કરીને સૂક્ષ્મસૃષ્ટિમાં રહી ગયા હોય તે દેખાય છે, કેટલાક પાપી જીવોને યમદૂતો પણ દેખાય છે. તેઓ જીવને સ્થૂળશરીરમાંથી કાઢી પોતાની સાથે લઈ જાય છે. સ્થૂળશરીર અને સૂક્ષ્મશરીર વચ્ચે નાભી કેન્દ્ર સાથે astral cord, silver cord નામનો ચાંદી જેવો તેજસ્વી એક પ્રાણમય તાંતણો રહેલો હોય છે. મૃત્યુ વખતે આ તાતણો તૂટે ને સ્થૂળશરીરથી





સૂક્ષ્મશરીર છૂટું પડે, ત્યાર બાદ વિવિધ પ્રકારે જીવની ગતિ થાય છે. મૃત્યુ પછી થતી ઉત્તરક્રિયા વખતે ચાંદીના તારથી પિંડવિચ્છેદ કરવામાં આવે છે તે આ silver cord નું પ્રતિક છે. જે ભક્ત ઉપર પ્રભુ તથા મોટા મુક્તની કૃપા થયેલી હોય તેને અંત વખતે ભગવાન તથા મુક્તના દર્શન થાય છે. તેને સ્થૂળદેહમાંથી મુક્તિ મળી મુક્ત દ્વારા સાક્ષાત્ ભગવાન સાથે સંબંધ થાય છે ને ભગવાનના ધામમાં ભગવાનના સ્વરૂપ સંબંધી અવિચળ દિવ્યસુખની પ્રાપ્તિ થાય છે. એમ ભગવાનના નિષ્કામ ભક્ત અને બીજા જીવોની ગતિમાં અને પ્રાપ્તિમાં અનંત ગણો તફાવત છે. (૮)

બદ્ધજીવની સાથે જાગૃત, સ્વપ્ન, સુષુપ્તિ એમ ત્રણ અવસ્થાઓ રહેલી છે. જીવાત્મા જેને વિષે રહીને શબ્દ, સ્પર્શ, રૂપ, રસ ને ગંધ એ પંચવિષય ભોગવે તેને અવસ્થા કહેવામાં આવે છે. જાગૃત અવસ્થા વૈરાજપુરુષની સ્થિતિઅવસ્થાનું કાર્ય છે. તે સત્ત્વગુણાત્મક છે અને નેત્રસ્થાનમાં રહેલી છે. વિશ્વાભિમાની સંજ્ઞાવાળો જીવાત્મા પૂર્વકર્માનુસારે સ્થૂળદેહે વિવેકે સહિત ઇન્દ્રિયો-અંતઃકરણો દ્વારા બાહ્ય પંચવિષય ભોગવે તે સત્ત્વગુણાત્મક જાગૃત અવસ્થા છે. તેમાં ભ્રાંતિએ કરીને અયથાર્થપણે વિષયભોગ ભોગવાય તે જાગ્રત અવસ્થામાં સ્વપ્નાવસ્થા છે ને જાગૃતમાં વિવેકે રહિત ભોગ ભોગવાય તે જાગૃતમાં સુષુપ્તિ અવસ્થા છે. એમ એક અવસ્થામાં બીજી બે અવસ્થાઓ પણ રહેલી છે. આ સ્થૂળદેહની અવસ્થાઓની

વિક્તિ છે. કારણ કે જાગૃત અવસ્થાને સ્થૂળદેહની સાથે સંબંધ છે. એક જ મન ત્રણ પ્રકારે કાર્ય કરે છે. જાગૃત મન conscious mind, અર્ધજાગૃત મન sub-conscious mind અને અજાગૃત મન unconscious mind. જાગૃત મન સાથે જાગૃત અવસ્થા waking state રહેલી છે, અર્ધજાગૃત મન સાથે સ્વપ્નાવસ્થા dreaming state રહેલી છે અને અજાગૃત મન સાથે સુષુપ્તિ અવસ્થા deep sleep state રહેલી છે.

સ્વપ્નાવસ્થા dreaming state તે હિરણ્યગર્ભની ઉત્પત્તિ અવસ્થાનું કાર્ય છે. તે રજોગુણાત્મક છે ને કંઠસ્થાનમાં રહેલી છે. તૈજસાભિમાની સંજ્ઞાવાળો જીવાત્મા સૂક્ષ્મદેહમાં પૂર્વ કર્માનુસાર વાસનામય ભોગ ભોગવે તે રજોગુણ પ્રધાન સ્વપ્નાવસ્થા છે. સ્વપ્નમાં વિવેકે સહિત વાસનામય ભોગ ભોગવે તે સ્વપ્નમાં જાગૃત અવસ્થા છે. સ્વપ્નના ભોગને ભોગવતો થકો તેને યથાર્થ જાણે નહિ તે સ્વપ્નમાં સુષુપ્તિ અવસ્થા છે. એમ સ્વપ્નાવસ્થામાં પણ બીજી બે અવસ્થાઓ રહેલી છે. સ્વપ્ન અવસ્થામાં જાત જાતના, ચિત્ર વિચિત્ર સ્વપ્નો સ્ફુરી આવે છે. ચિત્તમાં sub-conscious mind અર્ધજાગૃત મનમાં રહેલા અનેક જન્મના તથા આ જન્મના કર્મસંસ્કારો, વાસનાઓ, અતૃપ્ત ઈચ્છાઓ પ્રમાણે સ્વપ્નો ઉદ્‌ભવે છે. સ્વપ્ન અવસ્થામાં પૂર્વસંકેત મળવા, ભાવિદર્શન થવું, ભૂતકાળના કર્મસંસ્કારોની તથા ઘટના-પ્રસંગોની છાપ ઉપસી આવવી, અમુક રહસ્યોની સ્પષ્ટતા થવી વગેરે અનેકવિધ પ્રક્રિયાઓ





થાય છે. કર્મફળપ્રદાતા પરમાત્મા પ્રેરણાશક્તિ દ્વારા જીવના પૂર્વ કર્મસંસ્કારો પ્રમાણે સ્વપ્નસૃષ્ટિનું નિર્માણ કરે છે.

જીવાત્મા સૂક્ષ્મશરીરના અભિમાન સાથે સૂક્ષ્મ પંચવિષયો સંબંધી સુખ દુ:ખને સ્વપ્નાવસ્થામાં સૂક્ષ્મશરીર દ્વારા ભોગવે છે. આ અવસ્થામાં સૂક્ષ્મશરીર દ્વારા સૂક્ષ્મસૃષ્ટિમાં જીવની ગતિ થાય છે. આ અવસ્થામાં દૃશ્યોમાં ભ્રાંતિ ને અસ્થિરતાનો અનુભવ કંઠસ્થાનને લીધે થાય છે. આપણો કંઠ શ્વાસોશ્વાસની ક્રિયાને લીધે સતત હલતો રહે છે, એટલે કંઠસ્થાન અસ્થિર હોવાથી સ્વપ્નમાં અસ્થિરતા જણાય છે. જાગૃત અવસ્થા જેવી સ્પષ્ટતા સ્વપ્નમાં અનુભવાતી નથી. સૂક્ષ્મસૃષ્ટિ અનંત હોવાથી સ્વપ્નમાં પણ અનંત પ્રકારના દૃશ્યો દૃષ્ટિમાન થાય છે. સાધનામાં પ્રગતિ કરતા સાધકને ઘણી વખત મુક્તપુરુષનું સચોટ માર્ગદર્શન મળવું, પ્રાર્થનાનો પ્રભુ તેમ જ મુક્ત દ્વારા સ્વીકાર થવો વગેરે ઘણા પ્રકારના અનુભવો પણ સ્વપ્નમાં થતા હોય છે. આમ સ્વપ્નાવસ્થા અનેક રહસ્યોથી ભરેલી છે, તેને યથાર્થ રીતે તો પ્રભુ અને તેમના પૂર્ણ મુક્તો જ જાણી શકે છે.

સુષુપ્તિ અવસ્થા deep sleep state અજાગૃત મનની સાથે રહેલી છે ને તે ઈશ્વરની પ્રલય અવસ્થાનું કાર્ય છે. તે હૃદયસ્થાનમાં રહેલી છે. આ અવસ્થામાં પ્રાજ્ઞાભિમાની સંજ્ઞાવાળા જીવાત્માની ઈન્દ્રિયો-અંતઃકરણની વૃત્તિઓ, વાસનાઓ તથા કર્તાપણું ને જ્ઞાતાપણું એ સર્વે કારણશરીરમાં

લીન થઇ જાય છે. એ અવસ્થાને વિષે કર્તાવૃત્તિ ઉત્પન્ન થાય તે સુષુપ્તિમાં સ્વપ્ન અવસ્થા છે. અને જાગૃત ને સ્વપ્નની પીડાના તાપની વૃત્તિ સુષુપ્તિના સુખમાં પ્રવેશ કરે તેના પ્રતિલોમપણાનું જ્ઞાન થાય તે સુષુપ્તિમાં જાગૃત અવસ્થા છે. આ કારણશરીર સાથે સંકળાયેલી અવસ્થાઓ છે. વિશ્વાભિમાની, તૈજસાભિમાની, પ્રાજ્ઞાભિમાની એમ જુદા જુદા જીવો નથી, પણ વિવિધ અવસ્થાઓને લઈને એક જ જીવાત્માની જુદી જુદી સંજ્ઞાઓ છે. બદ્ધજીવ પોતાની મેળે જાગૃતમાંથી સ્વપ્ન કે સુષુપ્તિ અવસ્થામાં જઈ શકતો નથી અથવા તે અવસ્થામાં ગયા પછી પોતાની મેળે પાછો આવી શકતો નથી. કર્મફળપ્રદાતા પરમેશ્વરની શક્તિથી જ જીવની અવસ્થા બદલાય છે.

આપણા શરીરની વિવિધ ક્રિયાઓનું નિયમન પ્રાણશક્તિ દ્વારા થાય છે. મુખ્ય પાંચ પ્રાણ છે —પ્રાણ, અપાન, વ્યાન, સમાન, ઉદાન. આમાંના ઉદાનપ્રાણ દ્વારા મનની ગતિવિધિ તમોગુણના પ્રભાવથી મંદ પડે ત્યારે સુષુપ્તિ અવસ્થા આવે છે. આ અવસ્થા અજ્ઞાનમય અવસ્થા છે. તેમાં મનના કંપનોનો પૂર્ણરૂપે લય થઇ જતો નથી. ચિત્તની વૃત્તિઓનો પૂર્ણ રીતે નિરોધ-લય તો અસંપ્રજ્ઞાત નામની સમાધિ અવસ્થામાં જ થાય છે. એ અવસ્થામાં પરમાત્માના દિવ્યસ્વરૂપનો સાક્ષાત્કાર થાય છે. સુષુપ્તિ અવસ્થા એ પ્રધાનપુરુષ સાથે જોડાયેલ પ્રધાનપ્રકૃતિ-પ્રધાનમાયા છે. તેનાથી





પરની સામ્યાવસ્થા એ મૂળપ્રકૃતિ-મૂળમાયા છે, તે જ્યારે ઓળંગી જવાય, ત્યારે નિર્ગુણ-ગુણાતીત સ્થિતિ થાય છે. સાધક જ્યારે મુક્તપુરુષની કૃપા મેળવી ઈન્દ્રિયો-અંતઃકરણની વૃત્તિઓનો સાંખ્યજ્ઞાન વડે પ્રત્યાહાર કરી, આત્મા-પરમાત્માના સ્વરૂપના યથાર્થ જ્ઞાન-ધ્યાન-ઉપાસના દ્વારા પોતાના અંતઃકરણમાં સ્વાધીનપણે પ્રવેશ કરે, ત્યારે જ્ઞાનમય એવી ઉપશમ અવસ્થાને પામે છે. આ ઉપશમ અવસ્થા આત્મા-પરમાત્માનો સાક્ષાત્કાર કરવા માટેની પૂર્વભૂમિકા છે. પ્રભુના સ્વરૂપના ધ્યાનના ગહન અભ્યાસથી પ્રાપ્ત થયેલી ઉપશમ અવસ્થા જ્યારે અસંપ્રજ્ઞાત સમાધિમાં, નિર્વિકલ્પ સમાધિમાં પરિણમે, ત્યારે પ્રભુનો સાક્ષાત્કાર થાય છે.

જાગૃત, સ્વપ્ન અને સુષુપ્તિ અવસ્થાથી પર તુરીય અવસ્થા છે. આ અવસ્થાઓ અનુક્રમે સ્થૂળ, સૂક્ષ્મ અને કારણશરીરની સત્વ, રજ અને તમ એમ ત્રણ ગુણાત્મક અવસ્થાઓ છે. તુર્યાવસ્થા એ સ્થૂળ-સૂક્ષ્મ-કારણશરીર, જાગૃત-સ્વપ્ન-સુષુપ્તિ એ ત્રણ અવસ્થાઓ તથા સત્વ, રજ ને તમ એ ત્રણ ગુણોથી પર ગુણાતીત અવસ્થા છે. ત્રણ શરીરથી પર ઈશ્વરકોટિથી લઇ મૂળઅક્ષરકોટિ પર્યંતના ઐશ્વર્યસુખના રાગરૂપ મહાકારણશરીર છે. તે મહાકારણશરીરની અવસ્થા તે તુર્યાવસ્થા છે. આત્મા-પરમાત્માના સાક્ષાત્કારરૂપ એવી આત્યંતિક સ્થિતિ પ્રાપ્ત કરવા માટે તુર્યાવસ્થા વિઘ્નરૂપ બને છે. તુર્યાવસ્થા ઓળંગવા માટે ઐશ્વર્યની સઘળી ઈચ્છાઓનો

ત્યાગ કરી, પ્રભુના સ્વરૂપ સિવાયની બીજી બધી જ ઈચ્છાઓથી રહિત નિષ્કામ-નિર્વિકલ્પ થવું સાધક માટે અતિ અનિવાર્ય છે.

હવે ચાર શરીરની વિગત જોઈએ. (૧) સ્થૂળશરીર – પ્રમાણ ઔટહાત (લગભગ સાડાત્રણ હાથ), રક્ત વર્ણ, નેત્રસ્થાન, જાગૃત અવસ્થા, સંજ્ઞાઃ વિશ્વાભિમાની, માત્રા 'અ' કાર (૨) સૂક્ષ્મશરીર—અંગૂષ્ટ પ્રમાણ, શ્વેત વર્ણ, કંઠસ્થાન, સ્વપ્નાવસ્થા, સંજ્ઞાઃ તૈજસાભિમાની, માત્રા 'ઉ' કાર (૩) કારણશરીર—પર્વાર્ધ (ટચલી આંગળીના અર્ધા વેઢા જેટલું) પ્રમાણ, કૃષ્ણ વર્ણ, હૃદયસ્થાન, સુષુપ્તિ અવસ્થા, સંજ્ઞાઃ પ્રાજ્ઞાભિમાની, માત્રા 'મ' કાર (૪) મહાકારણ શરીર—મસુર (મસુરના દાણા જેટલું) પ્રમાણ, નીલ વર્ણ, સહ્સ્રાર સ્થાન, તુર્યાવસ્થા, સંજ્ઞાઃ તુર્યાભિમાની, માત્રા 'અર્ધ માત્રા'. આ ચારેય દેહ, ચારેય અવસ્થાઓ, ત્રણ ગુણ, આ બધાથી સાધક જ્યારે પર થાય, ત્યારે જ પરમાત્માનો સાક્ષાત્કાર સંભવી શકે છે. (૯)

જેને પરમાત્માનો સાક્ષાત્કાર કરવો હોય, તેણે તેને માટેની ભૂમિકા તૈયાર કરવી પડે. પાત્રતા વગર કોઈ સિદ્ધિ મળવી શક્ય નથી. મુમુક્ષુ સાધકની ઉપર મુક્તનો રાજીપો હોય તો પણ પાત્રતા વગર મુક્ત તેને પ્રભુના સ્વરૂપનો સાક્ષાત્કાર નથી કરાવતા. સાક્ષાત્કાર પાત્રતા સિવાય જીરવી શકાતો નથી. મુક્ત મુમુક્ષુને પાત્ર થવા માટે બધું માર્ગદર્શન





આપે તથા સહાય તેમજ રક્ષા પણ કરે, પરંતુ પાત્રતા કેળવવાની જવાબદારી તો સાધકની પોતાની રહે છે. (૧૦)

શ્રીજીમહારાજ અને મુક્ત પૃથ્વી ઉપર મનુષ્યરૂપે વિરાજતા હોય એ વખતે એમને જે કંઈ પદાર્થ જમવા માટે આપીએ, ત્યારે કદાચ થોડી ઘણી અશુદ્ધિ રહી ગઈ હોય, તો પણ તેઓ તે પદાર્થ ઉપર દિવ્યદૃષ્ટિ કરીને તેને નિર્ગુણ-દિવ્ય કરીને જમે છે. જમાડનારને તેનું અલૌકિક ફળ પણ મળે છે, પરંતુ પ્રભુ અથવા પૂર્ણમુક્ત મનુષ્યરૂપે ન હોય અને પ્રતિમાસ્વરૂપે બિરાજતા હોય, ત્યારે તનમનથી અતિ પવિત્રપણે ને દિવ્યભાવ સાથે તૈયાર કરેલું ભોજન હોય, તો જ પ્રભુ તેને સ્વીકારે છે અને તેનું મહદ્ ફળ આપે છે. પરંતુ શારીરિક ને માનસિક અશુદ્ધિ સાથે અપવિત્રપણે તૈયાર કરેલું ભોજન પ્રભુ પ્રતિમાસ્વરૂપે હોય ત્યારે સ્વીકારતા નથી. માટે પ્રતિમાસ્વરૂપની સેવા-પૂજામાં તનમનની પવિત્રતાની અતિ આવશ્યકતા રહે છે. ઈન્દ્રિયો-અંતઃકરણની સંપૂર્ણ શુદ્ધિ હોય ત્યારે જ ભાવશુદ્ધિ થાય અને એવો શુદ્ધ ભાવ જ પ્રભુ ગ્રહણ કરે છે. કારણ કે પ્રતિમાસ્વરૂપે રહેલા પ્રભુ પદાર્થને નહીં, પરંતુ પદાર્થ પાછળ રહેલા શુદ્ધ ભાવને જ સ્વીકારે છે. કેટલાક પ્રસંગે ભક્તના અતિ પ્રેમને વશ થઈ પ્રતિમા દ્વારા પોતાનું પ્રત્યક્ષપણું બતાવીને પદાર્થને ગ્રહણ કરતા પણ જણાય છે, એવી ઘટના કવચિત્ જ ઘટતી હોય છે. (૧૧)

સર્વોપરી પરમાત્મા ભગવાન સ્વામિનારાયણ પોતે પણ

પોતાના મહિમાનો પાર પામતા નથી એમ પોતે કહે છે. તેમાં પરમાત્મા અસમર્થ છે એમ કહેવાનું તાત્પર્ય નથી, પરંતુ એ તેમના મહિમાનું અપારપણું દર્શાવે છે. પ્રભુનું માહાત્મ્ય જાણવાનું જાણપણું પણ અપાર છે. પ્રભુની જાણપણારૂપ જ્ઞાતાશક્તિ અને તેમના સ્વરૂપનો મહિમા, આ બંને અપાર હોવાથી તેઓ એમ કહે છે કે મારા મહિમાનો પાર હું પણ પામતો નથી. ધારો કે પોતાના મહિમાનો પાર પોતે પામે છે એમ જો પ્રભુ કહે, તો પણ તેમાં બાધ આવે. કારણ કે અપારનો પાર પામી જવાય તો અપાર કેવી રીતે કહી શકાય? માટે એમ નથી બોલતા! (૧૨)

વચનામૃતમાં શ્રીજીમહારાજે પોતાને સર્વોપરી પૂર્ણપુરુષોત્તમ તરીકે વર્ણવ્યા છે અને ક્યારેક પોતાને અનાદિમુક્ત તરીકે ગણ્યા છે, એટલે શ્રીજીમહારાજ અનાદિમુક્તરાજ છે. અનાદિમુક્તરાજનો ખરો અર્થ સર્વે અનાદિમુક્તોના રાજા, એટલે સ્વામી એવા પૂર્ણપુરુષોત્તમ ભગવાન સ્વામિનારાયણ એવો અર્થ ઘટાડવો જોઈએ. શ્રીજીમહારાજ તો અનાદિના નિત્યમુક્ત છે જ, પણ તેમનું ધ્યાન-ભજન કરીને તેમનું પ્રેમાદ્વૈત દ્વારા પરમસાધર્મ્ય પ્રાપ્ત કરેલા મુક્તોને પણ અનાદિમુક્ત કહેવાય છે. કારણ કે એ દિવ્યસ્થિતિમાં હું પહેલા આમ હતો ને હવે આમ થયો, એવું રહેતું નથી. સદાય પ્રભુરૂપ એવો પ્રભુના સ્વરૂપ સાથે રસબસ રહેલો અનાદિમુક્ત જ છું, એમ અખંડ અનુભવાય છે. એવો





અખંડ દિવ્ય અનુભવ એ જ અનાદિમુક્તની સ્થિતિ છે. (૧૩)

'ब्रह्माहं स्वामिनारायण दासोस्मि' અત્રે બ્રહ્મ અર્થાત્ પરબ્રહ્મ પુરુષોત્તમરૂપ, અનાદિમુક્ત એવો હું શ્રીજીમહારાજનો દાસ છું, એવા દિવ્યભાવ સાથે અખંડ ધ્યાન-ભજન-જપ-તપ વગેરે પ્રભુપ્રસન્નતાના સાધન કરવાં. આ મંત્ર મુક્તરાજ નારાયણભાઈએ પોતે આપેલો છે. (૧૪)

જ્યારે પરમાત્માના સ્વરૂપનો સાક્ષાત્કાર થાય, ત્યારે અથવા દેહના અંતકાળે શ્રીજીમહારાજને કે મુમુક્ષુજીવને જવું આવવું પડતું નથી, પરંતુ જેમના દ્વારા આશીર્વાદ મળ્યા હોય એવા અનાદિમુક્ત મહારાજ અને જીવની વચ્ચે રહેલો માયાના આવરણનો પડદો દૂર કરી ચૈતન્યનો મૂર્તિમાં પ્રવેશ કરાવે છે. (૧૫)

બધું વાચ્યાર્થ જ્ઞાન દલીલ કે ચર્ચા પૂરતું ઠીક છે, પરંતુ તે અજ્ઞાન જ છે. તે કેવળ બાહ્યવૃત્તિથી એકઠી કરેલી માહિતી માત્ર જ છે. તે એકઠું કરેલું બધું જ્ઞાન ભૂલવાનું છે. તે ભૂલીને અંતરવૃત્તિ દ્વારા પ્રતિલોમપણે પ્રભુના સ્વરૂપનું ધ્યાન કરે, ત્યારે સાક્ષાત્કાર થઇ સત્ય જ્ઞાન અને સર્વજ્ઞતા પ્રગટે છે. (૧૬)

છતે દેહે પ્રભુનો સાક્ષાત્કાર કરવો છે એવી ઈચ્છા રહે, તો તે પણ સાધકને બાધક બને છે. કારણ કે એવી ઈચ્છા રહે તો જ્યાં સુધી છતે દેહે સાક્ષાત્કાર ન થાય, ત્યાં

સુધી દેહ ધરવા પડે. કોઈ પણ સંકલ્પ શુભ હોય કે અશુભ હોય, નાનો હોય કે મોટો હોય, તે જન્મ ધરવાનું કારણ બને છે. અને દિવ્ય સ્થિતિ પ્રાપ્ત કરવામાં વિઘ્નરૂપ થાય છે. માટે પોતાના બધા ઠરાવ અને સંકલ્પ પડ્યા મૂકી પ્રભુપ્રસન્નતાના સાધન કર્યા કરવાં એ જ સાધકનું કર્તવ્ય છે. (૧૭)

શ્રીજીમહારાજની દરેક પ્રતિમા સાકરના નાળિયેરની જેમ પ્રસાદીની જ છે, પણ જે પ્રતિમાસ્વરૂપમાં સિદ્ધ અનાદિમુક્ત દિવ્યસંકલ્પ મૂકીને પ્રાણ પ્રતિષ્ઠા કરે, ત્યારે તે સ્વરૂપમાં પરમાત્માનો આવિર્ભાવ થાય છે. તે સ્વરૂપમાં દૈવત પ્રગટે છે. એવા પ્રતિમાસ્વરૂપ દ્વારા ભગવાન ભાવિક ભક્તોના મનોરથો પૂર્ણ કરે છે. (૧૮)

મુક્તપુરુષે કોઈકને મૂર્તિમાં રાખવાના આશીર્વાદ આપ્યા હોય, પણ જ્યાં સુધી બાધિતાનુવૃત્તિના આવરણો હોય અર્થાત્ પૂર્ણ પાત્રતા ન હોય, ત્યાં સુધી પ્રભુના દિવ્યસુખનો અનુભવ નથી થતો. જેમ કોઈને આખા શરીરે પાણીથી પલળે નહીં એવું બખ્તર waterproof jacket પહેરાવીને પાણીના હોજમાં મૂક્યો હોય, તો તેને પાણીની ઠંડકનો અનુભવ થતો નથી તેમ. પછી જ્યારે તે બખ્તર પોતે કાઢવા પ્રયત્ન કરે અને કોઈ તેને કાઢવામાં મદદ કરે તો બખ્તર નીકળીને પાણીની ઠંડકનો અનુભવ થાય. તેમ મુમુક્ષુ સાધક મુક્તના આશીર્વાદ મળ્યા પછી પોતે પાત્ર થવા પ્રયત્ન કરે, તો મુક્ત તેને પાત્ર થવામાં સહાય કરી બાધિતાનુવૃત્તિના બધા આવરણો ટાળી નાંખે,





એટલે પ્રભુના દિવ્યસુખનો યથાર્થ અનુભવ થાય છે. (૧૯)

વ્યક્તિને મલિન વાસના હોય અને તેની તીવ્રતા મૃત્યુ સુધી રહે, તો તેને ભૂતનો કે પ્રેતનો દેહ આવે અને ક્યારેક સેંકડો-હજારો વર્ષો સુધી પણ તેમાંથી છૂટકો થાય નહિ. તે મલિન વાસના ખાસ કરીને વિજાતીય ભોગની હોય, એટલે પુરુષને સ્ત્રીની અને સ્ત્રીને પુરુષની હોય તો ઉપર્યુક્ત ફળની પ્રાપ્તિ થાય છે. પરંતુ મુક્તના શરણે જઈને તેમની કૃપા મેળવી મલિન વાસના ટાળવાનો સંનિષ્ઠ પ્રયત્ન કરે તો તેમાંથી ઉગરીને મોક્ષને પામી શકે. (૨૦)

મનુષ્ય જેમ જેમ વધારે વિષય ભોગવે, તેમ તેમ તેના સંસ્કારો ચિત્તમાં વધુ ને વધુ દૃઢ થતા જાય. પછી તેનું વ્યસન થઈ જાય અને તેમાંથી નીસરવું ઘણું મુશ્કેલ બને. માટે જાગૃત રહી એ માર્ગ જ બંધ કરી દેવો. અને એ જ ખરી તપશ્ચર્યા છે. (૨૧)

અનાદિમુક્તરાજ સ.ગુ. ગોપાળાનંદ સ્વામીને શ્રીજીમહારાજે અક્ષરધામની સભાથી પણ પર કહ્યા છે. કારણ કે અનાદિમુક્તની પ્રભુનું સુખ લેવાની ગતિ-સામર્થી બીજા સિદ્ધ મુક્ત કરતાં અનેકગણી વિશેષ હોય છે. અનાદિમુક્ત મળ્યા વગર કૂદકો લઈને પ્રભુનું સુખ કોઇથી લઇ શકાતું નથી. કારણ કે અનાદિમુક્ત દ્વારા જ આત્યંતિક કલ્યાણ કરવાનો મહારાજનો મૂળ સંકલ્પ છે. તેથી પોતે પોતાના વહાલા અનાદિમુક્તોનો મહિમા ગાય છે કે ‘સંત તે સ્વયં

હરિ' અનાદિમુક્તો અમારા તુલ્ય જ છે. એવા અનાદિમુક્તો અને મહારાજને સ્વામી-સેવકભાવ અખંડ છે. એવા મુક્ત દ્વારા મહારાજને જેટલું કાર્ય કરવાનો સંકલ્પ હોય, તેટલું જ કાર્ય તે મુક્ત દ્વારા કરે છે. (૨૨)

અવરભાવમાં નાની નાની બાબતમાં મુક્તો મહારાજની મરજી જાણવા ઈચ્છતા નથી, કારણ કે અવરભાવની ક્રિયાઓ તથા પ્રકૃતિના નિયમમાં કેટલાક ફેરફારો વગેરે પ્રભુની અન્વયશક્તિ દ્વારા થયા જ કરતા હોય છે. પરમાત્મા ઈચ્છે ત્યારે પોતાના વિશિષ્ટ સંકલ્પથી અન્વયશક્તિ દ્વારા ફેરફાર કરી કાર્ય કરે છે. તે કર્તા થકા અકર્તા અને અન્યથાકર્તાપણે પણ વર્તે છે. અમુક વિશિષ્ટ સંજોગોમાં જ પોતે રચેલી સૃષ્ટિમાં ફેરફાર કરે છે, પરંતુ બિનજરૂરી હસ્તક્ષેપ કરતા નથી. (૨૩)

શ્રીજીમહારાજની સાથે મુક્તનું ધ્યાન થઇ શકે, કારણ કે સપાર્ષદ ધ્યાન એ ધ્યાનનો એક પ્રકાર છે. મુક્ત દ્વારા પ્રેરણા અને યથાર્થ જ્ઞાન મળવાથી સાધનાપથ પર જલદી પ્રગતિ સાધી શકાય છે. ધ્યાનમાં આગળ ગતિ થતાં મુક્તનું સ્વરૂપ મહારાજના સ્વરૂપમાં લીન થઇ જાય છે. પછી એક મહારાજ જ રહે છે. સાધકે પ્રભુનું ધ્યાન કરતાં પહેલાં અનાદિમુક્તને સંભારીને સહાય તેમજ માર્ગદર્શન માટે પ્રાર્થના કરીને પછી પ્રભુનું ધ્યાન કરવું. તેથી ધ્યાન નિર્વિઘ્ને સરસ રીતે થઈ શકે. ધ્યાન કરતાં પહેલાં મુક્તને સંભારવાથી ધ્યાનમાં નડતા કેટલાક વિક્ષેપો ને આવરણો દૂર થાય છે





અને મહારાજની અતિ પ્રસન્નતા થાય છે, કારણ કે મુક્તો મહારાજને પોતાના સ્વરૂપ કરતાં પણ વિશેષ વહાલા છે. મહારાજ તથા મુક્તની ભેળી પૂજા-આરતી, માનસી પૂજા થતી હોય ત્યારે તેને પ્રભુ સ્વીકારે છે, ગ્રહણ કરે છે. કારણ કે આરતીમાં અને પૂજામાં શરણાગતિનો ભાવ રહેલો છે. તે શરણાગતિ કેવળ સ્વામીને વિષે જ હોય, તેથી તેવી પૂજા-આરતીનો ભાવ પ્રભુ પોતે ગ્રહણ કરે છે. મુક્તો પ્રભુની સાથે જ હોવા છતાં સેવક ભાવે હોવાથી તે ભાવને ગ્રહણ કરતા નથી. તેઓ પ્રભુને થતી પૂજા-આરતીનું દિવ્યસુખ જ માણે છે. આ વાતની અનુભવીને જ ખબર પડે છે. માટે મહારાજ ભેળી મુક્તની પૂજા-આરતી થતી હોય તો તેમને વિષે દોષ પરઠવો જોઈએ નહીં. દોષ પરઠવાથી પ્રભુનો અપરાધ થાય છે. આવી વાતો સાધકે લક્ષ્યમાં લેવી જોઈએ, જેથી સાધનામાં કોઈ વિઘ્ન ન આવે. (૨૪)

અનાદિમુક્તની દૃષ્ટિએ પ્રભુનું અખંડ સાક્ષાત્કાર દર્શન એ પણ અધૂરી સ્થિતિ છે. કારણ કે અખંડ દર્શનનો સંકલ્પ પણ ટાળવાનો છે. અનાદિમુક્તની સ્થિતિમાં મુક્તની પ્રભુ સાથે જલતરંગવત્ એકતા છે. એવી સ્થિતિમાં નોખા દર્શન કરવાના રહેતા નથી, એ સ્થિતિમાં દર્શન, સુખ, આનંદ બધું એકમેક હોય છે ભૌતિક ભાવની જેમ જુદું જુદું નથી. પ્રભુરૂપ થઇ પ્રભુનું અખંડ દિવ્યસુખ જ અનુભવાય છે. (૨૫)

ભક્તના કારણશરીરની વાસના ટાળવા ભગવાન ક્યારેક

તેને મોટો મંદવાડ ભોગવાવે છે. તેને બીજા જીવ પાપી સમજે તો તેને દોષ લાગે છે ને તેનું ફળ પણ ભોગવવું પડે છે. કેટલાક લાંબી બીમારી ન ભોગવવી પડે એટલા માટે હાર્ટઍટેકથી (હૃદય રોગના હુમલાથી) મૃત્યુ ઈચ્છે છે, પણ તેવી જાતના મૃત્યુથી કારણશરીરની વાસના રહી જાય છે. પરંતુ જેની ઉપર મુક્તની કૃપા થઈ આશીર્વાદ મળ્યા હોય તેનું પૂરું થઈ અને મહારાજના સુખને પામે. મોટો મંદવાડ ભોગવવાથી ભક્ત પોતાના સગા-સંબંધીઓ, પદાર્થો, તથા પોતાના દેહમાંથી પણ આસક્તિએ રહિત થઈ શકે છે. એટલે મોટા મંદવાડને અભિશાપરૂપ ન ગણતાં, પ્રભુનો રાજીપો સમજાય તો એ સમજણનું અંગ કહેવાય. (૨૬)

ચૈતન્ય ઉપર અજ્ઞાન-અવિદ્યાના, કર્મ સંસ્કારોના એમ અનંત આવરણો રહેલાં છે તેનો પાર નથી, તે કાઢવા પણ અતિ મુશ્કેલ છે. પરંતુ પ્રભુ તથા તેમના મુક્ત સાથે હેત રાખે, તેમની આજ્ઞા-અનુવૃત્તિમાં રહી તેમનો જોગ-સેવા-સમાગમ કરી અને પ્રભુપ્રસન્નતાના સાધન કર્યા કરે, તો મુક્ત બધા આવરણો ટાળી તેને સુખિયો કરી દે છે. (૨૭)

શ્રીજીસમકાલીન સંતો ક્યારેય નવરા ન રહેતાં જીવોને મહારાજના સ્વરૂપનું જ્ઞાન આપવા દેહના અંત સુધી મંડ્યા રહેતા. એમ સાધકે આળસ-પ્રમાદનો ત્યાગ કરી આધ્યાત્મિક પ્રગતિ સાધવા સતત પ્રયત્નશીલ રહેવું જોઈએ. (૨૮)

મુક્તને દેહ ત્યાગ કરવો હોય અથવા મહારાજને કોઈ





હરિભક્તનો દેહ મૂકાવવો હોય તો ગમે તે પ્રકારે દેહ પડવાની લીલા બતાવે છે. જેમ કે સીડી ઉપરથી પડી જવું, કોઈક અકસ્માત થવો, કોઈક પ્રકારની નાની મોટી બીમારી વગેરે જણાવીને દેહ ત્યાગ કરાવે છે, તેમાં અયોગ્ય સંકલ્પ કરવો હિતાવહ નથી. તેવો સંકલ્પ સાધકને હાનિકારક નીવડે છે. (૨૯)

મહારાજ અને મુક્તની જેની પર ખરી કૃપા થાય, તેને તો પ્રભુ ઢસરડીને પણ પોતાના સુખમાં લઈ જાય છે, અર્થાત્ પરાણે પોતાનું સુખ પમાડે એવા અતિ દયાળુ છે. પરંતુ જે પુરુષાર્થ કરીને પાત્ર થાય, તેની ઉપર જ એવી કૃપા થાય એવો પ્રભુનો સિદ્ધાંત છે. પછી નિષ્કામવ્રતની મહત્તા સમજાવતાં મુક્તરાજે કહ્યું કે નિષ્કામવ્રત સિદ્ધ કર્યા વગર કોઈ મોટું કાર્ય સિદ્ધ થઈ શકતું નથી. નિષ્કામવ્રત તો આત્યંતિક કલ્યાણમાર્ગનો પાયો છે. આત્મા-પરમાત્માનો સાક્ષાત્કાર કરવા માટે નિષ્કામવ્રત અતિ અનિવાર્ય છે, તેના વગર પાત્રતા સંભવતી નથી, આ સિદ્ધાંત વાત છે. તેથી જ દરેક ધર્મમાં નિષ્કામવ્રતને અતિ અગત્યનું સાધન ગણેલું છે. (૩૦)

જીવોની વિવિધ પ્રકારની ગતિ પોતાના કર્મો અનુસાર થાય છે. પુણ્યશાળી આત્માને તરત જ સારી જગ્યાએ જન્મ મળે છે. કેટલાક જીવોને થોડોઘણો વખત સૂક્ષ્મશરીરમાં પણ રહેવું પડતું હોય છે. સૂક્ષ્મસૃષ્ટિમાં પણ અનેક પ્રકારની

ભૂમિકાઓ છે. જીવના કર્મ પ્રમાણે જે તે ભૂમિકામાં પ્રવેશ થાય છે. પુરુષ હોય તે મોટે ભાગે પુરુષ થઈને જન્મે છે અને સ્ત્રી હોય તે સ્ત્રી રૂપે, કારણ કે જીવને સ્ત્રીદેહ કે પુરુષદેહ સાથેની દેહાત્મબુદ્ધિ દૃઢ થઇ ગઈ હોય છે. મનુષ્યનું મૃત્યુ થાય એટલે ફરી મનુષ્ય દેહ જ મળે એવું નથી. ક્યારેક તેની ચેતનાનું પતન થવાથી લખચોરાશીમાં પણ ભટકવું પડે. પાપ-પુણ્ય કર્મોના હિસાબે ઊંચનીચ દેહની પ્રાપ્તિ થાય છે. મુક્તપુરુષના દ્રોહરૂપ પાપથી ક્યારેક ઝાડપાનનો, પશુ-પક્ષીનો અથવા પર્વતનો દેહ પણ આવે. આમ કર્મની ગતિ અતિ ગહન છે.

શરીરમાં અનંત જીવંત cells-કોષ હોય તે એક જ ચૈતન્યની ચેતનાથી ચેતનવંતા હોય છે, પણ તે કોષોમાં બીજા જીવો હોતા નથી. શરીરમાં રહેલ પરજીવી વાઇરસ, બેક્ટેરિયા વગેરે રોગાણુંઓમાં જુદા જુદા જીવો હોય છે. પરંતુ શરીરના કોષોમાં જુદા જુદા જીવો હોતા નથી. જે જીવને પોતાના પ્રારબ્ધકર્માનુસાર જે શરીર પ્રાપ્ત થયું હોય તે જીવનું શરીરમાં dominance મુખ્યપણું હોય છે. એ શરીર દ્વારા તે જીવને સુખ-દુઃખની અનુભૂતિ થાય છે. (૩૧)

જે હરિભક્તને મોટા પુરુષે છેલ્લા જન્મના આશીર્વાદ આપ્યા હોય તેને અંતકાળે મહારાજ મુક્તોએ સહિત દર્શન આપે, તો પણ જો શ્રદ્ધામાં કાચપ હોય અને કારણશરીરની વાસના બળી ન હોય તો તે સૂક્ષ્મસૃષ્ટિમાં રહી જાય છે.





બોલતા ચાલતા જાગૃત રહીને દેહ મૂકે અથવા સ્વપ્ન કે સુષુપ્તિમાં રહીને દેહ મૂકે, પરંતુ કારણશરીરમાંની વાસના-ઇચ્છા-સંકલ્પ નષ્ટ ન થયા હોય અને તેમાં રાગ-દ્વેષના સંસ્કાર રહ્યા હોય તો મૂર્તિના સુખને ન પામે. સૂક્ષ્મસૃષ્ટિમાં રહી સૂક્ષ્મદેહે કર્મભોગ ભોગવે અથવા તો ફરી જન્મ ધરે કે ભગવાનની કૃપાથી સૂક્ષ્મશરીરમાંથી સીધો જ મોક્ષને પામે. સ્થૂળ-સૂક્ષ્મશરીર જન્મ ધરવામાં નિમિત્ત બનતા નથી, પણ કારણશરીર જ પુનર્જન્મ થવામાં નિમિત્ત બને છે. કારણશરીરથી સૂક્ષ્મ અને સ્થૂળ શરીર ઉદય થાય છે. જેમ વટવૃક્ષનું કારણ નાનું બીજ હોય છે અને તેમાંથી જ મોટું વટવૃક્ષ બને છે તેમ.

અનંત જન્મ સુધી જપ-તપ, દાખડા-સાધન કરે, પણ ભગવાન અથવા તેમના અનાદિમુક્તની કૃપા ન ઊતરે ત્યાં સુધી છેલ્લો જન્મ થઇ આત્યંતિક મોક્ષ ન થાય. જ્યારે મુક્તની આજ્ઞા-અનુવૃત્તિમાં રહી જોગ-સેવા-સમાગમથી તેમની પ્રસન્નતા પ્રાપ્ત કરે, તો જ તેમની કૃપા ઊતરે અને એવી કૃપાથી જ કારણશરીર નાશ પામે છે. બાકી બીજા કોટિ સાધને કરીને કારણશરીર બળે નહિ. કેટલાક યોગીઓ અથાક પ્રયત્ન કરે છે, તો પણ મુક્તપુરુષની કૃપા વગર પ્રભુપ્રાપ્તિ થતી નથી. તેવા યોગી પોતાના સાધનનો ભાર મૂકી, કર્તાપણાનો ભાવ તથા અહંકાર મૂકી પ્રભુને તથા સત્પુરુષને શરણે જાય, ત્યારે જ તેમની કૃપા દ્વારા કારણશરીર નાશ પામે છે.

સત્પુરુષની કૃપા મળ્યા પછી તેમાં ક્યારેય અશ્રદ્ધા કરવી નહિ, નહિ તો જેમ કોઈકને કોઈ વ્યક્તિ વહાણમાં બેસાડીને સમુદ્ર પાર કરાવતી હોય, પણ તે વહાણમાંથી પોતાની મેળે જ કૂદકો મારી પડી જાય તો સમુદ્રને પાર કરી શકે નહીં. તેમ શ્રદ્ધા વગર કૃપા ઝીલી શકાતી નથી, એટલે મોક્ષ થવામાં વિલંબ થઇ જાય છે. જેમ વીજળીના તારમાંથી વીજળી પસાર થતી હોય, પણ તાર વચ્ચેથી કાપી નાંખે તો વીજપ્રવાહ બંધ થઇ જાય. જ્યારે તારને ફરી સાંધે, ત્યારે પ્રવાહ શરૂ થાય. માટે શ્રદ્ધાના તાર વડે કૃપાને સાંધે તો કારણશરીર બળે ને મોક્ષ થાય. કરોડોની મિલકતમાં કે એક પૈસાની તુચ્છ વસ્તુમાં વાસના રહી જાય તે બંને સરખું છે. એવી વાસના ભૂત-પ્રેતાદિકનો દેહ ધરાવી દે છે. સૂક્ષ્મસૃષ્ટિમાં પણ ઉચ્ચ ગતિને પામેલા જીવો uplifted soul હોય છે. તે કોઈને હેરાન પરેશાન કરતા નથી, પણ મદદ કરે છે. એવા દિવંગત જીવાત્માને પણ જો તેમના સગા-સંબંધી સંભારે નહિ અને તેમાંથી આસક્તિ ટાળીને પ્રભુને સંભારે તો તેવા સૂક્ષ્મદેહધારી પણ વૈરાગ્ય પામી મોક્ષ માર્ગે ગતિ કરે છે. પરંતુ તે આત્માને તેના સગા-સંબંધી વારંવાર સંભાર્યા કરે, તો તેને સગા-સંબંધીમાંથી હેત ન ટળે. હેત છે તે જ માયા છે. એવી આસક્તિથી બંધાયેલા તે આત્માને મોક્ષમાં વિલંબ થઇ જાય છે.





ગુરુવર્ય મુક્તરાજે સૌરાષ્ટ્રના એક કુટુંબની વાત કરી કે ઘરના બધા ભગવાન ભજતા તથા સેવા-સમાગમ પણ કરતા, પરંતુ તીવ્ર વાસનાને લઈને મૃત્યુ પછી બધાની અવગતિ થઇ. પછી અ.મુ.સ.ગુ. વૃંદાવન સ્વામીએ કૃપા કરીને બધાનો મોક્ષ કર્યો. તેમાં પણ જે વધારે વાસનિક જીવ હતો તેને મોક્ષમાં વિલંબ થયો હતો. (૩૨)

પ્રભુની દિવ્ય કૃપા, સુખ, આનંદ વગેરે પર્યાયવાચી શબ્દો છે. સાપેક્ષ ભૂમિકામાં બધું જુદુંજુદું લાગે છે, પરંતુ નિરપેક્ષ ભૂમિકામાં, દિવ્ય સ્થિતિમાં નરી દિવ્યતા સિવાય બીજા કશાનું અસ્તિત્વ જ નથી. (૩૩)

સૂક્ષ્મશરીરમાં રહેલા જીવાત્માને સમજણ તથા જ્ઞાન હોય તે ભ્રાંતિએ યુક્ત ને અસ્પષ્ટ હોય છે. સ્થૂળ દેહની જાગૃત અવસ્થામાં જેવું સ્પષ્ટ જ્ઞાન હોય તેવું નથી હોતું. કારણ કે જાગૃત અવસ્થાને સ્થૂળદેહ સાથે, સ્વપ્નાવસ્થાને સૂક્ષ્મદેહ સાથે અને સુષુપ્તિ અવસ્થાને કારણદેહ સાથે એકતા છે. સૂક્ષ્મદેહમાં રહેલા જીવાત્માને ખાધા-પીધા વગર ચાલે, કારણ કે સ્થૂળદેહની જેમ સૂક્ષ્મદેહમાં ખોરાક દ્વારા પોષણની જરૂર હોતી નથી, પરંતુ દેહાત્મબુદ્ધિને લઈને ભૂખ-તરસનો અનુભવ થાય છે. સૂક્ષ્મદેહધારી ખાવાની ઈચ્છા હોવા છતાં સ્થૂળ ભોજનપદાર્થ ગ્રહણ કરી શકતો નથી. જીવ જો સ્થૂળદેહમાં લંગડો હોય, તો મૃત્યુ પછી સૂક્ષ્મદેહમાં લંગડા રહેવાની જરૂર હોતી નથી, તો પણ તેને એમ જ અનુભવાય

છે કે તે લંગડો છે. એનું કારણ તેની તીવ્ર દેહાત્મબુદ્ધિ છે. સૂક્ષ્મદેહધારીને કોઈમાં શ્રદ્ધા કે વિશ્વાસ પણ બરોબર હોતા નથી. તે કદાચ મુક્તના દર્શન કરે તો પણ અશ્રદ્ધાને કારણે મુક્તમાં દિવ્યભાવ ન થતાં પ્રભુના સ્વરૂપમાં જોડાઈ શકતો નથી.

તે ઉપર મુક્તરાજે બાપાશ્રીને મળેલા એક હરિભક્તની વાત કરી કે તેને ભગવાનમાં પ્રેમ તથા મહિમા હતા. તેણે જ્યારે દેહ મૂક્યો, ત્યારે ભગવાન અને મુક્તના દર્શન થયા, પણ તે પ્રભુના સ્વરૂપમાં જોડાઈ શક્યો નહિ. કારણ કે તેને તેની પત્નીમાં અતિશય આસક્તિ રહી ગયેલી તેથી અવગતિ થઇ. મોટા મોટા મુક્તોએ તેને સમજાવીને મોક્ષ આપવા પ્રયત્ન કર્યો, છતાં પણ અતિ તીવ્ર વાસનાને લઈને 'મારે મોક્ષ નથી જોઈતો, મારે તો આમ જ રહેવું છે.' એમ કહી મોક્ષ માટે ના પાડી દીધી. હજી પણ તેનું અધૂરું છે. માટે વાસના-આસક્તિ અતિ બંધનકારી છે. તેને દૃઢ સમજણે કરીને પ્રભુ તથા મુક્તના વચનનું બળ રાખી ટાળી નાંખવા અને મૃત્યુ પહેલાં જ બરોબર નિર્વાસનિક થઇ જવું, નહિ તો મોક્ષમાં વિલંબ થઇ જાય. માટે પ્રભુના સ્વરૂપ સિવાય સગા-સંબંધી કે અન્ય ભૌતિક પદાર્થ વગેરેમાંથી સંપૂર્ણપણે નિરાસક્ત થઇ પ્રભુના સ્વરૂપમાં જ જોડાવાનો નિરંતર અભ્યાસ કરવો. એવા અભ્યાસથી પાત્રતા થઇ મહારાજ અને મુક્તની કૃપા ઊતરે, ત્યારે જ દિવ્યસુખની પ્રાપ્તિ થાય છે. (૩૪)





દરેક પ્રશ્નના વૈજ્ઞાનિક પરિપ્રેક્ષ્યમાં ઉત્તર આપતા શીખવું જોઈએ. તે સંદર્ભમાં એક નિરાકારવાદીએ પૂછેલા પ્રશ્નની વાત કરી. તેણે એમ પૂછ્યું હતું કે કેટલાકને દિવ્ય તેજ દેખાય છે, તો જો તેજમાં પ્રભુની મૂર્તિ હોય તો તેજની સાથે તેઓને મૂર્તિ કેમ દેખાતી નથી? તેના ઉત્તરમાં ગુરુવર્યે જણાવ્યું કે નિરાકારવાદીને આત્મદર્શન થાય, ત્યારે આત્માની નિરાકાર તેજની અનુભૂતિ થતાં કેવળ તેજ દેખાય, પણ પ્રભુની મૂર્તિ ન દેખાય. તેનું કારણ પ્રભુના સાકાર સ્વરૂપની ઉપાસનાની ખામી છે. એવા યોગીને પ્રભુના દિવ્યસાકાર સ્વરૂપ સંબંધી દિવ્યસુખ-ઐશ્વર્યની અનુભૂતિ ન થતાં, તે બ્રહ્મસુષુપ્તિને વિષે લીન થઇ જાય છે. ઉપાસનાના ભેદે કરીને પ્રાપ્તિમાં પણ ઘણો બધો ફેર રહે છે. જેને જે દેવ કે અવતારસ્વરૂપની ઉપાસના હોય, તેને તે સ્વરૂપમાંથી નીકળતા તેજની સાથે પોતાના ચૈતન્યની એકતા થવાથી તે સ્વરૂપની જ પ્રાપ્તિ થાય છે. તેની આગળની કક્ષાએ ગતિ થતી નથી, ત્યાં જ અટકી પડે છે. જેમ સૂર્યના તેજની સાથે આપણી આંખને સંબંધ થાય તો સૂર્યના દર્શન થાય, પણ ચંદ્ર ન દેખાય. ચંદ્ર જોવો હોય તો ચંદ્રના પ્રકાશ સાથે નેત્રનો સંબંધ થવો જરૂરી છે.

દેવો વિભૂતિ અવતારો એ બધા પોતાની પાત્રતા પ્રમાણે સર્વોપરી પરમાત્માની દિવ્ય તેજરૂપ અન્વયશક્તિને ગ્રહણ કરે છે. અને તે શક્તિ દ્વારા અનંત પ્રકારના બ્રહ્માંડના ઉત્પત્યાદિક કાર્યો કરે છે. આ બધાના તેજ કરતાં સર્વોપરી,

સર્વ અવતારના અવતારી એવા પરમાત્મા શ્રી સ્વામિનારાયણ ભગવાનનું તેજ પર ને વિલક્ષણ છે. દિવ્ય તેજ શ્વેત હોવા છતાં તે શ્વેત-શ્વેતમાં ઘણો તફાવત છે. શ્રીજીમહારાજનું શ્વેત તેજ બીજા બધાના તેજ કરતાં અનંતગણું ઉજ્જવલ, દેદીપ્યમાન, શક્તિમાન ને સામર્થ્યવાન ને અનંત-અપાર છે. એ સર્વોપરી પરમાત્માના સર્વોપરી દિવ્ય તેજ સાથે મુમુક્ષુચૈતન્યની એકતા થાય તો જ એ સ્વરૂપની પ્રાપ્તિ થાય છે. બીજા કોઈ અવતારસ્વરૂપના તેજની સાથે ચૈતન્યની એકતા કરવાથી સર્વોપરી પ્રભુની પ્રાપ્તિ શક્ય બનતી નથી. માટે સર્વોપરી આત્યંતિક કલ્યાણ પ્રાપ્ત કરવું હોય, તો સર્વોપરી પરમાત્મા સ્વામિનારાયણ ભગવાનની ઉપાસના કરવી અનિવાર્ય છે. મહારાજના સ્વરૂપને તથા તેમના દિવ્ય તેજને બીજા પ્રકૃતિપુરુષ આદિકના સ્વરૂપ તથા તેમના તેજની ઉપમા કદી આપી ન શકાય. શ્રીજીમહારાજનું સ્વરૂપ તથા તેમનું તેજ, ઐશ્વર્ય, પ્રતાપ, સૌંદર્ય, સામર્થ્ય, અનંત કલ્યાણકારી ગુણો વગેરે સૌથી ન્યારા છે, એમાં સંશયને કોઈ સ્થાન નથી.

આ રીતે સાધકે ભગવાન સ્વામિનારાયણના સર્વોપરી સ્વરૂપની, તેમના તત્ત્વજ્ઞાનની, શુદ્ધ ઉપાસનાની સુંદર રીતે વાત કરતાં શીખવું. એવી રસપૂર્વક વાત કરવી કે એ વાત સાંભળતી વખતે કોઈને ઊઠવાનું મન ન થાય. બીજા દેવો-અવતારોના ચરિત્રો સંબંધી બહુ વાતો ન કરતાં,





શ્રીજીમહારાજના ને તેમના મુક્તોના ચરિત્રોની તથા સર્વોપરી શુદ્ધ જ્ઞાનની વાતો કરવાથી જીવોને સર્વોપરી ઉપાસનાની સવિશેષ દઢતા થાય છે ને એમનો આત્યંતિક મોક્ષ થાય છે. પ્રભુના સ્વરૂપમાં પ્રેમ પ્રગટે, જગત સંબંધી પદાર્થોમાંથી આસક્તિ ઓછી થાય, સાચી સમજણનો વિકાસ થાય, જીવનઘડતરમાં ને ચારિત્ર્યઘડતરમાં ઉપયોગી થાય એવી વાતો કરવી. એમાં મહારાજ અને મુક્તની ઘણી પ્રસન્નતા થાય છે. પ્રભુના જ્ઞાનની વાત કરવામાં પોતાનું કર્તાપણું લાવ્યા સિવાય પ્રસિદ્ધિના રાગ રહિત, કેવળ પ્રભુની પ્રસન્નતા અર્થે વાતો કરવી. એવી વાતોથી પોતાને તથા બીજા અનેકને ખૂબ સમાસ થાય છે. (૩૫)

અનંત બ્રહ્માંડો અસ્તિત્વમાં છે. તે બધા બ્રહ્માંડોનો એક-સામટો પ્રલય નથી થતો. પરંતુ કોઈ એક પ્રકૃતિપુરુષના બ્રહ્માંડના કાર્યનો નાશ થાય છે. ત્યારે એ બ્રહ્માંડના જીવો માયામાં કારણશરીર સાથે કારણ અવસ્થામાં લીન રહે છે. જ્યારે ફરી બ્રહ્માંડની રચના થાય, ત્યારે જીવોને પોતપોતાના કર્મો પ્રમાણે દેહ મળે છે. એમ બ્રહ્માંડોની ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલયનું ચક્ર સદાકાળ ચાલ્યા જ કરે છે. આત્યંતિક પ્રલય એટલે જ્ઞાનપ્રલય. તેમાં શ્રીજીમહારાજ અને તેમના મુક્તોના જ આકાર રહે છે. તે પ્રભુના સાક્ષાત્કારની આત્યંતિક સ્થિતિ છે. એ સ્થિતિમાં મુક્તોને મતે શ્રીજીમહારાજ સિવાય બીજા કોઈનું અસ્તિત્વ રહેતું નથી. (૩૬)

કેટલાક સકામભાવવાળા મુક્તોને પરભાવમાં મહારાજ વાહનરૂપે, વસ્ત્રરૂપે, ચાખડીરૂપે, ફૂલઝાડરૂપે રાખીને તેમની સેવા ગ્રહણ કરીને સુખ આપે છે. જે મુક્તને જેવે જેવે રૂપે મહારાજની સેવા કરવાનો સંકલ્પ હોય, તેવે તેવે રૂપે તે સેવા કરે છે. નિષ્કામ-નિર્વિકલ્પ મુક્તને પ્રભુના દિવ્યસુખ સિવાય બીજું કંઈ જાણપણું રહેતું નથી. અક્ષરધામમાં અનાદિમુક્તો તેમજ પરમ એકાંતિક મુક્તોનો આકાર શ્રીજીમહારાજ જેવો જ દિવ્ય હોય છે. કારણ કે આ મુક્તો શ્રીજીમહારાજ સાથે પ્રેમાદ્વૈત સાધેલા, પ્રભુનું પરમસાધર્મ્ય પ્રાપ્ત કરેલા હોય છે. અમુક ભક્તોને, મુક્તોને અક્ષરધામમાં ગોપાળાનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી વગેરે મુક્તોને જોવાની ઈચ્છા થાય તો મહારાજ તેમને માટે તેવું સંકલ્પમાત્રમાં ગોઠવી દે છે. એ બધા મુક્તો મહારાજની સભામાં બેઠા હોય તેમ જણાય છે. પછી તે બધા સ્વરૂપો મહારાજની મૂર્તિમાં લીન થઇ જાય છે. મહારાજની આવી અકળિત પરભાવની લીલા છે. (૩૭)

આપણા આ બ્રહ્માંડમાં પૃથ્વી પર જીવસૃષ્ટિ છે અને તેમાં ઉત્ક્રાંતિના છેલ્લા પગથિયાંરૂપ મનુષ્યો છે, તેમ બીજા અનંત બ્રહ્માંડોની પૃથ્વીઓ ઉપર જીવસૃષ્ટિ છે અને તેમાં પણ મનુષ્યો છે. તેમની અનેક જાતની મુખાકૃતિઓ અને ભાષાઓ હોય છે. જેમ આપણી પૃથ્વી ઉપર ભારતીય, યુરોપિયન, રશિયન, જાપાનીઝ, ચાઇનીઝ એમ વિવિધ જાતના મનુષ્યો





ને તેમની વિવિધ ભાષાઓ હોય છે તેમ. તે બ્રહ્માંડોમાં પણ આપણા બ્રહ્માંડની જેમ સતયુગ, ત્રેતા, દ્વાપર ને કલિયુગ એમ યુગચક્ર પ્રવર્તે છે. તે બ્રહ્માંડોમાં ભગવાનના અવતારો તથા સર્વે અવતારોના અવતારી સ્વયં પૂર્ણપુરુષોત્તમ નારાયણ અને તેમના સિદ્ધમુક્તોનું પણ પ્રાગટ્ય થાય છે. ત્યાંની માનવજાતિમાં ભગવાન અવતાર ધરે, તો ત્યાં જે સુંદરમાં સુંદર ગણાતા હોય તેવા સૌંદર્યવાન પોતે થાય છે. ત્યાંની વિવિધ ભાષાઓ બોલે છે તથા લીલા-ચરિત્રો પણ ત્યાંના મનુષ્યો જેવા કરે છે. અનંત બ્રહ્માંડોમાંથી પ્રભુ અને મુક્તોના પ્રતાપે આત્યંતિક મોક્ષને પામેલા જીવો મુક્ત થઈને ભગવાનના ધામને અને સુખને પામે છે, ત્યારે બધા પરમાત્માના એક જ સ્વરૂપને પામે છે. પ્રભુના સનાતન નિત્યસ્વરૂપનો આકાર એક જ છે. અને ભાગવતીતનુ પામેલા મુક્તોનો આકાર પણ પ્રભુ જેવો જ દિવ્ય હોય છે. માટે આ બ્રહ્માંડમાં કે બીજા કોઈ પણ બ્રહ્માંડમાં જ્યારે કોઈ મનુષ્યને પ્રભુના વ્યતિરેક સ્વરૂપનો સાક્ષાત્કાર થાય, ત્યારે દરેકને એ એક જ દિવ્યસ્વરૂપનો સાક્ષાત્કાર થાય છે. પરંતુ પ્રભુના વ્યતિરેક દિવ્યસ્વરૂપના આકાર જુદા જુદા નથી હોતા.

અનંત મુક્તો પ્રભુના એક જ નિત્યસિદ્ધ દિવ્યસ્વરૂપ સંબંધી એક જ પ્રકારના દિવ્ય સુખનો અનુભવ કરે છે, તો પણ સૌ મુક્તોને પોતાની ગતિ-સામર્થી પ્રમાણે ઓછું વધુ સુખ અનુભવાય છે. મુક્ત સ્થિતિમાં મહારાજનું સ્વરૂપ ક્યારેક

સ્થિર જણાય છે તો ક્યારેક ચંચળ ને ક્રિયાશીલ જણાય છે. અનંત મુક્તો દ્વારા પણ તેમનું કર્તાપણું હોવાથી તેઓ જ ક્રિયા કરતા જણાય છે, બ્રહ્માંડોમાં અનેકવિધ લીલાઓ કરતા પણ જણાય છે. પરંતુ ભગવાન એક જ જગાએ બેઠા રહે છે એવું નથી. એ તો કર્તા, અકર્તા અને અન્યથાકર્તા છે. આ સ્વરૂપ તે આવું જ છે, એવું કોઈથી કહી શકાય જ નહિ, કારણ કે તે સ્વરૂપ અતિ અકલ્પનીય, અવર્ણનીય ને અકળિત છે. (૩૮)

ઈશ્વરકોટિ, બ્રહ્મકોટિ, મૂળઅક્ષરકોટિ જેઓ પોતાની ચૈતન્ય ભૂમિકાઓમાં દિવ્યસાકાર છે તેમને પણ પોતાના દિવ્યસ્વરૂપનું જ્ઞાન તથા ઉપાસના કરાવી આત્યંતિક કલ્યાણ આપવા શ્રીજીમહારાજ તેમની સાકાર ચેતનાને નિરાકાર કરીને સત્સંગમાં જન્મ ધરાવે છે. તેમને પોતે અથવા પોતાના સિદ્ધમુક્તો દ્વારા પોતાના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન તેમજ ઉપાસના કરાવી, તેમનું પોતાપણાનું માન તથા ઐશ્વર્યોની આસક્તિ ટળાવી આત્યંતિક મોક્ષ કરે છે. (૩૯)

જેમને પૂર્ણપુરુષોત્તમ સર્વોપરી પરમાત્માના સાકાર સ્વરૂપની ઉપાસના થઈ ન હોય, પણ પોતાની યોગસાધનાથી આત્મસ્વરૂપની સ્થિતિ પ્રાપ્ત કરી હોય, આત્મા જ પરમાત્મા છે, તે નિરાકાર બ્રહ્મ જ સત્ય છે, એ સિવાય બીજું કંઈ સત્ય છે જ નહીં. આવા યોગીઓ પ્રભુની ઉપાસનાના અભાવે દેહ ત્યાગ કર્યા પછી પોતે જ નિરાકાર હોવાથી નિરાકાર





બ્રહ્મમાં લીન થાય છે, તેમાંના કેટલાકને જગતના કલ્યાણનો રાગ રહેવાથી ફરી પાછા સૃષ્ટિમાં આવે છે. આવા પુરુષોને પ્રકૃતિલીન-પુરુષ કહેવાય છે. તેઓ સૃષ્ટિમાં આવી કેટલેક અંશે જગતના જીવોનો ઉદ્ધાર કરે છે, પરંતુ તેઓ પોતે આત્યંતિક સ્થિતિ પ્રાપ્ત કરેલા ન હોવાથી જીવોનું આત્યંતિક કલ્યાણ કરી શકતા નથી. તેઓને પરમાત્માના સાકાર સ્વરૂપની ઉપાસના ન હોવાથી પરમાત્માના દિવ્યસ્વરૂપ સંબંધી સુખ-ઐશ્વર્ય-સામર્થ્ય-જ્ઞાન-પ્રકાશ વગેરેને ભોગવી શકતા નથી. દેહ મૂક્યા પછી તેમનું સાકારરૂપે અસ્તિત્વ રહેતું નથી, એટલે નિરાકાર રહી પ્રકૃતિમાં લીન રહે છે. અને જગતકલ્યાણની ઈચ્છા હોવાથી સૃષ્ટિમાં તેમનું આવાગમન થયા કરે છે. જે મુમુક્ષુજીવાત્માઓ પ્રભુ અથવા તેમના અનાદિમુક્તના જોગમાં આવી તેમની કૃપા દ્વારા અનાદિમુક્ત થયા હોય, તે પ્રભુ જેવા જ દિવ્યસાકાર થઈ પ્રભુનું દિવ્ય સુખ-સામર્થ્ય અખંડ ભોગવે છે. તેમનું દિવ્યસાકારરૂપે પરમાત્માના દિવ્યસ્વરૂપ સાથે અસ્તિત્વ શાશ્વત રહે છે. એવા પૂર્ણ સિદ્ધમુક્તોમાં ને આગળ કહેલા એવા પ્રકૃતિલીન, ઐશ્વર્યાર્થી પુરુષોમાં આસમાન-જમીનનો તફાવત છે.

પૂર્ણ અનાદિમુક્ત મનુષ્યરૂપે હોવા છતાં, પ્રભુના દિવ્ય સાકારસ્વરૂપમાં જ રહ્યા થકા જીવોના કલ્યાણનું કાર્ય કરે છે. પ્રભુના સંકલ્પથી મનુષ્યરૂપે દેખાય છે, પરંતુ તેમને આવવા-જવાપણું હોતું નથી. એવા અનાદિમુક્તો મનુષ્યદેહ અદૃશ્ય

કર્યા પછી પણ સદાય પ્રગટ રહે છે. આગળ જણાવ્યા એવા પ્રકૃતિલીન પુરુષોમાં રામકૃષ્ણ પરમહંસ, સ્વામી વિવેકાનંદ, મહર્ષિ અરવિંદ, રમણમહર્ષિ વગેરે જેવા સિદ્ધપુરુષોનો સમાવેશ થાય છે. જ્યારે પૂર્ણ અનાદિમુક્તોમાં અ.મુ. ગોપાળાનંદ સ્વામી, અ.મુ. ગુણાતીતાનંદ સ્વામી, અ.મુ. મુક્તાનંદ સ્વામી, અ.મુ. બ્રહ્માનંદ સ્વામી વગેરે મુક્તો આવે છે. જેને સર્વોપરી પરમાત્મા સ્વામિનારાયણ ભગવાનના દિવ્ય સ્વરૂપનો સાક્ષાત્કાર થાય તે જ પૂર્ણમુક્ત થઈ શકે છે, અન્યથા નહીં. આ સંપૂર્ણ સત્ય છે. બીજા બધા મતવાદીઓ, અનેક ધર્મના ને મતના સ્થાપક આચાર્યો, વિદ્વાનો આ સર્વેને આત્યંતિક કલ્યાણની આત્યંતિક એવી અનાદિમુક્તની સર્વોચ્ચ સ્થિતિ પ્રાપ્ત કરવા માટે સર્વોપરી પરમાત્મા સ્વામિનારાયણના ઉપાસના માર્ગમાં આવવું અનિવાર્ય છે, એમાં સંશય નથી. (૪૦)

કેટલા બ્રહ્માંડો છે? કેટલા જીવો છે? એ બધાનો ક્યારે મોક્ષ થશે? બધા જીવોનો મોક્ષ થઈ જાય પછી શું થશે? પછી ઉત્ક્રાંતિનું શું? વગેરે ઘણા બધા પ્રશ્નો જીવને મનમાં ઉદ્ભવતા હોય છે, પણ આ બધા પ્રશ્નો સાપેક્ષ ભૂમિકામાં જ થાય છે અને તે અજ્ઞાન અવસ્થાના પ્રશ્નો છે. માયિક મનમાંથી, માયિક બુદ્ધિમાં ઉદ્ભવતા પ્રશ્નો છે, જ્યારે આત્મામાં પરમાત્માનો સાક્ષાત્કાર થઈ નિરપેક્ષ ભૂમિકામાં પ્રવેશ થાય પછી કોઈ પ્રશ્ન રહેતા નથી. કારણ કે પ્રશ્નોનું ઉદ્ભવસ્થાન આપણું મન





છે, બુદ્ધિ છે જે ભૌતિક હોવાથી મિથ્યા અને અજ્ઞાનમય છે. It is an ignorance, જ્યારે મન-બુદ્ધિથી પરની દિવ્ય સ્થિતિ થાય, પૂર્ણમુક્તની સ્થિતિ થાય, ત્યારે જ સર્વ પ્રકારનું અજ્ઞાન ટળી જાય, પછી કોઈ પ્રશ્ન જ ન રહે. બ્રહ્માંડો, જીવો, માયા, ઈશ્વરો વગેરે બધું અનંત અપાર છે. આ બધાનો પાર પામી ન શકાય તો સર્વકારણ એવા પરમાત્માનો પાર તો ક્યાંથી પામી શકાય? એટલે જ શાસ્ત્રો પરમાત્માને નેતિ નેતિ કહી અટકી પડે છે. માટે જ્યાં સુધી પ્રશ્નો છે, ત્યાં સુધી અજ્ઞાન પણ છે જ. કારણ કે શાસ્ત્રોના મત પ્રમાણે ઇન્દ્રિયો-અંતઃકરણના અનુભવમાં જે કંઈ આવે છે તે બધું મિથ્યા છે, ભ્રાંતિ છે. પૂર્ણ મુક્તદશામાં અજ્ઞાન નથી, તેથી તેમાં કોઈ પ્રશ્નો પણ નથી! (૪૧)

જ્યારે કોઈ પૂર્ણમુક્ત શ્રીજીમહારાજના પ્રતિમાસ્વરૂપની પ્રાણપ્રતિષ્ઠા કરે, ત્યારે મુક્તના સંકલ્પથી પ્રભુના સ્વરૂપનો આવિર્ભાવ થાય છે. પ્રભુ મુક્તને વશ હોવાથી પ્રતિમાસ્વરૂપમાં બિરાજિત થાય છે. જે હરિભક્તોને શ્રીહરિની સર્વોપરી ઉપાસના હોય, પ્રભુ અને તેમના મુક્તોનો યથાર્થ મહિમા જાણી તેમને જોગ-સમાગમ-સેવાથી રાજી કર્યા હોય, તેમની કૃપા ને આશીર્વાદમાં આવ્યા હોય, મહારાજના સ્વરૂપનો સાક્ષાત્કાર કરવા માટેની મુમુક્ષુતા હોય, એવા હરિભક્તો જ્યાં સુધી મહારાજના પ્રતિમાસ્વરૂપનું ધ્યાન-ભજન કરે, ત્યાં સુધી પ્રભુ તે પ્રતિમાસ્વરૂપમાં આવિર્ભૂત રહે છે, પ્રગટ રહે

છે. એવા હરિભક્તો ન હોય અને દંભી, કપટી, લંપટ, પાપી ને ભ્રષ્ટ લોકોનું ટોળું ભેગું થઈને પ્રતિમાસ્વરૂપ પાસેના પવિત્ર વાતાવરણને કલુષિત કરી નાંખે, તો તે પ્રતિમામાંથી પ્રભુ પોતાનો આવિર્ભાવ પાછો ખેંચી લે છે. (૪૨)

સ્થૂળદેહ છોડ્યા પછી સૂક્ષ્મસૃષ્ટિમાં રહેલા જીવો પોતાને જેમાં આસક્તિ હોય એવા સગા-સંબંધી-મિત્રો, પદાર્થો કે સ્થાનો જેવા કે પોતાનું ઘર વગેરે પ્રત્યે આકર્ષાઈને વારંવાર ત્યાં આવે છે. સ્થૂળદેહધારીને સ્વપ્નાવસ્થામાં તેઓ ક્યારેક દેખાય છે અને તેમની સાથે વાર્તાલાપ પણ કરે છે. કારણ કે સ્થૂળદેહધારીને સ્વપ્નાવસ્થામાં સૂક્ષ્મદેહમાં ગતિ થાય છે, તેથી સૂક્ષ્મસૃષ્ટિમાં રહેલા સૂક્ષ્મદેહધારી જીવો સાથે સંપર્ક સધાય છે. પ્રાણતત્ત્વના આંદોલનોની frequency તરંગઆવર્તન સાથે સુમેળ સધાતાં એવો સંપર્ક સધાય છે. સૂક્ષ્મદેહધારી સૂક્ષ્મસૃષ્ટિમાં ફર્યા કરતા હોય છે. તેમને કોઈ ખૂબ સંભારે તો તેઓ આકર્ષાઈને તેમની પાસે હાજર થાય છે. દીવો કરીને તેમને સંભારે તો જલદી હાજર થાય છે. તેઓ આપણને જોઈ શકે છે, આપણી વાતો સાંભળી શકે છે, પરંતુ તેમને આપણે જોઈ શકતા નથી તેમજ તેમનું બોલેલું સાંભળી શકતા નથી. કારણ કે આપણે સ્થૂળદેહધારી છીએ અને તેઓ સૂક્ષ્મદેહધારી છે. જીવને સ્થૂળજગતમાં જેમ સુખ, દુઃખ, મનોરંજન વગેરે છે, તેમ સૂક્ષ્મજગતમાં પણ છે. પોતાના કર્મો પ્રમાણે સુખ દુઃખની અનુભૂતિ થાય છે. પુણ્યશાળી





જીવો બીજાને નુકસાન કરતા નથી, પણ સહાય કર્યા કરે છે. કેટલાક દુષ્ટ અને પાપી જીવો બીજાને હેરાન પરેશાન કરવામાં આનંદ પામતા હોય છે. સૂક્ષ્મ જગતમાં ભૂત, પ્રેત, પિશાચ, વેતાળ, ખવીસ, બ્રહ્મરાક્ષસ, વિદ્યાધરો, સિદ્ધો, દેવો વગેરે વિવિધ ગતિ અને કક્ષાને પામેલા અનંત જીવો હોય છે.

મોટા મુક્તની દૃષ્ટિમાં એવા કોઈ જીવ આવી જાય તો મુક્ત તેમને દયાએ કરીને બદ્રિકાશ્રમ જેવા ધામમાં મોકલે છે, જ્યાં તેઓ તપ કરીને શુદ્ધ થયા પછી સત્સંગમાં સારો જન્મ મેળવીને મોક્ષને માર્ગે આગળ વધે છે.

શ્રાદ્ધ, સરવણી, તર્પણ વગેરે વિધિઓ સત્પુરુષોએ શાસ્ત્રોમાં બતાવી છે. તે પ્રમાણે યથાર્થ વિધિ કરવાથી સૂક્ષ્મદેહધારીઓની વાસના-આસક્તિ ઓછી થાય છે. દિવંગત જીવ પાછળ કથા-પારાયણ કરવાનો પણ એ જ હેતુ છે, જેથી તે જીવ જો નિર્વાસનિક થાય તો સૂક્ષ્મદેહમાંથી મુક્તિ મેળવી શકે. જે મુમુક્ષુજીવને પ્રભુ તથા મુક્તની કૃપા થઈ હોય તેમને પોતાના દિવ્યસુખમાં ખેંચી લે છે, પરંતુ યોગ્ય પાત્ર ન થયો હોય તેને સત્સંગમાં સારો જન્મ આપે છે. પછી જ્યારે યોગ્ય પાત્ર થાય, ત્યારે મુક્તની કૃપા દ્વારા મોક્ષ પામે છે. (૪૩)

અનંત બ્રહ્માંડો છે તેમાં અનંત પૃથ્વીઓ છે. અને તેમાં મનુષ્યસૃષ્ટિ છે. ત્યાં પણ અવતારો તથા મહારાજ અને મહારાજના મુક્તો પ્રગટ થઈ અને જીવોના મોક્ષ કરે છે. જે બ્રહ્માંડની પૃથ્વી ઉપર જે મુક્ત પ્રગટ થાય, તે બ્રહ્માંડમાં

જીવોનો મોક્ષ કરવા સંબંધી તેમનું વિશેષ કાર્યક્ષેત્ર રહે છે. અન્ય બ્રહ્માંડોમાં બીજા મુક્તો પ્રગટ હોય છે. પણ એક બ્રહ્માંડમાં રહેલા મુકત બીજા બ્રહ્માંડોમાં રહેલા જીવોનો મોક્ષ કરતા નથી. કારણ કે બ્રહ્માંડો અનંત છે, તેમજ મુક્તો પણ અનંત છે. દરેક બ્રહ્માંડમાં જુદા જુદા મુક્તો પ્રગટ થાય છે. તેમના જોગથી જીવો આત્યંતિક મોક્ષ પામી મહારાજના સ્વરૂપમાં અથવા તેજરૂપ અક્ષરધામમાં આવે છે અને પ્રભુનું દિવ્યસુખ માણે છે. મુક્ત જે બ્રહ્માંડમાં પ્રગટ થયા હોય, તે બ્રહ્માંડ સહિત અનંત બ્રહ્માંડોમાં તેમનું વ્યાપકપણું અને જાણપણું હોય છે. પરંતુ તેઓ પોતાનું કાર્યક્ષેત્ર જે બ્રહ્માંડમાં પ્રગટ થયા હોય તે બ્રહ્માંડ પૂરતું સીમિત રાખે છે. બીજા બ્રહ્માંડોમાં બીજા મુક્તોનું કાર્યક્ષેત્ર હોય છે. (૪૪)

વેદમાં એમ કહ્યું છે કે જીવને કર્મનો સંપૂર્ણ ક્ષય ન થાય ત્યાં સુધી મુક્તિ મળતી નથી. આ વાત સત્ય છે. માટે જીવને કર્મો તો ભોગવવા જ પડે, પણ પ્રભુ પોતે અથવા પોતાના મુક્ત દ્વારા ક્યારેક પોતાનું અન્યથાકર્તાપણું વાપરીને કૃપા કરે, તો જે જીવ ઉપર કૃપા કરી હોય તેના કર્મોનો તત્કાળ નાશ કરીને મોક્ષ પમાડે છે. (૪૫)

સેવકે પ્રશ્ન પૂછ્યો કે, આજના વિજ્ઞાને ભૌતિક સિદ્ધિઓમાં ખૂબ જ પ્રગતિ કરી છે. કેટલાક ડૉક્ટરોએ હૃદયપ્રત્યારોપણ, કીડનીપ્રત્યારોપણ વગેરે પ્રયોગોમાં સફળતા હાંસલ કરી છે. એક દર્દીને તો તેનું બગડેલું હૃદય કાઢી તેને





સ્થાને artificial કૃત્રિમ પ્લાસ્ટીકનું હૃદય બેસાડ્યું છે. શાસ્ત્રોમાં એમ કહ્યું છે કે જીવાત્મા હૃદયને વિષે રહે છે, તો હૃદય કાઢી નાંખે તો તે વખતે જીવાત્મા ક્યાં રહેતો હશે? તેના ઉત્તરમાં મુક્તરાજે જણાવ્યું કે ચૈતન્ય તો પોતાની જ્ઞાનશક્તિએ કરીને આખાય શરીરમાં વ્યાપક રહે છે. હૃદય એટલે લોહીનું પંપીંગ કરતું હૃદય એમ નહીં, પણ શક્તિકેન્દ્ર એવું હૃદયચક્ર સમજવાનું છે. ચૈતન્ય પંચભૂતાદિક ચોવીશ તત્ત્વોથી અત્યંત અવિકારી, અલિપ્ત, અસંગી ને નિર્લેપ છે. સૂક્ષ્મશરીરમાં રહેલા વિવિધ energy centers શક્તિકેન્દ્રોમાં વિશેષ સત્તાએ રહીને ચૈતન્યશક્તિ દ્વારા શરીરના હૃદય, મગજ, કીડની, લીવર-યકૃત વગેરે અંગોને તથા અસંખ્ય કોષોને, પ્રાણવાન, ઊર્જાવાન તથા ચેતનવંતા બનાવે છે ને તેને કાર્યાન્વિત કરે છે. ચૈતન્ય ઉપર રહેલા માયાના અજ્ઞાન-અવિદ્યાના, કર્મસંસ્કારોના, સ્થૂળ-સૂક્ષ્મ-કારણ શરીરના આવરણોને ભેદી આત્મા-પરમાત્માનો સાક્ષાત્કાર કરવા માટેનું શ્રેષ્ઠ સાધન એ આપણું મનુષ્યશરીર છે. ચૈતન્યને વિષે પરમાત્મા પોતાની તેજરૂપ અંતર્યામીશક્તિ દ્વારા પાત્રની તારતમ્ય પ્રમાણે રહેલા છે. તેથી તે શક્તિ દ્વારા જીવ ઉત્ક્રાંતિને પંથે પ્રગતિ સાધી, પરમાત્માનો સાક્ષાત્કાર કરી, તેમના વ્યતિરેકસ્વરૂપનો પોતાને વિષે આવિર્ભાવ-પ્રગટીકરણ કરીને આવરણોથી પર થઈ મુક્તદશા પામી શકે.

જેમ આપણી દૈહિક ક્રિયાઓ સરળ રીતે થઈ શકે એટલા

માટે ઘરમાં લાઈટ, હવા, ખોરાક, પાણી તથા બીજી મોજ-શોખની ચીજ વસ્તુઓનો આપણે ઉપયોગ કરીએ છીએ, તેમ શરીરનો ઉપયોગ કરીને આપણે મુક્તિ પ્રાપ્ત કરી શકીએ છીએ. હૃદય આપણા શરીરનું મુખ્ય કેન્દ્ર છે. તે શરીરમાં એન્જિન જેવું કામ કરે છે. ચૈતન્ય પોતાની શક્તિ દ્વારા તેને કાર્યરત કરે છે. તેમ પ્લાસ્ટિકનું હૃદય પણ એક મશીન જ છે. ચૈતન્યને માફક આવે ત્યાં સુધી તેનો ઉપયોગ કરે પછી માફક ન આવતાં તેમાંથી નીકળી જાય, એટલે શરીર મૃત્યુ પામે છે. પરંતુ ચૈતન્ય તો જેવો છે તેવો જ અખંડ, અવિનાશી છે. તેનો કદી નાશ થતો નથી. (૪૬)

સાધકને જ્યારે પરમાત્માનો સાક્ષાત્કાર થઇ મુક્તદશા પ્રાપ્ત થાય છે, ત્યારે તે મુક્તનો ચૈતન્ય પણ પ્રભુ જેવો જ દિવ્યસાકાર થઇ પ્રભુ સાથે એકાત્મપણું પામી, પ્રભુ સંબંધી દિવ્યસુખ અનુભવે છે. એ મુક્તની દૃષ્ટિમાં પોતે પણ પ્રભુ જેવો દિવ્યસ્વરૂપ હોવાથી બધું દિવ્ય જ ભાસે છે. એવા મુક્તની દૃષ્ટિમાં કે સંબંધમાં આવનાર કોઈ જીવાત્મા કે પદાર્થ બધું દિવ્ય થઈને નિર્ગુણભાવને પામી જાય છે. તેઓ જ્યાં જ્યાં વિચરણ કરે, જેની ઉપર દૃષ્ટિ કરે કે જેનો સ્પર્શ કરે, તે બધું માયિક ગુણોથી પર નિર્ગુણ અને દિવ્ય થઇ જાય છે. જેની દૃષ્ટિ દિવ્ય થઇ હોય તેને જ તે બધું દિવ્ય દેખાય, અનુભવાય છે. પરંતુ જેની દૃષ્ટિ દિવ્ય નથી થઇ અને માયિક દૃષ્ટિ છે તેના ચર્મચક્ષુ માટે એ પદાર્થો તથા સ્થાનો એ બધું





જેમ છે તેમ જ રહે છે.

મુક્તના સ્પર્શથી જે કંઈ નિર્ગુણ-દિવ્ય થયું હોય તેની દિવ્યતા બીજા જીવોને તેની પાત્રતા પ્રમાણે સ્પર્શે છે અને તેની ચેતનાનું ઊર્ધ્વગમન કરાવે છે. સાવ જડ blunt જેવા જીવો ઉપર તે દિવ્યતાની બહુ અસર થતી નથી, તેમ છતાં તેનામાં થોડું બીજબળ ઉત્પન્ન કરીને તેની ઊર્ધ્વગતિ થવાના સંજોગો નિર્માણ કરે છે. એમ કાળે કરીને જીવોની પ્રગતિ થતી રહે છે. શ્રીજીમહારાજ જ્યારે પોતે ઈચ્છે, ત્યારે ગમે તેવા જડ-માયિક પદાર્થનું પણ દિવ્યતામાં રૂપાંતર કરી શકે છે, પણ તે બધું પ્રભુની ઈચ્છાને આધીન છે.

આ લોકમાં એમ કહેવાય છે કે જગત મિથ્યા છે, દુઃખરૂપ છે આ સમજ સાધકને માટે છે, જેથી તે જગતના સુખ-દુઃખથી અલિપ્ત રહી, આસક્તિ ટાળી પ્રભુમાં જોડાઈ શકે. સિદ્ધદશાવાળા મુક્તને મતે જગત મિથ્યા કે દુઃખરૂપ જેવું છે જ નહિ. તેને તો પ્રભુની અને પોતાની દિવ્યતાને લીધે બધું જ દિવ્ય, સુંદર અને સુખરૂપ લાગે છે. વાસ્તવિકતા પણ એ જ છે. જગત દુઃખરૂપ કે મિથ્યા જણાય છે તે જીવની માયિક દૃષ્ટિ તથા અજ્ઞાનને લઈને છે. પરંતુ આત્મા-પરમાત્માનો સાક્ષાત્કાર થઇ સત્ય જ્ઞાન પ્રગટતાં બધું દિવ્ય, સુખરૂપ જ અનુભવાય છે. (૪૭)

મહારાજના મુક્તોનો મહિમા જેટલો વર્ણવવો હોય તેટલો વર્ણવી શકાય, પરંતુ તેમનું ધ્યાન-ભજન કે ઉપાસના

ન થઇ શકે. કારણ કે મુક્તો સેવક છે અને શ્રીજીમહારાજ બધાના સ્વામી છે. માટે સર્વોપરી પરમાત્મા ભગવાન સ્વામિનારાયણ સિવાય બીજા કોઈનું ધ્યાન-ભજન, ઉપાસના ન થઇ શકે. બીજા વિભૂતિ અવતારોને પુરુષોત્તમની ઉપમા આપી હોય, પણ તેને તેના ઉપરીની ઉપાસના હોવાથી તેને સ્વસિદ્ધ પુરુષોત્તમ ન કહી શકાય. ભગવાન સ્વામિનારાયણને તો બીજા કોઈની ઉપાસના નથી, કારણ કે તેમનાથી પર બીજી કોઈ ભૂમિકા-કક્ષા જ નથી, એટલે તેઓ સ્વસિદ્ધ પુરુષોત્તમ છે. મહારાજના અનાદિમુક્તોમાં પણ ભેદ છે. તેમાં સ્વસિદ્ધ અનાદિમુક્તો છે તેમની સુખ ભોગવવાની ગતિ-સામર્થી સિદ્ધ અનાદિમુક્તો કરતાં અતિ અધિક હોય છે. કારણ કે તેઓ અનાદિ કાળથી મુક્ત જ છે, પણ જીવમાંથી સાધન કરીને મુક્ત થયેલા નથી. એવા અનાદિમુક્ત સ.ગુ. ગોપાળાનંદ સ્વામી છે અને એમના જેવા બીજા અનંત સ્વસિદ્ધ અનાદિમુક્તો અનાદિ કાળથી મહારાજની મૂર્તિમાં રસબસ લીન રહીને દિવ્યસુખ માણે છે. પરંતુ તેઓ પ્રભુની ગહન ગતિનો કે સુખનો પાર પામી શકતા નથી, તો બીજા મુક્તો કે અવતારો પ્રભુના મહિમાનો પાર તો ક્યાંથી પામી શકે? (૪૮)

શ્રીજીમહારાજના સંકલ્પથી મનુષ્યરૂપે પ્રગટ થયેલા અનાદિમુક્ત સારાય બ્રહ્માંડના આધારરૂપ હોય છે. તેઓ આખા બ્રહ્માંડનું balance સંતુલન રાખે છે. તેઓ અમુક





કાર્યનો સંકલ્પ લઈને પ્રગટ થાય છે. એ પૂર્વયોજનાનો સંકલ્પ પ્રભુ પોતે કરે છે અને મુક્તને સામર્થ્ય, સ્વતંત્રતા ને સર્વેનું જાણપણું વગેરે ગુણો સાથે પ્રગટ કરે છે, જેથી તેઓ સંજોગો પ્રમાણે સ્વતંત્ર રીતે વિચારીને બધા કાર્યો કરી શકે. (૪૯)

જે મુમુક્ષુને મોટા મુક્તની પ્રસન્નતા મેળવી પ્રભુના સાક્ષાત્કારને માર્ગે પ્રગતિ સાધવી હોય, તેણે સ્વામી વિવેકાનંદ જેવા ખંતીલા સંતને નજર સમક્ષ રાખી, તેમને આદર્શરૂપ માની પોતાનું જીવનઘડતર કરવું જોઈએ. સ્વામી વિવેકાનંદમાં પ્રભુના કલ્યાણકારી ગુણોના દર્શન થતા હતા. તેઓ પૂર્ણ પાત્ર હતા. એ વખતે જો તેમને કોઈ અનાદિમુક્તનો જોગ થયો હોત, તો તેઓ શ્રીજીમહારાજનું સર્વોપરી જ્ઞાન સમજી સિદ્ધ મુક્તદશા પામી શક્યા હોત. તેમને રામકૃષ્ણ પરમહંસ જેવા વિભૂતિ અવતારની પ્રાપ્તિ થઇ, જે પ્રકૃતિપુરુષની કક્ષામાંના એક હતા. તેમના જોગથી સ્વામી વિવેકાનંદની પ્રાપ્તિ પણ એટલી જ થઇ. પછી જ્યારે કાળે કરીને એવા પ્રકૃતિલીન પરુષો ફરી જન્મ લેશે, ત્યારે જો કોઈ અનાદિમુક્તનું પૃથ્વી ઉપર પ્રગટપણું હશે અને એમનો જોગ જો તેમને થશે તો આત્યંતિક મોક્ષને પામશે. માટે સ્વયં પ્રભુ અથવા તેમના સિદ્ધ અનાદિમુક્ત મળ્યા વગર આત્યંતિક મોક્ષ મળી શકતો નથી. વિભૂતિ અવતારોને પણ આત્યંતિક મોક્ષ જોઈતો હોય તો પ્રભુ અથવા તેમના મુક્ત જ્યાં પ્રગટ થયા હોય, ત્યાં જન્મ ધારણ કરવો પડે છે. પછી તેમના જોગમાં

આવી પ્રભુની સર્વોપરી ઉપાસના દૃઢ કરે, ત્યારે જ આત્યંતિક મોક્ષની પ્રાપ્તિ શક્ય બને છે. આ સિદ્ધાંત વાત છે. (૫૦)

સિદ્ધ અનાદિમુક્ત જેમજેમ પ્રભુની મૂર્તિનું દિવ્યસુખ ભોગવતા જાય છે, તેમતેમ તેમની સુખ ભોગવવાની ગતિ-સામર્થી વધતી જાય છે. અને એક ભૂમિકાએ એ સિદ્ધ અનાદિમુક્તની સુખ ભોગવવાની ગતિ-સામર્થી સ્વસિદ્ધ અનાદિમુક્ત જેવી પણ થઇ જાય છે. (૫૧)

પોતાની ચૈતન્યરૂપ અન્વયશક્તિ દ્વારા મહારાજ અને મુક્તના દિવ્ય સંકલ્પો ચૈતાન્યોને આકર્ષી, તેમની ઉપર રહેલા માયાના આવરણો ટાળી, તેમને ગુણાતીત કરી આત્યંતિક મોક્ષ પ્રદાન કરે છે. (૫૨)

સર્વોપરી પરમાત્મા શ્રી સ્વામિનારાયણ ભગવાનના વ્યતિરેક દિવ્યસ્વરૂપમાંથી અનંતકોટિ સૂર્ય જેવું તેજ નીકળે છે. એવું પ્રખર તેજ હોવા છતાં તે શીતળ ને શાંત છે. જેમ સૂર્યનું તેજ બિલોરી કાચ ઉપર પડે અને પરાવર્તન પામે ત્યારે તેની તીવ્રતા અને શોભા ખૂબ વધારે જણાય છે, તેમ પ્રભુની દિવ્યમૂર્તિનું તેજ અતિ શોભાએ યુક્ત છે. તેમ છતાં એ તેજ ચર્મચક્ષુવાળાથી કદીય જીરવી ન શકાય. પૂર્ણ પાત્ર થાય ત્યારે આત્મસત્તા દ્વારા દિવ્યચક્ષુથી જ તે જીરવી શકાય ને તેનું દિવ્યસુખ અનુભવાય. એ તેજનો દિવ્ય ઘોષ-નાદ થાય છે, તે પ્રણવમાંથી 'સ્વામિનારાયણ' નામનો દિવ્ય ધ્વનિ પ્રગટે છે.





શ્રીજીમહારાજના 'સ્વામિનારાયણ', 'આદિ નારાયણ' તથા 'અનાદિ શ્રીકૃષ્ણ' એમ મૂળ નામો છે. શ્રીજીમહારાજ પોતે જે કોઈ બ્રહ્માંડમાં મનુષ્યરૂપે પ્રગટ થાય છે, તે બ્રહ્માંડમાં પોતાનો નામમંત્ર 'સ્વામિનારાયણ' રાખે છે. શ્રીકૃષ્ણ, શ્રીહરિ, હરિકૃષ્ણ એવા નામો પણ ધારણ કરે છે. સર્વોપરી પરમાત્માના દિવ્યસ્વરૂપમાંથી નીકળતો તેજરૂપ 'સ્વામિનારાયણ' નામનો નાદાત્મક પ્રણવધ્વનિ છે, જ્યારે મૂળપુરુષ શ્રીકૃષ્ણના સ્વરૂપમાંથી પ્રગટ થતો 'ૐ' નામનો પ્રણવધ્વનિ છે, જે ખૂબ નજીકનો નાદ ગણાય અને તે સર્વોપરી 'સ્વામિનારાયણ' નામના દિવ્ય ધ્વનિ પાસે અતિ અલ્પ છે.

મહાપ્રભુજી શ્રીજીમહારાજના સ્વરૂપમાંથી પ્રગટ થતા દિવ્યધ્વનિ 'સ્વામિનારાયણ' નામનો અખંડ જાપ કરવાથી પ્રભુના દિવ્ય પ્રણવરૂપ દિવ્યતેજ સાથે આત્માની એકતા થાય છે. એ પ્રભુના દિવ્યસ્વરૂપમાં અખંડવૃત્તિ રહેવાથી ચૈતન્ય પ્રભુરૂપ બને છે. પ્રભુના દિવ્યસ્વરૂપનું ધ્યાન અને તેમના દિવ્ય નામનો અખંડ જપ કરવાથી આત્મા સ્થૂળ-સૂક્ષ્મ-કારણ, કાળ-કર્મ-માયાથી પર નિર્ગુણ-ગુણાતીત પ્રભુરૂપ થાય, ત્યારે પ્રભુના દિવ્યસુખની પ્રાપ્તિ થાય છે.

પ્રભુના દિવ્યસ્વરૂપમાંથી દિવ્ય પ્રકાશ, દિવ્ય ખુશ્બુ, દિવ્ય નાદાત્મક સંગીત વગેરે અખંડ પ્રગટ થાય છે. અનાદિમુક્તો પરભાવમાં તેનો પરમ દિવ્યાનંદ માણે છે. તે માટે સાધકે પ્રભુ સિવાય બીજે બધેથી વાસના, આસક્તિ,

રાગ વગેરે ટાળી, આહાર-વિહાર યુક્ત કરી, શુદ્ધ નિર્મળ જીવન બનાવી, પ્રભુના અખંડ નામ રટણ સાથે પ્રભુની મૂર્તિમાં ધ્યાન દ્વારા જોડાવાનો નિત્ય અભ્યાસ કરવો. અનાદિમુક્તના જોગ-સમાગમ-સેવા દ્વારા તેમની પ્રસન્નતા મેળવી મૂર્તિ સિદ્ધ કરી લેવી.

મૂર્તિ સિદ્ધ થાય એટલે સાધકને પ્રભુપ્રાપ્તિ થયાનો આનંદ આવે અને પોતાને લાગતું અપૂર્ણપણું દૂર થઈ પૂર્ણકામપણું મનાય છે. પ્રભુના સ્વરૂપમાં પૂર્ણ નિશ્ચય, શ્રદ્ધા ને વિશ્વાસ પરિપક્વ થાય છે. મૂર્તિ સિદ્ધ થયા પછી કેવળ પ્રભુનું જ કર્તાપણું મનાવાથી દરેક ક્રિયા ભક્તિરૂપ બને અને પ્રભુના કલ્યાણકારી ગુણો તે સાધકમાં આવે છે. એવા ઉચ્ચ સાધક અનેક જીવોને કલ્યાણને માર્ગે વાળી શકે છે. એવા સાધકને પ્રભુપ્રાપ્તિ થઈ આત્યંતિક મોક્ષ થયાની પ્રતીતિ થાય છે અને પ્રભુનો સંપૂર્ણ કૃપાપાત્ર બને છે. ત્યાર બાદ પ્રભુ તથા અનાદિમુક્ત કૃપા કરીને તેના બધા આવરણો ટાળીને, પ્રભુના દિવ્યસ્વરૂપનો સાક્ષાત્કાર કરાવી અનાદિમુક્તની પંક્તિમાં ભેળવી દે છે. (૫૩)

શ્રીજીમહારાજના દિવ્યસ્વરૂપનો સાક્ષાત્કાર થઈ અનાદિમુક્તની સર્વોચ્ચ સ્થિતિ પ્રાપ્ત થયા પછી મુક્તચૈતન્ય દિવ્યસાકાર થઈ સળંગ મૂર્તિનું રોમેરોમનું અખંડ સુખ ભોગવે છે. આ સ્થિતિને અખંડ દર્શન, અખંડ અનુભૂતિ, અખંડ સુખ, અખંડ સાક્ષાત્કાર એમ જે કહેવું હોય તે કહી શકાય. (૫૪)





પ્રભુ તથા તેમના અનાદિમુક્ત મનુષ્યરૂપે પ્રગટ હોય ત્યારે બ્રહ્માંડના દેવો, દિગ્પાલો કે ઈશ્વરો જે કોઈ નિરાસક્ત થઈ પાત્ર થયા હોય, તેમને પ્રભુ તથા મુક્તના દર્શન ખૂબ જ ઐશ્વર્ય-પ્રતાપેયુક્ત થવાથી તેમના પ્રત્યે તેઓ આકર્ષાય છે. તેઓ રાગ રહિત પાત્ર થઈ પ્રભુ કે મુક્ત પાસે મોક્ષની યાચના કરે તો તેમનો ત્વરિત ગતિથી મોક્ષ થાય છે. પ્રભુ અથવા તેમના મુક્ત મનુષ્યરૂપે પ્રગટ ન હોય ત્યારે જીવકોટિ, દેવકોટિ, કે ઈશ્વરકોટિ કોઈ પણ પ્રભુના દિવ્યદર્શન કરી શકતા નથી. કારણ કે તેમની પ્રભુના દિવ્યદર્શન કરવાની ગતિ-સ્થિતિ નથી હોતી. પ્રભુ કે તેમના મુક્ત મનુષ્યરૂપે પ્રગટ હોય ત્યારે જ તેમની કૃપાથી તેઓને દર્શન-સેવા વગેરેનો લાભ મળે છે અને તેથી મોક્ષને પામી શકે છે. એ મનુષ્યરૂપે રહેલા પ્રભુ કે મુક્તની વિશિષ્ટતા છે. અનાદિમુક્ત પર્વતભાઈ પાસે દેવો, ઈશ્વરો, અવતારો વગેરે મોક્ષની યાચના કરવા આવતા, તેમાંથી જે પાત્ર હતા તેમનો પર્વતભાઈએ આત્યંતિક મોક્ષ કરેલો. એમ અનાદિમુક્તો એવા સમર્થ હોય છે. (૫૫)

શ્રીજીમહારાજે વચનામૃતમાં એમ કહ્યું છે કે ભગવાનની મૂર્તિની ઉપાસના અને ધ્યાન વગર બ્રહ્મ તથા આત્મા દેખાતા નથી, તો પછી પતંજલિ યોગસૂત્ર તથા બીજા શાસ્ત્રોમાં નિર્વિકલ્પ સમાધિથી આત્મદર્શન-બ્રહ્મદર્શન થાય છે એમ કહ્યું છે તે કેવી રીતે સમજવું? તેનો ઉત્તર એ છે કે સર્વોપરી પરમાત્મા શ્રીજીમહારાજના દિવ્યસ્વરૂપમાંથી જે દિવ્ય તેજ

નીકળે છે તે અપરિમિત, અનંત અને અપાર છે. જેને બ્રહ્મ, અક્ષર, અક્ષરબ્રહ્મ, ચિદાકાશ વગેરે નામે કહેવાય છે. એ તેજરૂપ બ્રહ્મ સર્વેનું આત્મા ને કારણ હોવાથી એ તેજરૂપ આત્માના દર્શન શ્રીજીમહારાજના ધ્યાન અને ઉપાસના વગર થતા નથી એમ શ્રીજીમહારાજે કહ્યું છે. વચનામૃતમાં પોતાના તેજરૂપ અક્ષરબ્રહ્મને આત્મા તથા બ્રહ્મ નામે કહ્યા છે. એ તેજરૂપ અન્વયશક્તિ મૂળઅક્ષર, વાસુદેવબ્રહ્મ, મૂળપુરુષ, ઈશ્વરો, અવતારો વગેરેમાં પાત્રતાની તારતમ્યતા પ્રમાણે રહેલી છે. તેઓમાંથી પણ તેજ નીકળે છે. તે ઈશ્વરો, દેવો, અવતારો વગેરેમાંથી નીકળતા તેજમાં અને સ્વયં પુરુષોત્તમ નારાયણના તેજમાં અત્યંત વિલક્ષણપણું છે. તે વિલક્ષણતા કેવળ પ્રભુનું સાધર્મ્યપણું પામેલા પૂર્ણ અનાદિમુક્તો જ અનુભવી શકે છે.

શ્રીજીમહારાજ સિવાય બીજા અવતારોની ઉપાસનાવાળા જીવોને તે અવતારોના તેજ સાથે તેમના ચૈતન્યની એકતા થવાથી તેમની જ પ્રાપ્તિ થાય છે. પરંતુ શ્રીજીમહારાજની પ્રાપ્તિ તેમને સર્વોપરી ઉપાસનાના અભાવે થતી નથી. જેમ ચંદ્રના દર્શન ચંદ્ર વતે જ થાય છે, પણ ચંદ્રના તેજથી સૂર્યના દર્શન નથી થતા. તેમ બીજા અવતારો સાથે તદાત્મકપણું સાધવાથી સર્વોપરી પ્રભુ સ્વામિનારાયણના દર્શન થતા નથી. નિરાકારબ્રહ્મની ઉપાસનાવાળાને પોતાના જીવાત્માનું દર્શન થતાં અજ્ઞાનને લઈને પોતાને પૂર્ણ માને છે. પરંતુ એ અધૂરી





સ્થિતિ છે. એ તો જ્યારે અનાદિમુક્ત પાસેથી સર્વોપરી ઉપાસના સમજી શ્રીજીમહારાજની મૂર્તિનું ધ્યાન કરે, ત્યારે જ પ્રભુના તેજરૂપ બ્રહ્મ-આત્માના તથા પ્રભુના સાકાર સ્વરૂપના દર્શન થાય છે. એ પૂર્ણ સ્થિતિ છે. એ સિવાયની નીચેની ભૂમિકાઓ સત્ય હોવા છતાં અપૂર્ણ છે. (૫૬)

પ્રભુની અને મુક્તોની પરભાવની વાણી તથા તેમની વચ્ચે થતા વાર્તાલાપ અવરભાવના શબ્દોમાં કે અવરભાવની ભાષામાં નથી હોતા. એ વાણી તો અલૌકિક, દિવ્ય નાદાત્મક હોય છે. એ નાદબ્રહ્મ-ધ્વનિ વીણાના ધ્વનિ જેવો, સિતાર કે વેણુના મધુર ધ્વનિ જેવો આહ્લાદક હોય છે. પ્રભુ તથા મુક્ત મનુષ્યરૂપે બિરાજતા હોય ત્યારે તેમની થતી પૂજા-આરતીનો આનંદ તથા ફૂલ-હાર ધરાવ્યા હોય તેની પરભાવમાં દિવ્ય સુગંધ છૂટે છે, આવા અનંત જાતના વૈવિધ્યસભર દિવ્યસુખોનો પરભાવમાં મુક્તો મૂર્તિમાં સળંગ રસબસ રહી આનંદ માણે છે. (૫૭)

સર્વોપરી પરમાત્મા સ્વામિનારાયણ ભગવાનનું અન્વયસ્વરૂપ, તેજરૂપ અક્ષરધામ-ચિદાકાશ જે સર્વત્ર વ્યાપક છે, જે અણુથી લઈને અનંત બ્રહ્માંડોનું નિયમન કરે છે. તે તેજરૂપ શક્તિ પાત્રની તારતમ્યતા પ્રમાણે અક્ષરકોટિ, બ્રહ્મકોટિ, ઈશ્વરકોટિ, દેવકોટિ વગેરેમાં પ્રવેશે છે. તે શક્તિ દ્વારા આ બધા અધિકારીઓ બ્રહ્માંડની ઉત્પત્તિ-સ્થિતિ-પ્રલય વગેરે કાર્ય કરે છે.

જે યોગીને આત્મા જ પરમાત્મા છે, એવું જ્ઞાન હોય અને પ્રભુના સાકાર સ્વરૂપની ઉપાસના ન હોય તો તે નિરાકાર એવું પોતાના આત્માનું તેજ જોઇને પોતાને પૂર્ણ માની બેસે છે. કોઈ બીજા દેવની કે ઈશ્વરની ઉપાસના હોય તો તે ઈશ્વર અથવા દેવના તેજ સાથે તેના ચૈતન્યની એકતા થવાથી તેને (તે ભૂમિકાને) પામે છે. એ તેજ તો પ્રભુનું જ છે, પરંતુ તે ઈશ્વરકોટિ તથા દેવકોટિમાં તેમની પાત્રતા પ્રમાણે આવવાથી વિવિધ પ્રકારનું, ઓછી વધુ શક્તિ-સામર્થ્યવાળું થાય છે. એવા કોઈ તેજના દર્શન યોગીને થતા હોય અને જો તેને સર્વોપરી સ્વામિનારાયણ મહાપ્રભુનું જ્ઞાન અને ઉપાસના કોઈ મુક્ત દ્વારા સમજાઈ જાય અને તેનો સાક્ષાત્કાર થાય, તો સ્વયં પ્રભુના સ્વરૂપમાંથી જે તેજ નીકળે છે તેની સાથે તે યોગીના આત્માના તેજની એકતા થાય છે. તેથી તેનો આત્યંતિક મોક્ષ થઈ પ્રભુના સ્વરૂપ સંબંધી દિવ્યસુખની પ્રાપ્તિ થાય છે. એ પ્રભુના અપાર તેજમાં બીજી બધી ચૈતન્યભૂમિકાઓના તેજ વિલીન થઇ જાય અને કેવળ પ્રભુનું સ્વરૂપ જ રહે છે. તે માટે ઉપાસનાના ભેદે કરીને પ્રાપ્તિમાં પણ ભેદ રહે છે. (૫૮)

ગણપતિ, હનુમાનજી, શિવ-પાર્વતી વગેરે સાત્ત્વિક દેવી-દેવતાઓ, ઐશ્વર્યાર્થીઓ જીવોના પ્રારબ્ધકર્મોને બાળી શકતા નથી. તેઓને મનાવા-પૂજાવાનો રાગ હોવાથી જે કોઈ જીવ તેમને ભજે, તેમની સેવા-પૂજા કરે તે ઉપાસક ઉપર





પ્રસન્ન થઈ પોતાની રિદ્ધિ-સિદ્ધિ જે પરમાત્માની જ શક્તિ છે, તેના દ્વારા તેને થોડી ઘણી સહાય કરી શકે છે. તમોગુણી મલિન દેવતાઓ તો બીજાને નુકસાન થાય એવું હોય તો હાનિ પહોંચાડીને પણ પોતાના ભક્તોને મદદ કરે છે. જેમ આ લોકમાં દયાભાવે કે પ્રેમભાવે મનુષ્ય એક બીજાને મદદ કરે છે એ રીતે. પરંતુ આ બધા દેવો કોઈ જીવના પ્રારબ્ધકર્મોનો નાશ કરી શકતા નથી. એ તો સ્વયં પ્રભુ અથવા તેમના સિદ્ધમુક્તો જ જીવોના પ્રારબ્ધકર્મો બાળી શકે છે. (૫૯)

પ્રભુના દિવ્ય પ્રકાશરૂપ ચૈતન્યપ્રકૃતિ અને જીવાત્માની પોતાની પ્રકૃતિમાં ઘણો ભેદ છે. જેમ સૂર્યના પ્રકાશની ને ટ્યૂબલાઈટ, બલ્બ વગેરેના પ્રકાશની એકતા થાય છે, તેમ છતાં એ પ્રકાશની ભિન્નતા તો છે જ. એમ નિરાકાર ચૈતન્યની પ્રભુની નિરાકાર ચૈતન્યપ્રકૃતિ સાથે એકતા થાય, ત્યારે પ્રભુની કૃપાથી ચૈતન્ય ધીરેધીરે દિવ્ય સાકારરૂપ ધારણ કરે છે. પ્રભુના દિવ્યસાકાર સ્વરૂપનું ધ્યાન કરવાથી સાધકચૈતન્યને પ્રભુ દિવ્યસાકાર બનાવે છે. એને ચૈતન્ય પ્રકૃતિનો દેહ અથવા ભાગવતીતનુ કહેવાય છે. (૬૦)

દરેક ચૈતન્યને આહારની આવશ્યકતા રહે છે. જે ચૈતન્ય દેહાદિકમાં બદ્ધ છે તેને ઈન્દ્રિયો-અંતઃકરણના આહારની આવશ્યકતા છે, પરંતુ મુક્તચૈતન્યને માટે તો એક પ્રભુનું દિવ્યસુખ જ આહારરૂપ છે. (૬૧)

યોગમાર્ગમાં સંપ્રજ્ઞાત સમાધિ તથા અસંપ્રજ્ઞાત અર્થાત્ નિર્બીજ-નિર્વિકલ્પ સમાધિ કહી છે. તે સમાધિમાં આત્માને નિરાકાર પરમાત્મારૂપ માની તેની સાથે અદ્વૈતભાવ કેળવી બ્રહ્મનો સાક્ષાત્કાર કરવાનો પુરુષાર્થ કરવામાં આવે છે. એવા સાક્ષાત્કારમાં યોગી પોતાના જીવાત્માને બ્રહ્મરૂપ અનુભવે છે. એવી સ્થિતિને પામેલા યોગીઓ જન્મ-મરણરૂપ સંસૃતિથી માયિક દોષો-આવરણોથી રહિત થઈ, સર્વજ્ઞતા પ્રાપ્ત કરી બ્રહ્મ અર્થાત્ પ્રકૃતિપુરુષના તેજમાં લીન રહી તેનું દિવ્યસુખ માણે છે. પરંતુ પરમાત્માના દિવ્યસાકાર સ્વરૂપની ઉપાસનાના અભાવે તે સ્વરૂપ સંબંધી દિવ્યસુખ, ઐશ્વર્ય, પ્રકાશ, જ્ઞાન, દિવ્ય કલ્યાણકારી ગુણો, સામર્થ્ય વગેરેને પામી શકતા નથી. તે યોગીઓને પોતાને લાગતી પૂર્ણસ્થિતિ આત્યંતિક મુક્તિને પ્રાપ્ત થયેલા, પ્રભુ સાથે આત્યંતિકપણે પરમસાધર્મ્ય પામેલા અનાદિમુક્તોની દૃષ્ટિએ અધૂરી ને અલ્પ સ્થિતિ છે.

એવા યોગીઓ દેહ ત્યાગ કરીને તેમની consciousness ચેતનાને બ્રહ્મરૂપે પ્રકૃતિપુરુષના તેજરૂપે અનુભવી તે બ્રહ્મસુષુપ્તિમાં લીન રહે છે. ઉપાસનાશુદ્ધિ ન હોવાને કારણે તે પ્રકૃતિલીન પુરુષો ફરી જન્મ પામે છે, ત્યારે પણ જો પરમાત્માની શુદ્ધ ઉપાસના કોઈ પૂર્ણમુક્ત દ્વારા ન સમજે તો અપૂર્ણતાને લઈને ફરી પાછા જન્મે છે. જ્યારે પ્રભુના પૂર્ણમુક્ત દ્વારા સર્વોપરી શુદ્ધ ઉપાસના સમજે, ત્યારે જ આત્યંતિક મુક્તિને પામી શકે છે. (૬૨)





સર્વે દોષોથી રહિત થઈ આત્મદર્શન પામેલો સાધક પોતાના આત્માનું સુખ ભોગવે છે. આત્મા પણ અતિ સુખરૂપ છે, તો પ્રભુના સ્વરૂપનો સાક્ષાત્કાર પામેલો મુક્ત કેટલો સુખરૂપ હશે? પ્રભુના સ્વરૂપ સંબંધી સુખ તો અતિ અપાર, અનુપમેય, કલ્પનાતીત ને અવર્ણનીય છે. (૬૩)

અનાદિમુકત પુરુષોતમરૂપ થઈને પુરુષોત્તમની મૂર્તિમાં રહ્યા થકા સુખ ભોગવે છે. ક્યારેક શ્રીજીમહારાજની ઇચ્છાથી મૂર્તિમાં પણ અનંત મુક્તોની સભાનો અનુભવ મુક્તને થાય છે. મૂર્તિમાં રહીને મૂર્તિ તથા દિવ્યસભાને જોવાની વાત અતિ અલૌકિક ને ગહન છે. (૬૪)

આત્મા-પરમાત્માનો સાક્ષાત્કાર થાય તે સાથે જ દેહના પ્રારબ્ધકર્મનો અંત આવી જાય છે. દેહને ટકાવી રાખવા માટેનું કોઈ નિમિત્ત ન રહેતાં થોડા સમયમાં સાધકનો દેહ પડી જાય છે. પરંતુ પ્રભુએ તે મુક્તને માધ્યમ બનાવી બીજા જીવોના કલ્યાણના કાર્ય કરવા હોય તો તેનો દેહ રાખે પણ છે. એવા સાક્ષાત્કાર પામેલા મુક્ત દ્વારા પ્રભુ તેને માધ્યમ બનાવી બીજા પાત્ર જીવને સાક્ષાત્કાર કરાવી શકે છે.

મુક્તને માધ્યમ બનાવ્યા સિવાય પ્રભુ બીજાને મુક્ત કરી શકે એવા સમર્થ હોવા છતાં એમણે પોતે જ એવી proper channel યોગ્ય માર્ગની રચના કરી છે કે મુક્ત દ્વારા જીવોના કલ્યાણ કરવા. મુક્ત દ્વારા બીજાને મુક્ત બનાવવા એ એમનો પોતાનો જ મૂળ સંકલ્પ હોવાથી મુક્તને માધ્યમ બનાવે છે. (૬૫)

પૃથ્વી, જળ, તેજ, વાયુ વગેરે આવરણોથી પર આકાશ રહેલો છે તે અંધકારરૂપ છે ને તમોગુણનું કાર્ય છે. તે આકાશ અણુ-પરમાણુમાં પણ રહેલો છે. તેની સંકોચ-વિકાસ અવસ્થા છે, પરંતુ તે આકાશથી પર ચિદાકાશ છે તે પરમાત્માની મૂર્તિનો પ્રકાશ છે. તેની સંકોચ વિકાસ અવસ્થા નથી. તે અનંત અપાર પ્રમાણે રહિત છે ને તેમાં અનંત બ્રહ્માંડો રહેલાં છે. પ્રભુની તેજરૂપ અન્વયશક્તિ છે, તે ભૌતિક પદાર્થની જેમ વધે ઘટે તેવી કે હાલે ચાલે તેવી નથી. આ સ્થિરતાનો અર્થ અતિ ગહન છે. પરમાત્માની એકરસ પરિપૂર્ણ તેજરૂપ એવી આ અન્વયશક્તિ અધોઊર્ધ્વ પ્રમાણે રહિત સર્વત્ર સરખી જ છે, ક્યાંય વધુ ઓછી થઇ જાય તેમ નથી. ભૌતિક પદાર્થના પરમાણુની જેમ તેમાં કોઈ પણ પ્રકારનું પરિવર્તન થતું નથી. તે અપરિવર્તનશીલ છે. ભૌતિક પદાર્થના ગુણધર્મોથી તદ્દન અલગ ગુણધર્મો ધરાવતી તે તેજરૂપ દિવ્યશક્તિ શીતળ, શાંત, સુખ-શાંતિ ને પરમાનંદરૂપ, જ્ઞાતાશક્તિ, sentient energy ચૈતન્યશક્તિ છે. તે શક્તિ દ્વારા અનંત બ્રહ્માંડોનું નિયમન, પાલન-પોષણ-સર્જન-વિસર્જન થાય છે. પરમાત્માની આ અક્ષરબ્રહ્મરૂપ અન્વયશક્તિ અને પરમાત્માને કાર્ય-કારણભાવ છે. 'ॐ पूर्णमदः पूर्णमिदं पूर्णात् पूर्णमुदच्यते । पूर्णस्य पूर्णमादाय पूर्णमेवावशिष्यते ।' ઈશાવાસ્ય ઉપનિષદના આ શ્લોક પ્રમાણે પ્રભુની આ અન્વયશક્તિ સર્વત્ર પૂર્ણ છે. કોઈ જગ્યાએ વધઘટ થાય તેવી નથી.





આ શક્તિરૂપ અક્ષરબ્રહ્મ કોઈ વ્યક્તિવિશેષ ન હોવાથી પરમાત્મા સાથે તેને સ્વામી-સેવકભાવ નથી. સાકાર અક્ષરબ્રહ્મની કક્ષા-કોટિ જુદી છે. પરમાત્મા અને સાકાર અક્ષરબ્રહ્મ વચ્ચે ઘણો તફાવત છે. સાકાર અક્ષરબ્રહ્મ પણ અનંત છે. પરમાત્મા તેનાથી પર છે ને પોતાની પ્રકાશરૂપ અન્વયશક્તિ દ્વારા અંતર્યામીપણે તેમાં રહેલા છે, પોતાના વ્યતિરેક દિવ્યસ્વરૂપે રહેલા નથી. પ્રભુ વ્યતિરેક સ્વરૂપે પોતાના તેજરૂપ અક્ષરધામમાં રહેલા છે ને તેજરૂપ અક્ષરબ્રહ્મ દ્વારા સાકાર અક્ષરબ્રહ્મ એવા મૂળઅક્ષરમાં રહેલા છે. એટલે સાકાર અક્ષર એ તેજરૂપ અક્ષરબ્રહ્મનું ધામ કહેવાય છે. પરમતત્ત્વ પરમાત્મા શ્રીજીમહારાજ એક જ છે, તેમના સિવાય મુક્તકોટિ, મૂળઅક્ષરકોટિ, વાસુદેવબ્રહ્મકોટિ, ઈશ્વરકોટિ, માયાકોટિ, પુરુષકોટિ, દેવકોટિ, જીવકોટિ આ બધા અનંત અનંત છે.

ભૌતિક પદાર્થ પરિવર્તનશીલ છે. વિજ્ઞાનના નિયમ પ્રમાણે કોઈ પણ શક્તિની ઉત્પત્તિ તેમજ નાશ નથી. Energy is neither can be created, nor can be distroyed. તે અન્યમાં રૂપાંતરિત થાય છે. જેમ કે પાણી મૂળરૂપે પ્રવાહી છે, પાણીનું ઘનસ્વરૂપ બરફ છે, પાણીનું વાયુ સ્વરૂપ વરાળ છે. એ રીતે ભૌતિક પદાર્થનો જથ્થો-સમૂહ સરખો રહે છે. કેવળ તેના રૂપો બદલાય છે. તેથી તેની ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલય જણાય છે. જેમ ચિદાકાશ અનાદિ છે, તેમજ માયા

અનાદિ હોવાથી ભૌતિક પદાર્થ matter પણ અનાદિ છે. શક્તિનું પદાર્થમાં અને પદાર્થનું શક્તિમાં રૂપાંતર થયા કરે છે. દરેક બ્રહ્માંડમાં આ પ્રક્રિયા ચાલ્યા જ કરે છે. ચિદાકાશરૂપ શક્તિમાં સંકોચ-વિકાસ થતો ન હોવાથી તે જ સ્થિરતાનો અચલપણાનો ભાવ છે. વિશ્વમાં ભૌતિક પદાર્થનો કુલ જથ્થો સરખો રહે છે, પરંતુ તે પરિવર્તનશીલ છે. તેના પરમાણુઓમાં સંયોજન-વિભાજનની પ્રક્રિયા થાય છે. ક્યાંક પદાર્થનો જથ્થો વધુ હોય તો ક્યાંક ઓછો હોય, તેથી સંકોચ-વિકાસની ક્રિયા થાય છે. જેમ કે ફૂલાવેલા રબ્બરના ફૂગ્ગામાં વાયુનો વિકાસ થાય છે અને હવા ફૂગ્ગામાંથી નીકળી જાય તો તેનો સંકોચ થાય છે. ચિદાકાશરૂપ અન્વય શક્તિનું તેમ નથી.

એ રીતે અચલ જણાતી ચિદાકાશરૂપ શક્તિ અતિ dynamic ગતિશીલ એ રીતે છે કે તેના દ્વારા અનંત બ્રહ્માંડોનું નિયમન થાય છે. અનંત પ્રકારની ભૌતિક શક્તિઓ જેવી કે અણુશક્તિ atomic energy, ચુંબકીય શક્તિ magnetic energy, વિદ્યુત શક્તિ electricity, વીજ-ચુંબકીય શક્તિ electro-magnetic energy, ગુરુત્વાકર્ષણ શક્તિ gravitation, પ્રકાશ શક્તિ light, ધ્વનિ શક્તિ sound, ઔષધીય શક્તિ વગેરે ચિદાકાશરૂપ શક્તિ દ્વારા જ રૂપાંતરિત અને કાર્યાન્વિત થાય છે. સારાય વિશ્વમાં ભૌતિક પદાર્થોના અણુ-પરમાણુમાં ચિદાકાશરૂપ શક્તિ દ્વારા કંપન અવિરતપણે થયા કરે છે. અને શક્તિઓનું વિવિધ પદાર્થો ને શક્તિઓમાં રૂપાંતર થયા





જ કરે છે. આ રીતે સારાય ભૌતિક વિશ્વમાં કશું જ સ્થિર નથી. બધું જ સતત પરિવર્તનશીલ છે. એટલે જ મૂળમાયા સુધીની સૃષ્ટિને ચલસૃષ્ટિ કહેવાય છે. પ્રભુની આ તેજરૂપ શક્તિ મુક્તોને અતિ સુખરૂપ છે. પ્રભુના સુખ, ઐશ્વર્ય, પ્રતાપ, પ્રકાશ એ બધું જ અનંત અપાર ને અકળ છે. તેથી વેદો નેતિ નેતિ કહી અટકી પડે છે. (૬૬)

આપણે સ્થૂળ રીતે બ્રહ્માંડ પાસે અતિ તુચ્છ ને અલ્પ હોવા છતાં ચૈતન્યની દૃષ્ટિએ જોઈએ તો જ્યારે ચૈતન્ય ઉપરથી બધા આવરણો દૂર થાય, ત્યારે અનંત બ્રહ્માંડ કરતાં તે વિશાળ અને શક્તિશાળી બને છે. તે મુક્તચૈતન્યમાં અનેક બ્રહ્માંડોને પલટી નાંખવાની શક્તિ હોય છે. (૬૭)

રામ, કૃષ્ણ, વિષ્ણુ, શિવ વગેરે પ્રભુના જ વિવિધ નામો છે. રામ એટલે સ્વસ્વરૂપના સુખમાં રમતા અને પોતાના સુખમાં મુક્તોને રમાડતા અર્થાત્ રામ. કૃષ્ણ એટલે જીવકોટિથી લઈને મુક્તકોટિ પર્યંત સર્વેને આકૃષ્ટ એટલે આકર્ષણ કરનાર અર્થાત્ કૃષ્ણ. સારાય વિશ્વનું મૂળતત્ત્વ એટલે વિષ્ણુ. શિવ એટલે કલ્યાણકારી. આ બધા પ્રભુના વિવિધ નામો પ્રભુના આવિર્ભાવ પામેલા અવતારોને આપવામાં આવ્યા છે, પણ તે અવતારો પૂર્ણ નથી. સર્વોપરી પરમતત્ત્વ પરમાત્મા એક જ, અદ્વિતીય અને પૂર્ણ છે. તે ભગવાન શ્રી સ્વામિનારાયણ નામે પૃથ્વી ઉપર પ્રગટ થયા હતા. સર્વે અવતારોમાં તેમનો આવિર્ભાવ છે તેથી અવતારો પૂર્ણ નથી એમ સાબિત થાય

છે. એટલે તેમને અવતારો અને પૂર્ણ પુરુષોત્તમને અવતારી કહેવાય છે. અનંત વિભૂતિઓ, અવતારો, વિવિધ ધામો, અનેક લોક વગેરે પ્રભુની સમૃદ્ધિ છે. (૬૮)

પરભાવમાં મુક્તોની ગોપાળાનંદ, બ્રહ્માનંદ, મુક્તાનંદ એવી સંજ્ઞા નથી, ફક્ત મુકત સંજ્ઞા જ છે. એ નામો તો અવરભાવમાં મુક્તો ગ્રહણ કરે છે. તેથી એક મુક્તના પ્રાગટ્યનો અમૃતોત્સવ ઉજવાય એટલે અનંત મુક્તોનો અમૃતોત્સવ ઉજવાયો જાણવો. એવો ઉત્સવ પરભાવમાં દિવ્યસુખરૂપે સદાય ઉજવાય છે. (૬૯)

મુક્ત દ્વારા છેલ્લા જન્મના આશીર્વાદ મળ્યા હોય, તેમાં છેલ્લા જન્મનો અર્થ એ છે કે છતે દેહે જીવ પાત્ર થાય, તો આત્યંતિક કલ્યાણ પામી મુક્તદશા પામે. પરંતુ પાત્ર ન થાય ને કંઈક ખોટ રહી ગઈ હોય તો સૂક્ષ્મશરીરમાં રાખીને અથવા બીજો જન્મ ધરાવીને પૂરું કરે, પણ લખચોરાશીમાં કે અન્ય ભૂમિકામાં તેને જવાનું બંધ થઈ જાય છે. (૭૦)

પરમાત્માનો સાક્ષાત્કાર થાય એટલે પ્રભુની વ્યતિરેક મૂર્તિની લીલા અને અન્વયસ્વરૂપના કાર્યો એ બધાનું પૂર્ણ જ્ઞાન થાય છે. જીવો ઉપર આવરણો જેમ સૂર્ય ઉપર વાદળાં આવીને આવરણરૂપ થાય છે તેમ રહેલાં છે, પરંતુ આવરણો ચૈતન્યની અંદર પેસી ગયેલાં નથી. એ બધા આવરણો દૂર થઈ સાક્ષાત્કાર થાય ત્યારે એક ક્ષણ પણ દેહમાં રહેવું ગમતું નથી. દેહને કાપીકૂપીને બહાર નીકળી જવાની ઈચ્છા થાય





છે. જ્યારે અનાદિમુક્તની સ્થિતિ થાય, ત્યારે એ સ્થિતિમાં દરેક અંગ પુરુષોત્તમના જ છે એમ દિવ્ય તેજોમય જણાય છે. (૭૧)

બાપાશ્રીએ અનાદિમુક્તની સર્વોચ્ચ સ્થિતિની જેટલી વાતો કરી છે, એ પણ તેની વાસ્તવિકતા પાસે અલ્પાંશે જ કરી છે. કારણ કે મન-વાણીને અગોચર એવી દિવ્ય અપાર સ્થિતિ છે. એનું વર્ણન વૈખરીવાણીમાં શક્ય નથી, તેમ છતાં બાપાશ્રીએ એ દિવ્ય સ્થિતિ પ્રત્યે અંગુલિનિર્દેશ થાય એટલી જ વાતો કરી છે. તો પણ વાંચનારને ઘણું બધું કહ્યું છે એવું લાગે છે. (૭૨)

જ્યારે બુદ્ધિ અટકી પડે અને પોતાની મર્યાદાથી આગળ વધી ન શકે, ત્યારે મહારાજ અને મુક્તમાં તથા તેમના વચનમાં શ્રદ્ધા હોય તે જ કામ આવે. બુદ્ધિ પોતે જડ હોવાથી અમુક મર્યાદિત વર્તુળમાંથી બહાર નીકળી શકતી નથી, એ વખતે શ્રદ્ધા જ પ્રભુ સાથે એકતા સાધવામાં સહાય કરે છે. શ્રદ્ધા અતિ બળવાન શક્તિ છે. શ્રદ્ધારૂપી શક્તિ દ્વારા જ મોટા મુક્તોના આશીર્વાદ ઝીલી શકાય. જ્યારે શ્રદ્ધા અતિ બળવાન બને, ત્યારે ચૈતન્ય ઉપરના બધા આવરણો હટી જાય અને આત્માની પ્રભુના તેજ સાથે એકતા સધાય એટલે સાક્ષાત્કાર થાય. મોટા મુક્તના વચનમાં શ્રદ્ધા ન હોય તો તેમના આશીર્વાદ મળ્યા છતાં તે ઝીલી શકાતા નથી, તેથી મોક્ષ થઈ છેલ્લો જન્મ થવામાં વિલંબ થાય છે. માટે જ્ઞાનમાં

ગમે તેટલો તર્ક થાય, પણ શ્રદ્ધાને મંદ પડવા ન દેવી. શ્રદ્ધા તો મૂઢપણે પણ દઢ કરી લેવી, જેથી પ્રભુપ્રાપ્તિમાં વિક્ષેપ ન થાય. શ્રદ્ધા વીજચુંબકીય શક્તિ જેવી બળવાન અલૌકિક શક્તિ છે. જેને કારણે પ્રભુની અન્વયશક્તિ સાથે tuning એકતા થવાથી પ્રભુની અન્વય-અંતર્યામી શક્તિ કાર્ય કરતી થઈ જાય છે. ચૈતન્યને પ્રભુ સાથે એકતા સાધવામાં શ્રદ્ધા ઉત્તમ માધ્યમ છે. સાક્ષાત્કાર થવાની પાત્રતા પણ શ્રદ્ધા દ્વારા જ સંભવે છે. પ્રભુ તથા મુક્તમાં સંપૂર્ણ શ્રદ્ધા હોય તો જ સાક્ષાત્કાર થઈ શકે. શ્રદ્ધા પરિપક્વ થાય ત્યારે તે નિર્ગુણ બને. અનાદિમુક્તો જ્યારે મનુષ્યદેહથી અદશ્ય થાય, ત્યારે તેમના બળવાન સંકલ્પ વિશ્વના વાતાવરણમાં મૂકતા જાય છે. તે સંકલ્પ મૂર્તિમાન થઈ સ્વતંત્રપણે વિશિષ્ટ વ્યક્તિત્વ સાથે વાતાવરણમાં રહે છે.

મુક્ત અદશ્ય થયા પછી મહારાજની મૂર્તિના દિવ્યસુખમાં જ લુબ્ધ રહે છે અને જાણપણું પણ સુખનું જ રહે છે. તેઓ અવરભાવનું જાણપણું રાખતા નથી. વાતાવરણમાં મૂકેલા મૂર્તિમાન સંકલ્પ પ્રત્યે પણ લક્ષ્ય રાખતા નથી. જ્યારે તે દિવ્યસંકલ્પ સાથે મુમુક્ષુજીવને દઢ શ્રદ્ધા દ્વારા એકતા સધાય એટલે એ સંકલ્પ કાર્યરત થઈ જાય છે. મુક્ત જેમ પ્રગટ બિરાજતા હોય અને કાર્ય થતું હોય તેવું જ કાર્ય તેમના સંકલ્પ દ્વારા પણ થાય છે. જ્યાં સુધી મુમુક્ષુજીવની શ્રદ્ધા દ્વારા તે સંકલ્પ સાથે એકતા સધાય, ત્યાં સુધી તે સંકલ્પ કાર્ય





કરે છે. પછી જેમ જેમ શ્રદ્ધા મંદ પડે, તેમ તેમ સંકલ્પ પણ કાર્ય કરતા બંધ થાય છે. સંકલ્પ તો સુદીર્ઘકાળ સુધી રહે છે, પણ જીવોની લાંબાગાળે મુક્તમાંથી શ્રદ્ધા ઓછી થવાથી મુક્તના સંકલ્પ કાર્ય કરતા બંધ થાય છે. મુક્તનું પ્રગટપણું પૃથ્વી ઉપર વારંવાર હોવાથી જીવોના મોક્ષનું કાર્ય ચાલુ જ રહે છે. પૂર્વે અદશ્ય થયેલા મુક્તોની લાંબેગાળે વિસ્મૃતિ થવાથી તેમને વિશે પરોક્ષપણાનો ભાવ ઉદય થવાથી જીવોને તે મુક્તમાંથી શ્રદ્ધા ઓછી થઈ જાય છે, એટલે તેમના સંકલ્પો પણ કાર્ય કરતા બંધ થઈ જાય છે. જ્યાં સુધી મુક્તનું પ્રગટપણું જણાય અને તેમનામાં દઢ શ્રદ્ધા રહે, ત્યાં સુધી તે સંકલ્પ પ્રગટ મુક્ત જેવું જ કાર્ય કરે છે. (૭૩)

શ્રીજીમહારાજની મૂર્તિમાં સ્વસિદ્ધ અનાદિમુક્તો રહેલા છે. એ મુક્તોને નિત્યસિદ્ધ મુક્તો કહેવાય છે. એવા મુક્તો જીવમાંથી સાધન કરીને થયેલા મુક્તો નથી. તેઓ નિરાવરણ ચૈતન્યો છે અને પ્રભુના સંકલ્પથી બ્રહ્માંડોમાં પોતાનો સંકલ્પ પ્રગટ કરે છે. પાત્ર જીવોને પોતાના જેવા અનાદિમુક્તો કરે છે. જીવમાંથી અનાદિમુક્તની સ્થિતિને પામેલા મુક્તો સુખ ભોગવવાની ગતિ-સામર્થી વધતાં અંતે સ્વસિદ્ધ અનાદિમુક્ત જેવી સ્થિતિ પ્રાપ્ત કરે છે. પ્રભુનો સાક્ષાત્કાર પામ્યા પછી જીવમાંથી મુક્ત સંજ્ઞા થાય છે. એવા મુક્તોને ઘણા કાળ સુધી પરમાત્મા પોતાના દિવ્યસુખમાં ડૂબાડી દે છે. પછી પ્રભુને જરૂર જણાય ત્યારે એવા મુક્તને બીજા જીવોના કલ્યાણ અર્થે

બ્રહ્માંડમાં પ્રગટ કરે છે.

એકાંતિક સાધકને પ્રભુના સ્વરૂપનો સાક્ષાત્કાર થયા પછી મોટે ભાગે દેહ રહેતો નથી. દેહ ટકવાનું કોઈ કારણ ન રહેતાં થોડા સમયમાં દેહ પડી જાય છે. શ્રીજીમહારાજ તથા સિદ્ધ અનાદિમુક્તની કૃપાથી ચૈતન્ય ઉપરના આવરણો દૂર થવાની પ્રક્રિયા ખૂબ જ ઝડપથી થાય છે. મુક્તની કૃપા વગરના સાધનો કે પુરુષપ્રયત્નથી આવરણો દૂર થવામાં અતિ વિલંબ થાય છે અને એ માર્ગે અનંત પ્રકારના વિઘ્નો પણ આવે છે. જીવો ઉપર અનાદિ કાળથી માયાના અજ્ઞાન-અવિદ્યાના આવરણો રહેલાં છે તે મુક્તની કૃપાથી ત્વરિત ગતિએ દૂર થઈ જાય છે. સ્વસિદ્ધ અનાદિમુક્તને ક્યારેય પણ કોઈ આવરણો હોતા જ નથી. સ.ગુ. ગોપાળાનંદ સ્વામી એવા સ્વસિદ્ધ અનાદિમુક્ત હતા. શ્રીજીમહારાજ તેમને પોતાની સાથે લાવેલા અને તેમના દ્વારા કેટલાકને અનાદિમુક્તની સ્થિતિ થયેલી. (૭૪)

કેટલાક લોકોને સિદ્ધ ન હોય એવા સામાન્ય બાવાઓ-બાબાઓમાં શ્રદ્ધા આવી જાય છે. ક્યારેક એવી શ્રદ્ધા ખૂબ બળવાન હોય તો કેટલાક પ્રકારના ચમત્કારો પણ સર્જાય છે. કારણ કે શ્રદ્ધા દ્વારા પ્રભુની અંતર્યામી શક્તિ કાર્ય કરતી થઈ જાય છે. જીવોને આ વાતની ખબર ન હોવાથી અધૂરી સ્થિતિવાળા બાવાઓમાં પણ વિશ્વાસ બેસી જાય છે ને તેમને મહાન સમજે છે. વાસ્તવિક રીતે તેમનામાં એવી કોઈ શક્તિ





પણ હોતી નથી. શ્રદ્ધા બહુ ગજબની શક્તિ છે. પ્રભુમાં પૂર્ણ શ્રદ્ધા દ્વારા જ મોક્ષ થાય છે. મુક્ત પાસેથી પ્રભુની સર્વોપરી ઉપાસના સમજી તેની સંપૂર્ણ દૃઢતા કરવાથી, અતિ દૃઢ શ્રદ્ધા સાથે સાધના કરવાથી જ પરમાત્માનો સાક્ષાત્કાર થાય છે. સામાન્ય બાવાઓમાં કે નિમ્ન કક્ષાના દેવોમાં શ્રદ્ધાથી આ લોકનું થોડું કાર્ય થાય, પરંતુ મોક્ષ થઈ શકતો નથી. પ્રભુમાં અને પૂર્ણ મુક્તમાં દૃઢ શ્રદ્ધા રાખવાથી તે શ્રદ્ધારૂપી શક્તિ નિર્ગુણ ને દિવ્ય થાય છે, કારણ કે પ્રભુ અને મુક્ત નિર્ગુણ-દિવ્ય હોવાથી તેના સંબંધે કરીને શ્રદ્ધા પણ નિર્ગુણ-દિવ્ય થઈ જાય છે. પ્રભુમાં અને મુક્તમાં શ્રદ્ધા રાખવાની એ વિશિષ્ટતા છે. બીજા અધૂરા પુરુષો ને દેવોમાં શ્રદ્ધા અને પ્રભુ તથા મુક્તમાં શ્રદ્ધા રાખવામાં આસમાન-જમીનનો તફાવત છે. (૭૫)

અવરભાવમાં ભક્તને મનુષ્યરૂપે પ્રગટ થયેલા હોય એવા કોઈ મુક્તમાં સ્નેહ થયો હોય તે મુક્તના દર્શન પરભાવમાં કે સમાધિમાં ભક્તને જ્યારે પ્રભુ કરાવે, ત્યારે તે ભક્તને મુક્તના મનુષ્યાકૃતિના દર્શન કરાવે છે. તેથી તે મુક્તની ભક્તને ઓળખાણ થાય ને ભક્ત પ્રભુના સ્વરૂપમાં જોડાઈ શકે. પરંતુ મૂર્તિમાં રહેલા મુક્તોનો આકાર તો પ્રભુ જેવો જ દિવ્ય છે. (૭૬)

પૂનમના ચંદ્રગ્રહણમાં સ્નાનાદિક વિધિ કરવાની આજ્ઞાનો મુક્તરાજે આધ્યાત્મિક અર્થ એવો કર્યો કે આ ચૈતન્યનો પ્રકાશ

અનેક દોષો-વાસનાઓ-કર્મસંસ્કારોના આવરણથી ઢંકાયેલો છે તેને પ્રભુપ્રસન્નતાના સાધનો દ્વારા પ્રભુની કૃપા ઊતરવાથી તે આવરણો હઠે છે, તેથી ચૈતન્યનો પ્રકાશ ફેલાય છે અને પ્રભુના પ્રકાશ સાથે અથવા સ્વયં પ્રભુ સાથે તેનું તાદાત્મ્ય સધાવાથી પ્રભુના દિવ્યસ્વરૂપ સંબંધી સુખભોક્તા થાય છે. ચંદ્રગ્રહણમાં જેમ ચંદ્રનો પ્રકાશ પૃથ્વીના પડછાયારૂપ રાહુના આવરણથી ઢંકાઈ જાય છે અને ફરી પાછો આવરણો દૂર થતાં ફેલાય છે, તેમ ચૈતન્યને અજ્ઞાન-અવિદ્યાનું, રાગ-દ્વેષ વગેરેના આવરણરૂપ ગ્રહણ નડે છે, જેથી જીવાત્મા અશુદ્ધ હોય છે, પરંતુ પ્રભુના અનુગ્રહથી જેવા આવરણો હઠે કે તરત જ તેની દિવ્યતા પ્રકાશે છે. ગ્રહણ હોય ત્યારે પ્રભુનું ધ્યાન-ભજન કરવું અને ગ્રહણ મુકાયા પછી સ્નાન કરવું, દાન કરવું, પ્રભુની પૂજા કરવી તે બધું symbolic પ્રતિકાત્મક છે, તે ઉપર મુજબની આધ્યાત્મિક ભાવના જાગૃત કરવાની એક વિધિ છે. ચંદ્રગ્રહણ પાછળનું વિજ્ઞાન એ પણ છે કે ચંદ્ર એ મનનો દેવતા છે. મનની ક્રિયાઓ અને ગતિવિધિઓ પાછળ ચંદ્રનું ગુરુત્વાકર્ષણ બળ તેમજ તેની કિરણોરૂપ ઊર્જા કામ કરે છે. જ્યારે ગ્રહણ થાય, ત્યારે તે વખતના ચંદ્રના દુષ્પ્રભાવની દુષિત અસર મન ઉપર થાય છે. એ વખતે પ્રભુનું ધ્યાન-ભજન કરવાથી તથા સ્નાનાદિ વિધિ કરવાથી મનની પવિત્રતા જળવાઈ રહે છે.

એવી જ રીતે બુદ્ધિ ઉપર સૂર્યના પ્રકાશનો જબરદસ્ત





પ્રભાવ હોય છે. સૂર્યગ્રહણ વખતે પણ બુદ્ધિ દુષિત ન થાય અને તેની પવિત્રતા જળવાઈ રહે એટલા માટે તે વખતે પણ ઉપર મુજબની વિધિનું પાલન કરવું આવશ્યક છે. આ રીતે ગ્રહણની વિધિનું પાલન કરવા પાછળ વૈજ્ઞાનિક કારણ પણ છૂપાયેલું છે. શ્રીહરિની આજ્ઞાઓ પાછળ આધ્યાત્મિક વિજ્ઞાનનું રહસ્ય ચોક્કસ હોય જ, તેને યથાર્થ સમજવું પડે અને સમજણપૂર્વકના પાલનથી પ્રભુની વિશેષ પ્રસન્નતા થાય છે. (૭૭)

દરેક બ્રહ્માંડમાં પૃથ્વીઓ ઉપર ઉત્ક્રાંતિ અને વિકાસનો ક્રમ પ્રલય થાય ત્યાં સુધી ચાલ્યા જ કરે છે. પ્રલય થાય ત્યારે એ બધું બંધ થઈ જાય છે. નવી સૃષ્ટિનો ઉદય થાય એટલે ફરીથી, નવેસરથી ઉત્ક્રાંતિ શરૂ થાય છે. સૂક્ષ્મસૃષ્ટિમાં રહેલા સિદ્ધો, મહાત્માઓ, યોગીઓ, ઋષિઓ, વૈજ્ઞાનિકો વગેરે પ્રગટ થઈને ઉત્ક્રાંતિને આગળ ધપાવે છે અને વિકાસ થયા કરે છે. સાથે સાથે પ્રભુના અવતારો, મુક્તો અને સ્વયં પરમાત્મા પોતે પ્રગટ થઈને જીવોના કલ્યાણનું કાર્ય પણ કર્યા જ કરે છે. (૭૮)

શ્રીજીમહારાજના અનાદિમુકત જયારે પ્રતિમામાં દિવ્યસંકલ્પ દ્વારા પ્રભુનો આવિર્ભાવ કરે, ત્યારે પ્રતિમા દિવ્ય પ્રકાશથી દેદીપ્યમાન થઈ ઝળહળે છે. ભગવાનના ભક્તો પ્રભુની આજ્ઞા અને નિયમ-ધર્મમાં રહી પવિત્રપણે શ્રદ્ધા તથા દિવ્યભાવ રાખી ધ્યાન-ભજન કરે, ત્યાં સુધી પ્રભુ તે

પ્રતિમામાં પ્રકાશે છે. લોકો પ્રભુની આજ્ઞા ને નિયમ-ધર્મ ન પાળે ને અધર્મનું આચરણ કરે તો પ્રતિમા સ્વરૂપમાંથી દિવ્યતા લુપ્ત થઇ જાય છે. સાકરના નાળિયેરની જેમ દરેક પ્રતિમા પ્રસાદીની જ છે. જેની દિવ્યદૃષ્ટિ-સ્થિતિ થઇ હોય તેને તો પોતાના ચૈતન્યની અંદર જ પ્રભુના દિવ્યસ્વરૂપનું પ્રગટીકરણ થયેલું હોય છે, એટલે તેને માટે તો સર્વે પ્રતિમા પ્રસાદીરૂપ જ છે. અરે! તેમને તો નિજમંદિર થઈ જવાથી સમગ્ર વિશ્વ દિવ્ય પ્રસાદીમય જ જણાય છે. (૭૯)

જ્યાં સુધી બાહ્ય change, બાહ્ય આનંદની અપેક્ષા રહે છે, ત્યાં સુધી આંતરિક પ્રગતિ થઇ નથી એમ સાબિત થાય છે. જ્યારે આંતરિક રીતે આધ્યાત્મિક પ્રગતિ થાય, ત્યારે બાહ્ય આનંદની આવશ્યકતા રહેતી નથી. જ્ઞાની મૂર્તિપૂજકો પ્રભુના કેવળ સ્થૂળ સ્વરૂપને જ નથી પૂજતા, પરંતુ સર્વવ્યાપી પરમાત્માને એકાગ્ર વૃત્તિથી શ્રદ્ધા-પ્રેમ-ભક્તિ દ્વારા તે પ્રતિમાને આરાધે છે, જેથી તેમાં રહેલ પરમાત્મભાવનું પ્રગટીકરણ થઇ અને પરમાત્માના દિવ્યસ્વરૂપનો સાક્ષાત્કાર થાય છે. મૂર્તિપૂજાનો વિરોધ કરનારની સમજણ અવૈજ્ઞાનિક છે, કારણ કે તેઓ તેની પાછળનું આ ગૂઢ રહસ્ય યથાર્થરૂપે સમજી શકતા નથી. (૮૦)

પ્રકૃતિલીન-પુરુષો કાળે કરીને જન્મ ધારણ કરે છે, તેમને અવતારો કહેવાય છે. ઈસુ-ખ્રિસ્ત, રામકૃષ્ણ પરમહંસ, સ્વામી વિવેકાનંદ, રમણમહર્ષિ, મહર્ષિ અરવિંદ જેવી વિભૂતિઓ





તથા પ્રધાનપુરુષો તથા મૂળપુરુષો વગેરેનો સત્સંગમાં જન્મ થશે અને અનાદિમુક્તો દ્વારા શ્રીજીમહારાજની સર્વોપરી ઉપાસના કરશે, ત્યારે આત્યંતિક મોક્ષને પામશે. જ્યાં સુધી આત્યંતિક મોક્ષ ન થાય, ત્યાં સુધી દરેકે જન્મ ધરવા પડે છે. (૮૧)

આ લોકમાં મનુષ્યરૂપે પ્રગટ થયા વગર પરભાવમાં રહ્યા થકા જીવોના કલ્યાણરૂપી અવરભાવનું કાર્ય થઇ શકતું નથી, કારણ કે પરભાવમાં પ્રભુએ સ્વામીભાવે પોતાનું દિવ્યસુખ આપવું અને મુક્તોને સેવકભાવે પ્રભુનું દિવ્યસુખ ભોગવવું એ જ પ્રક્રિયા છે. દિવ્યભાવમાં રહ્યા થકા પ્રભુ અને મુક્ત મનુષ્યશરીર ધારણ કરે ત્યારે જ અવરભાવમાં જીવોના કલ્યાણનું કાર્ય શક્ય બને છે. (૮૨)

પ્રભુના દરેક નામો દિવ્ય તેમ જ અગાધ શક્તિથી ભરેલા હોય છે. તે નામો પ્રભુના વિવિધ કલ્યાણકારી ગુણોને પ્રકાશે છે. અનાદિમુક્તોના નામ પણ એવા જ દિવ્ય ને શક્તિશાળી હોય છે. કારણ કે અનાદિમુક્તો પ્રભુ સાથે પરમસાધર્મ્ય પ્રાપ્ત કરેલા પૂર્ણ મુક્તો છે. (૮૩)

ભગવદ્‌ગીતામાં શ્રીકૃષ્ણ ભગવાને જીવોને પ્રભુના સનાતન અંશ કહ્યા છે તેનું કારણ એ છે કે જેમ પ્રભુ અનાદિ છે, તેમજ માયામાં રહેલા જીવો પણ અનાદિ છે. પ્રભુ દિવ્ય ને પૂર્ણ છે જ્યારે જીવો વસ્તુગતે દિવ્ય છે, પણ અપૂર્ણ છે. પ્રભુ અખંડ, અવિનાશી ને શાશ્વત છે તેમજ જીવો પણ

અખંડ, અવિનાશી ને શાશ્વત છે. ભૌતિક પદાર્થોના ગુણધર્મોથી ચૈતન્યના ગુણધર્મોનું સંપૂર્ણપણે વિલક્ષણપણું છે. પ્રભુ સાથેના કેટલાક ગુણો સાથેનું સામ્યપણું એને જ અંશભાવ કહેવામાં આવે છે, પરંતુ તે પ્રભુના ટુકડારૂપી, વિભાગરૂપી અંશ નથી, નહિ તો પ્રભુને અખંડ, અચ્યુત કઈ રીતે કહી શકાય? કારણ કે પ્રભુ ક્યારેક ખંડિત ને ક્યારેક અખંડ, ક્યારેક ચ્યુત ને ક્યારેક અચ્યુત એવું તો છે જ નહીં, એ ગુણધર્મો તો શાશ્વત છે. માટે ગુણધર્મોનું સામ્યપણું એ જ અંશભાવ છે. અને મુક્તદશામાં પ્રભુનું પરમસાધર્મ્યપણું એ જ પરભાવમાં અંશભાવ છે. જેટલા ગુણો પ્રભુના, એટલા જ મુક્તના. જેવું પ્રભુનું રૂપ, એવું જ મુક્તનું રૂપ. જેવું પ્રભુનું ઐશ્વર્ય-સામર્થ્ય, એવું જ મુક્તનું પણ ઐશ્વર્ય-સામર્થ્ય, એ જ પરમસાધર્મ્યપણું છે. માટે જ મુક્તોને પરભાવની રીતે પ્રભુના અંશ કહેવાય છે. (૮૪)

સિદ્ધ લોકમાં સૂક્ષ્મ-સિદ્ધ શરીરે રહેલા સિદ્ધો પૂર્ણ કક્ષાને નહિ પામેલા, પણ આગળ વધેલા હોય છે. તેઓ પોતાની અહંવૃત્તિ તેમજ રાગથી પ્રેરાઈને બ્રહ્માંડની પૃથ્વીઓના જીવોને purify અર્થાત્ શુદ્ધ કરવાનું કાર્ય પોતાની શક્તિ મર્યાદામાં રહી કર્યા કરતા હોય છે. જો પ્રભુ આવા uplift થયેલા, ઊર્ધ્વગતિને પામેલા જીવોને એ કાર્યમાં ન જોડે તો આખું વિશ્વ પાપકર્મોથી ખદબદે. માટે વિશ્વમાં balance સંતુલન જાળવવા માટે પ્રભુ તેવા ચૈતન્યો દ્વારા જીવોના શુદ્ધિકરણનું





કાર્ય કરાવે છે. અને એવા શુદ્ધ થયેલા ચૈતન્યોને પ્રભુ અનાદિમુક્ત દ્વારા પાત્ર કરી દિવ્યગતિ પમાડી આત્યંતિક મોક્ષ કરે છે. (૮૫)

વ્યક્તિને અનુભવના અભાવે એમ આશ્ચર્ય લાગે છે કે પ્રભુના સ્વરૂપમાં મુક્તચૈતન્યનો પ્રવેશ શી રીતે થાય? ભગવાનની મૂર્તિ શું પોલી છે? પ્રવેશ તો ફક્ત વૃત્તિનો જ થાય એમ માને છે, પરંતુ વૃત્તિ સૂક્ષ્મ હોવા છતાં ભૌતિક અને જડ છે. તેના કરતાં ચૈતન્ય અનેક ગણો સૂક્ષ્મ, નિર્ગુણ અને દિવ્ય છે. તેનો પ્રભુના દિવ્યસ્વરૂપમાં પ્રવેશ થાય તેમાં શું આશ્ચર્ય? physical energy અર્થાત્ ભૌતિક શક્તિઓ જેવી કે electricity વીજળી, light પ્રકાશ, sound અવાજ, electro-magnªic energy વીજચુંબકીય શક્તિ વગેરે બધી શક્તિઓ એક બીજાની અંદર merge એકરૂપ રહેવા છતાં એક બીજાને આવરણ કરતી નથી, તો દિવ્યશક્તિ બીજી દિવ્યશક્તિ સાથે merge એકરૂપ થઈને રહે અને આવરણ ન કરે તેમાં આશ્ચર્ય પામવા જેવું કંઈ જ નથી. નક્કર-પોલું વગેરે ભાવો માયિક બુદ્ધિમાં રહેલા છે. અને ચૈતન્યભૂમિકાઓ માયિક મન-વાણી-બુદ્ધિથી પર છે. (૮૬)

જીવકોટિના જીવો અનંત છે. નવા જીવો ઉદ્ભવતા નથી. એ સર્વે પૂર્ણ મુક્તદશાને પામે પછી શું? એવો પ્રશ્ન અસ્થાને છે, કારણ કે જે વસ્તુ અપાર હોય તેનો પાર પામી શકાય નહિ. તેથી તેનો પ્રશ્ન પણ ન હોય. જે વસ્તુનો પાર

પામી શકાય તે અંગેનો જ પ્રશ્ન સંભવે. અને ધારો કે દરેક ચૈતન્ય અનાદિમુક્તની દશાને પામે તો તે બધા પ્રભુ સંબંધી દિવ્યસુખ ભોગવશે તેમાં કોઈને ક્યાં કંઈ આપત્તિ હોઈ શકે? પરંતુ એ ઉત્ક્રાંતિની પ્રક્રિયા ઘણી ધીમી અને અનંત કાળ પર્યંત ચાલનારી છે. અનાદિ કાળથી ઉત્ક્રાંતિની પ્રક્રિયા ચાલે છે. બ્રહ્માંડો અનંત છે તેમાં એક બ્રહ્માંડમાં પણ અનંત જીવો છે, તેમાંથી અનંત મનુષ્યસૃષ્ટિમાંથી પણ પ્રભુ તથા તેમના મુક્તોના જોગ દ્વારા એક-બે, એક-બે એમ પૂર્ણમુક્ત સ્થિતિને પામે છે. પરમાત્મા અથવા એમના સિદ્ધમુક્તનું પ્રગટપણું હોય ત્યારે જે પાત્ર મુમુક્ષુ હોય તે જ પૂર્ણસ્થિતિ પ્રાપ્ત કરે છે. જ્યારે દરેક ચૈતન્ય પૂર્ણમુક્ત સ્થિતિને પામશે તે છેલ્લો, અંતિમ આત્યંતિક પ્રલય ગણાશે. (૮૭)

શ્રીજીમહારાજ કે તેમના અનાદિમુક્ત પૃથ્વી ઉપર મનુષ્યરૂપે પ્રગટ હોય ત્યારે સત્સંગ-બ્રહ્મયજ્ઞ કે સમૈયા પ્રસંગે તેઓ ખૂબ જ કૃપા-પ્રસન્નતા વરસાવે છે. દેવો, વિભૂતિ અવતારોને તેમના દર્શન કરવાની ગતિ નથી હોતી, તેમ છતાં તેમની ઉપર કૃપા કરીને તેમને પોતાના દર્શન આપે છે. પ્રભુના કે મુક્તના દર્શન પામીને તેઓ પ્રભુની દિવ્યતા જોઈને તેમના સ્વરૂપમાં દિવ્યભાવ સાથે સમગ્રપણે આકર્ષાઈ જાય છે. તેમાંથી જેઓ અત્યંત નિર્વાસનિક થઈ જાય અને જેઓની પોતાના લોકમાં રહેવાની આવરદા પૂરી થઈ ગઈ હોય તેમનો આત્યંતિક મોક્ષ થાય છે. (૮૮)





સેવકે એક વાર મુક્તરાજને પૂછ્યું, ‘પરમાત્માનું દિવ્ય તેજ શીતળ ને શાંત છે તો વાસ્તવિક રીતે તે તેજ શીતળ છે એવો મુક્તને અનુભવ થાય છે ખરો?’ એ પ્રશ્નના ઉત્તરમાં મુક્તરાજે કહ્યું, ‘હા, એ પ્રભુનું તેજ જેને બ્રહ્મ, અક્ષર, અક્ષરબ્રહ્મ, અક્ષરધામ, ચિદાકાશ, અન્વયસ્વરૂપ વગેરે નામથી સંબોધવામાં આવે છે. એ તેજ મુક્તને અત્યંત સુખરૂપ હોય છે. જેમ તીવ્ર ગરમીથી અકળાયેલા મનુષ્યને કોઈ નદી, તળાવ કે હોજ જેવા જળાશયમાં પડવાથી પાણીની ઠંડકનો અનુભવ થાય છે, તે અનુભવ દેહને થાય છે તો પણ આનંદ અનુભવાય છે. તેમ મુક્તને પ્રભુના તેજની શીતળતાનો અલૌકિક અનુભવ થાય છે તે ચૈતન્યને સળંગ અનુભવાય છે. એ તેજની શીતળતા દેહને અનુભવાય છે તેવી ભૌતિક ઠંડક નથી, પરંતુ એ તેજની શીતળતા વિશિષ્ટ પ્રકારની છે. એ વિશિષ્ટ શ્વેત તેજ બાળી નાંખે કે ઠારી નાંખે એવું નથી, પણ મુક્તચૈતન્યને અતિ સુખરૂપ છે, પરમાનંદમય છે, divine ecstacy છે. (૮૯)

સેવકે પૂછ્યું, ‘શ્રીજીમહારાજે પહેલા જ વચનામૃતમાં કહ્યું છે કે જેના મનની વૃત્તિ ભગવાનના સ્વરૂપમાં અખંડ રહેતી હોય તેથી અધિક કોઈ પ્રાપ્તિ નથી. તો પછી અનાદિમુક્તની સ્થિતિમાં ચૈતન્ય પ્રભુના સ્વરૂપમાં રહે છે, એ સ્થિતિ કઈ રીતે અધિક ગણાય? કારણ કે આ વચનામૃતમાં મહારાજે અખંડ વૃત્તિની વાત કરી છે.’ પ્રત્યુત્તરમાં મુક્તરાજે

કહ્યું, 'જ્યારે ચૈતન્ય પ્રભુરૂપ થઈ, પ્રભુના દિવ્ય સાકાર સ્વરૂપમાં સંલગ્ન થઈ જાય છે તેને જ અખંડ વૃત્તિ કહી છે. એવી પૂર્ણ સ્થિતિ થયા વગર તો મનની વૃત્તિથી પ્રભુમાં જોડાવાનો અભ્યાસ, પુરુષપ્રયત્ન ચાલે છે, તે સાધનદશા છે. એમ પ્રયત્ન કરતાં કરતાં મનની વૃત્તિ નિર્ગુણ થઈને આત્મામાં પરમાત્માનો સાક્ષાત્કાર થઈ જાય ત્યારે તે ભક્ત ગુણાતીત થાય છે. માયિક એવા ઇન્દ્રિયો-અંતઃકરણથી, જાગૃત-સ્વપ્ન-સુષુપ્તિ એ ત્રણ અવસ્થાથી, સ્થૂળ-સૂક્ષ્મ-કારણ ને ઐશ્વર્યના રાગરૂપ મહાકારણશરીરથી તેમ જ કાળ-કર્મ-માયા આ સર્વેથી પર થઈ જાય ત્યારે મન જ નથી રહેતું તો પછી મનની વૃત્તિ શી રીતે કહેવાય? માટે પૂર્ણ સિદ્ધમુક્તની સ્થિતિમાં ચૈતન્ય પોતાની દિવ્ય સત્તાથી પ્રભુની કૃપાએ પ્રભુના સ્વરૂપમાં સંલગ્ન થઈ જાય છે. તેને પ્રભુના દિવ્યસુખ સિવાય બીજું કંઈ જાણપણું રહેતું નથી. આ સ્થિતિ અનાદિમુક્તની સર્વોચ્ચ સ્થિતિ છે. આમ પ્રભુમાં અખંડ સ્થિતિ એ જ અનાદિમુક્તની સ્થિતિ છે ને તેથી અધિક કોઈ પ્રાપ્તિ નથી, મહારાજના કહેવાનું એ તાત્પર્ય છે.' કેવી અદ્‌ભુત સ્પષ્ટતા! (૯૦)

અબજીબાપાશ્રીએ બ્રહ્મયજ્ઞ ઉપર અનંત જીવોનો આત્યંતિક મોક્ષ કર્યો. એવું વર્ણન આવે ત્યારે કેટલાકને આશંકા થાય કે થોડા હજાર મનુષ્યો ભેગા થયા હોય તો અનંત કેવી રીતે કહેવાય? તો એનું તો એમ છે જે પશુ-પક્ષીઓ, અનંત જીવ-જંતુઓ વગેરે અનંત જીવોને મુક્તના





દર્શન-સ્પર્શનો, પ્રસાદીનો, મુક્તને સ્પર્શેલી હવાનો લાભ મળવાથી તેમના અનંત જન્મના આવરણો દૂર થવાથી તેમનો મોક્ષ થાય છે. સાથે સાથે અનંત દેવો, અવતારો, વિભૂતિઓને પણ પ્રભુ અથવા અનાદિમુક્તો મનુષ્યરૂપે હોય ત્યારે તેમની કૃપાથી દર્શનનો લાભ મળે છે. અને તેમાંથી જે કોઈ પાત્ર થયા હોય તો તેમનો આત્યંતિક મોક્ષ થઈ જાય છે. (૯૧)

શ્રીજીમહારાજ અને અનાદિમુક્તને ખૂબ જ ભાવ અને શ્રદ્ધાપૂર્વક પ્રાર્થના કરવામાં આવે ત્યારે પ્રગટ મુક્ત તે પ્રાર્થના કરનાર જીવના pardonable માફ કરી શકાય એવા કર્મોને સંકલ્પમાત્રમાં માફ કરી દે છે. પરંતુ unpardonable માફ ન કરી શકાય એવા કર્મોને પોતે ગ્રહણ કરી લે છે. એમ અનેક જીવોના કઠણ પ્રારબ્ધકર્મો પોતાના દેહ દ્વારા ભોગવી નાંખતા જણાય છે. પોતાને તો તેનો સ્પર્શ પણ થતો હોતો નથી. તેમને પોતાના દેહની પીડાનો અનુભવ થતો નથી. મુક્તના મંદવાડ વખતે મુક્તની સેવા કરનાર ન્યાલ થઈ જાય છે, પરંતુ તે સેવા નિર્વિકલ્પ રહીને કરવી આવશ્યક છે. નિર્વિકલ્પ રહીને મુક્તની સેવા કરનાર મુમુક્ષુના ચૈતન્ય પરના અનેક જન્મના કર્મસંસ્કારોના આવરણો દૂર થઈ જાય છે. મુક્ત મનુષ્યરૂપ અદૃશ્ય કરે પછી દિવ્યરૂપે પોતાના દિવ્યસંકલ્પ દ્વારા જ પોતાના હેતવાળા ભક્તના કઠણ પ્રારબ્ધકર્મો બાળી તેમને સુખિયા કરે છે. માટે જીવોના પ્રારબ્ધકર્મો બાળવાની અવરભાવની ને પરભાવની પ્રક્રિયા ભિન્ન છે. (૯૨)

અનાદિમુક્ત સિદ્ધસંકલ્પ-સત્યસંકલ્પ હોવાથી તેઓ જે સંકલ્પ કરે તે સંકલ્પ દિવ્યશક્તિએ યુક્ત હોવાથી તત્કાળ સિદ્ધ થાય છે. તેમના બળવાન સંકલ્પ દ્વારા ભૌતિક જગતમાં પણ તત્કાળ પરિવર્તન આવે છે. અને જે હેતુથી સંકલ્પ કર્યો હોય તે તરત જ પરિપૂર્ણ થાય છે. (૯૩)

જીવો જે કાંઈ પાપ-પુણ્યરૂપ કર્મ કરે તેમાંના ક્રિયમાણ કર્મોનું ફળ તેમને તત્કાળ મળે છે. જે કર્મો લાંબે ગાળે ફળ આપે એવા હોય તે સંચિત થઈ ચિતમાં પડી રહે છે, તેને સંચિતકર્મ કહેવામાં આવે છે. એવા સંચિતકર્મો વધુ દૃઢ થતાં સંસ્કારરૂપ થઈ પ્રારબ્ધકર્મોમાં ફેરવાઈ જાય છે. એક વાર પ્રારબ્ધકર્મ બંધાઈ ગયા પછી એનું વળગણ એટલું બધું વજ્ર જેવું સંગીન હોય છે, કે જીવોને તેનું ફળ ભોગવાવીને જ તે કર્મો શાંત થાય છે. કર્મની ગતિ અતિ સૂક્ષ્મ ને ગહન છે. જીવોને તેમના પ્રારબ્ધકર્મો ભોગવવા જ પડે છે, કર્મનો એવો અફર સિદ્ધાંત છે. કેવળ પ્રભુ તથા તેમના પૂર્ણ મુક્તો જ પ્રારબ્ધમાં ફેરફાર કરી શકે છે. બીજા કોઈ દેવી-દેવતાઓ કે વિભૂતિ અવતારો પણ પ્રભુની મરજી વગર તેમાં કંઈ કરી શકતા નથી. પ્રભુ તથા મુક્તો સર્વસમર્થ હોવા છતાં સૃષ્ટિના નિયમોમાં અતિ અનિવાર્યતા સિવાય બિનજરૂરી હસ્તક્ષેપ કરતા નથી.

પૂર્ણ મુક્તનું મનુષ્યરૂપે વિચરણ એ કેવળ જીવોના કલ્યાણ કરવારૂપ ઉદ્દેશથી જ હોય છે. તેઓ દિવ્ય સ્થિતિમાં





રહી પ્રભુના દિવ્યસુખનો જ આહાર કરતા થકા એ દિવ્ય સ્થિતિમાંથી ચલિત થયા વગર પ્રભુના સંકલ્પથી જ મનુષ્યરૂપે પૃથ્વી પર પ્રગટ થઈ જીવોને દૃષ્ટિગોચર થાય છે. ત્યારે એ મુક્ત પોતાના સંબંધમાં તથા દૃષ્ટિમાં આવતા અનેક જીવોના વજ્રરૂપે વળગેલા અનંત પ્રારબ્ધકર્મોમાંથી જે માફ કરી શકાય એવા કર્મો દિવ્ય સંકલ્પશક્તિથી માફ કરી દે છે. અને માફ ન કરી શકાય એવા કર્મો પોતે લઈ લે છે. અને પોતે સંકલ્પમાત્રથી ધારણ કરેલા એવા પોતાના શરીર દ્વારા તે કર્મોના ફળને ભોગવી નાંખતા હોય એવા દર્શન કરાવે છે. મુક્તનો દેહ પણ નિર્ગુણ અને દિવ્ય હોય છે. તેમ છતાં તેઓ પોતાના દેહને સૃષ્ટિના નિયમ અનુસાર કુદરતી રીતે જ વર્તાવે છે. તેમાં દેખાતા દુઃખ, રોગ, વૃદ્ધાવસ્થા વગેરે ભૌતિક ભાવો પણ માયિક ન હોતાં નિર્ગુણ ને દિવ્ય જ હોય છે. તેવા ભાવોથી મુમુક્ષુજીવને મુક્તમાં આત્મબુદ્ધિ થતાં તેના અનંત પ્રારબ્ધકર્મો મુક્ત પોતે ગ્રહણ કરી લઈ, મુમુક્ષુને આત્યંતિક કલ્યાણને માર્ગે પ્રગતિ કરાવે છે.

એવા અનેક મુમુક્ષુજીવોના પ્રારબ્ધકર્મો લઈને મુક્ત જીવોના અનંત જન્મો કાપી નાંખે છે. અનેક જન્મો ધરવા પડે એટલા બધા પ્રારબ્ધકર્મોનો ક્ષય કરી એ જ જન્મે પાત્ર મુમુક્ષુનો મોક્ષ કરવો અને બીજા જીવોના જન્મો ઘટાડીને મોક્ષનો માર્ગ ટુંકાવી નાંખવો તે પ્રભુ અને તેમના મુક્તોની કેટલી અપાર કરુણા ને તેમનું અકલ્પ્ય સામર્થ્ય કહેવાય!

જીવોના કઠણ પ્રારબ્ધ લઈ લેવા તે કાર્ય પ્રભુ તથા તેમના મુક્ત જ કરી શકે છે. કોઈને આયુષ્ય વધારવું, આવશ્યકતા હોય ત્યારે આવરદા ઓછી કરી જીવને પ્રભુના સુખમાં મૂકવો, કોઈકની આવરદા અન્યને આપવી. જીવોના દેહ બદલી નાંખવા વગેરે કાર્યો પૂર્ણ મુક્ત સિવાય બીજાથી સંભવી શકતા નથી.

કેટલાક યોગીઓ પોતાની યોગશક્તિથી બીજાના રોગ લઈ શકે છે. તેઓ બીજાના શરીર સાથે સંયમ દ્વારા એકપણાની ભાવના કરીને રોગને transfer તબદીલ કરીને પોતાના શરીરમાં ગ્રહણ કરી શકે છે. (યોગમાર્ગમાં સંયમ એટલે ધારણા, ધ્યાન અને સમાધિ આ ત્રણેય ક્રિયાઓ એક સાથે થાય ત્યારે તે એકબીજામાં અંતર્ગત ક્રિયાને સંયમ કહેવાય છે.) પરંતુ જીવોના પ્રારબ્ધકર્મનો ક્ષય કરી શકે નહીં. બીજાના પ્રારબ્ધ કર્મો તેઓ પોતે લઈ પણ શકે નહિ. કેટલાક યોગીઓ બીજાના ક્ષય વગેરે રોગ લઈ પોતે દેહ દ્વારા ભોગવે છે ને તેની પીડા પણ ભોગવે છે. પરંતુ સહનશક્તિ કેળવાયેલી હોવાથી તેઓ પીડા સહન કરી શકે છે. જેમ ઔષધની શક્તિથી રોગનો નાશ થાય છે, તેમ યોગશક્તિથી યોગીઓ બીજાના રોગ લઈ શકે છે.

પ્રભુના પૂર્ણમુક્ત આશીર્વચન કે સંકલ્પ માત્રથી જ અનેકના રોગનો નાશ કરી શકે છે. અનેકના પ્રારબ્ધકર્મો લઈ શકે છે. તે પ્રારબ્ધકર્મોનું ફળ પોતાના શરીર દ્વારા





ભોગવતા હોય તેમ જણાવતા હોવા છતાં તેની પીડાનો લેશમાત્ર પણ તેમને અનુભવ થતો નથી, એ તો ફક્ત દેખાવ પૂરતું જ હોય છે. પોતાના શરીર દ્વારા બીજાના પ્રારબ્ધ ભોગવવાનો દેખાવ કરવામાં તેઓ સંપૂર્ણ સ્વતંત્ર હોય છે. દા.ત. કોઈને કૅંસરનો રોગ થાય એવું પ્રારબ્ધ હોય તો પોતાના શરીર દ્વારા કૅંસરનો રોગ જ દેખાડવો તેવું જરૂરી નથી. એ તો પગનો દુખાવો કે કાનનો દુખાવો, એમ કોઈ પણ અંગના દુખાવારૂપે દેખાડી શકે છે. પ્રભુના સુખે સુખી હોવાથી તેમને પીડા કે દુઃખ જેવું કાંઈ હોતું જ નથી.

જ્યારે અપૂર્ણ સ્થિતિવાળો પણ ઉચ્ચ સાધક એવો યોગી યોગની શક્તિથી જેનો જે રોગ હોય તે લે તો તે રોગ જ તેને ભોગવવો પડે છે ને તેની પીડા પણ ભોગવવી પડે છે. દા.ત. તે કોઈનો ક્ષય રોગ લે તો તેને ક્ષય રોગની જ પીડા ભોગવવી પડે છે. મુક્ત પોતાના આયુષ્યમાંથી બીજાને આયુષ્ય આપી શકે છે. તેથી પોતાના શરીરનું આયુષ્ય ઓછું કરતા દેખાડે છે, એવા કૃપાળુ હોય છે. કોઈ જીવનું આયુષ્ય પોતાને અર્થે તેઓ ક્યારેય લેતા નથી, કારણ કે અલ્પ એવા જીવોનું આયુષ્ય તેઓ શા માટે લે? કોઈ મુમુક્ષુ ગમે તેટલી પ્રાર્થના કરે તો પણ અનાદિમુક્ત તેનું આયુષ્ય પોતાને અર્થે લેતા નથી. પોતે ઈચ્છે તો સ્વતંત્રપણે જેટલા વર્ષ રહેવું હોય, તેટલા વર્ષ રહી શકે. માટે બીજાના આયુષ્યની તેમને જરૂર નથી હોતી. જીવોને પોતાના પ્રારબ્ધકર્મો અનુસાર આયુષ્ય

હોય છે. મુક્તોને તો કર્મ જ નથી હોતા તેથી આયુષ્ય જેવું પણ કાંઈ હોતું નથી. મનુષ્યશરીરમાં રહી બીજા જીવોના કલ્યાણરૂપ કાર્યનો સંકલ્પ લઈને આવ્યા હોય તેટલું રહે છે અને તે કાર્ય પૂર્ણ થયા પછી અદૃશ્ય થાય છે.

મુક્ત અદૃશ્ય થાય તે પહેલાં ઉચ્ચ સાધનદશાવાળા મુમુક્ષુમાં પોતાના બળવાન સંકલ્પ મૂકીને જીવોના કલ્યાણનું કાર્ય ચાલુ જ રાખે છે. એવા પાત્ર મુમુક્ષુ પણ એક બે જ હોય છે. એવા મુમુક્ષુ ઉપર પ્રભુ તથા મુક્તની અતિ પ્રસન્નતા હોવાથી તેમને માધ્યમ બનાવીને કાર્ય કરે છે. એવા મુમુક્ષુસાધક પણ આશીર્વાદ આપીને જીવનું રૂડું કરી શકે છે. પ્રભુ તથા મુક્ત તેના દ્વારા બીજા જીવોના કલ્યાણ પણ કરે છે. તે સાધક પૂર્ણસ્થિતિવાળો મુક્ત ન હોવાથી બીજાના પ્રારબ્ધકર્મો લઈ શકતો નથી, પણ તેણે આપેલા આશીર્વાદ પાછળ રહેલી પ્રભુની તથા મુક્તની સંકલ્પશક્તિ દ્વારા બીજા જીવોના સંચિતકર્મોમાં ફેરફાર થઈ શકે છે અને આશીર્વચન મુજબ ફળ-પ્રાપ્તિ પણ થાય છે. એવા સાધક દ્વારા પ્રભુ અમુક કલ્યાણકારી કાર્યો કરાવ્યા પછી તે કૃપાપાત્ર હોવાથી તેને મુક્ત કરીને પોતાના સુખમાં લઈ જાય છે.

મુક્ત મનુષ્યરૂપે હોય તેની વિશિષ્ટતા તો આપણે આગળ જોઈ ગયા તે પ્રમાણે છે જ, તદુપરાંત તેમની પાસેથી જ્ઞાન, પ્રેરણા, બળ વગેરે મળી શકે છે. વાતે-ચીતે, જોગ-સમાગમ-સેવાનો લાભ સાધકો મુક્ત પાસેથી મેળવી શકે છે.





મુક્ત અદૃશ્ય થઈ ગયા પછી એવો લાભ મળવો બંધ થઈ જાય છે, પરંતુ વસ્તુગતે મુક્ત મનુષ્યરૂપે હોય કે અદૃશ્ય થઈ ગયા પછી દિવ્યરૂપે હોય તે બન્ને એક જ છે. કારણ કે તેઓ પ્રભુરૂપ હોવાથી પ્રભુના સુખમાં જ ગુલતાન હોય છે. સાધક જ્યારે મુક્તદશા પામે, ત્યારે નિરાવરણ થાય છે. તેથી પ્રભુ અને મુક્ત સાથે કોઈ આવરણ ન રહેવાથી જેમ છે તેમ તેઓની લીલા સમજાય છે. જ્યાં સુધી સાધનદશા છે, ત્યાં સુધી મનુષ્યરૂપ મુક્તનો જોગ કરવાથી વિશિષ્ટ લાભ મળે છે. (૯૪)

મુક્તપુરુષ જ્યારે જીવને વર્તમાન ધરાવી, સંકલ્પ કરીને સ્વામિનારાયણ ભગવાનની કંઠી પહેરાવે, ત્યારે તે ઉત્તમ રક્ષાકવચ બની જાય છે. તે કંઠી પાછળના મુક્તના દિવ્યસંકલ્પ દ્વારા ભક્તની આંતર-બાહ્ય વિઘ્નો, વિક્ષેપો, શત્રુઓ એ સર્વે થકી રક્ષા થાય છે. ભક્તને મુક્તમાં શ્રદ્ધાની દૃઢતા હોય તો તેનામાં નિર્ભયતા, નિર્મળતા, પવિત્રતા વગેરે ગુણોનો વિકાસ થાય છે. મુક્તમાં અને તેમના આશીર્વચનોમાં અતૂટ શ્રદ્ધા હોવી આવશ્યક છે. (૯૫)

મુક્તરાજ નારાયણમામા લંડન, અમેરિકાની યાત્રાએ ગયેલા ત્યારે ત્યાંના નદી-તળાવો, સમુદ્ર કિનારાઓ વગેરે જળાશયોમાં શ્રીજીમહારાજની અતિ પ્રસાદીભૂત ચરણરજ પધરાવી અનંત જીવોના આત્યંતિક કલ્યાણનો સંકલ્પ કર્યો હતો. ભરતખંડમાં માનવ વસ્તી ઘણી હોવાથી જીવોને

ભરતખંડમાં મનુષ્ય જન્મ થવો શક્ય ન હોવાથી એ બધા જીવોને પ્રભુ અન્ય બ્રહ્માંડોની પૃથ્વી ઉપર મનુષ્ય જન્મ ધરાવી કલ્યાણ કરે છે. આપણી પૃથ્વી સિવાય બીજા અનંત બ્રહ્માંડોમાં પૃથ્વીઓ છે અને ત્યાં પણ મનુષ્યસૃષ્ટિ છે એ વાતનું રહસ્ય મુક્તરાજે સેવકને કહ્યું. (૯૬)

ભગવાન કે મુક્ત થઈને મનાવા-પૂજાવાના કે યશ-કીર્તિ-પ્રસિદ્ધિના રાગવાળા જો બુદ્ધિશાળી ને શક્તિશાળી હોય તો પ્રભુ તેઓની પાસે જીવોના કલ્યાણ માટેની પ્રવૃત્તિઓ કેટલેક અંશે તેમના ધન, બુદ્ધિ, શક્તિ વગેરેનો ઉપયોગ કરી કરાવી લે છે. તેથી બીજા જીવોને તેનો લાભ મળે, પરંતુ એવી મહત્વાકાંક્ષાવાળા ને દંભી વ્યક્તિઓ પોતે આંતરિક રીતે એક ડગલું પણ આગળ વધી શકતા નથી. તેમને અંત વખતે ખૂબ પસ્તાવો થાય છે અને મૃત્યુ પછી પણ શાંતિ પામી શકતા નથી. કારણ કે પ્રભુના સ્વરૂપ સિવાય બીજે રહેલી શુભ કે અશુભ કોઈ પણ વાસના જન્મ ધરાવે છે અને અનેક પ્રકારની મુશ્કેલીઓ ને દુઃખો ભોગવાવે છે. (૯૭)

અનાદિમુક્ત મનુષ્યરૂપે પ્રગટ હોય ત્યારે પ્રતિમાસ્વરૂપોમાં પરમાત્માના સ્વરૂપનો પૂર્ણ આવિર્ભાવ થાય છે. એવા પૂર્ણ મુક્ત ન હોય ત્યારે ભક્તનો જેવો અને જેટલો ભાવ તથા શ્રદ્ધા હોય એ પ્રમાણે પ્રભુના પ્રતિમાસ્વરૂપમાં પ્રભુનો આવિર્ભાવ થાય છે. ભક્તની પ્રભુને વિષે શ્રદ્ધા તથા દિવ્યભાવ જેમ વધુ ને વધુ દૃઢ થતા જાય,





તેમ પ્રભુનો આવિર્ભાવ તથા દિવ્યતા પણ તે પ્રતિમાસ્વરૂપમાં વધતા જાય છે, કારણ કે ભક્તની પ્રભુ પ્રત્યેની અતિ દૃઢ શ્રદ્ધા તેમજ નિર્ગુણ પ્રેમ પ્રભુની દિવ્યતાને આકર્ષે છે. પ્રતિમાસ્વરૂપ એ ભક્તમાં શ્રદ્ધા તથા દિવ્યભાવ વધારવાનું ઉત્તમ માધ્યમ છે. (૯૮)

અનંત બ્રહ્માંડોમાં પૃથ્વીઓ ઉપર જ્યાં જ્યાં મનુષ્યસૃષ્ટિ છે તેને આ લોક અથવા મૃત્યુલોક કહેવાય છે. કેટલીક જગ્યાએ ભગવાનના અવતારો પ્રગટ થયેલા છે, અમુક જગ્યાએ ભગવાન સ્વયં પ્રગટ થયેલા છે અને કેટલીક જગ્યાએ ભગવાનના મુક્તો પ્રગટ થઈને ભગવાનના કાર્યો કરે છે. આ રીતે બ્રહ્માંડોમાં રહેલા જીવોના કલ્યાણનું કાર્ય અવિરતપણે ચાલ્યા જ કરે છે. (૯૯)

ત્યાગીને પાળવાના સોળે-બોળેના નિયમ પાલનનો સામાન્ય ને સ્થૂળ અર્થ એ છે કે સાધનકાળમાં શરીર અને અંતઃકરણની શુદ્ધિ જરૂરી હોવાથી નહાવું-ધોવું અને ઈન્દ્રિયો-અંતઃકરણના આહાર શુદ્ધ કરવા અને વાસના તથા આસક્તિએ કરીને શબ્દ-સ્પર્શ-રૂપ-રસ-ગંધના અશુદ્ધ આહાર વર્જવા. સોળે-બોળેનો સૂક્ષ્મ આધ્યાત્મિક અર્થ એ છે કે શ્રીજીમહારાજની મૂર્તિમાં સમગ્રપણે અખંડ જોડાઈ રહેવું તે સોળે કહેવાય અને મૂર્તિમાંથી વૃત્તિ ઉખડી મૂર્તિ સિવાયના બીજા કોઈપણ વિષયમાં ચોંટે તો એટલી મલિનતા થઈ કહેવાય તેથી તે બોળે કહેવાય. અંતઃકરણમાં સંઘર્ષ ચાલતો હોવાથી

તેની શુદ્ધિ અશુદ્ધિ થયા કરે છે તેથી મૂંઝાવું નહિ અને હિંમત હાર્યા વગર મૂર્તિમાં જોડાવાનો અભ્યાસ કર્યા કરવો. (૧૦૦)

જે મુમુક્ષુને પ્રભુ તથા મુક્તની કૃપા-પ્રસન્નતા મેળવવાની તથા પરમાત્માનો સાક્ષાત્કાર કરી મુક્તદશા પ્રાપ્ત કરવાની ત્વરા છે, આતુરતા છે, ગરજ છે અને સાચો ભાવ છે તેને જ પ્રગટ મુક્તના વિચરણ દરમ્યાન લાભ મળે છે અને જેને એવી ગરજ નથી તે કોરો રહી જાય છે. (૧૦૧)

શ્રીજીમહારાજ તથા તેમના અનાદિમુક્તનું મનુષ્યરૂપે પ્રાગટ્ય હોય ત્યારે તેમને જે કંઈ અર્પણ કરવામાં આવે તેની ઉપર તેઓ દિવ્યસંકલ્પેયુક્ત દૃષ્ટિ કરે, અથવા સ્પર્શ કરે કે તરત જ તે પદાર્થ શુદ્ધ, નિર્ગુણ ને દિવ્ય પ્રસાદરૂપ બની જાય છે. પ્રભુના પ્રતિમાસ્વરૂપને પણ અન્ન, જળ કે ફળ-ફૂલ વગેરે પદાર્થ અતિ પવિત્ર થઇ દિવ્યભાવથી ધરાવવામાં આવે તો તે પણ શુદ્ધ, નિર્ગુણ ને દિવ્ય બને છે. પરંતુ કોઈ અશુદ્ધ-અપવિત્ર વ્યક્તિ અશુદ્ધપણે બીજાને પ્રસાદ આપે, તો તેના સ્પર્શથી તે પ્રસાદમાંથી પણ દિવ્યતા ને પવિત્રતા ઘટી જાય છે. કારણ કે જેમ પવિત્ર વ્યક્તિમાંથી પવિત્ર aureole rediation પ્રભા વલય નીકળે છે, તેમજ અપવિત્ર વ્યક્તિમાંથી અપવિત્ર aureole rediation નીકળે છે. માટે પ્રભુનો પ્રસાદ પણ જેણે બીજાને વહેંચવો હોય તેણે નાહી-ધોઈ અથવા હાથ-પગ-મોં ધોઈ પવિત્રપણે ને શુદ્ધભાવથી આપવો જોઈએ, જેથી પ્રસાદની પવિત્રતા ને દિવ્યતા જળવાઈ રહે. મુમુક્ષુ સાધકે





આવી સૂક્ષ્મ બાબતનું બરોબર ધ્યાન રાખવું જોઈએ. (૧૦૨)

મહારાજ તથા મુક્તની દૈનિક ક્રિયાઓ બીજા ભક્તો જેવી સામાન્ય લાગતી હોવા છતાં તેમાં ઘણો તફાવત હોય છે. મુક્ત બીજા ભક્ત સાથે કચરો સાફ કરવો, કડિયા-મજૂરનું કામ કરવું વગેરે નાનું કામ કરતા હોય તો પણ બીજાના કાર્યમાં ને મુક્તના કાર્યમાં આસમાન-જમીનનો તફાવત હોય છે. મુક્તની એવી ક્રિયાઓ નિર્ગુણ, દિવ્ય ને કલ્યાણકારી હોય છે. શ્રીજીમહારાજ પોતે પણ મંદિર નિર્માણના કાર્ય દરમ્યાન મસ્તક ઉપર ઈંટો-પથ્થર ઉપાડવા જેવું મજૂરીનું કાર્ય કરતા તેમ જ તેમના મહાન સંતો ને મુક્તો પણ એવા કાર્ય કરતા. આવી ક્રિયાઓમાં પણ અનંત જીવોના કલ્યાણ થતા હોય છે. જેને દિવ્યભાવ કે દિવ્ય સ્થિતિ હોય તેને જ આ વાતની ખબર પડે છે. (૧૦૩)

મુક્તરાજે સંત તુકારામની વાત કરતાં કહ્યું કે તેઓ સિદ્ધ પુરુષ હતા. તેમણે એક વખત કહેલું કે ચૌદેય લોકના દેવો ને દિગ્પાલો તે બધાય મને પૂજ્યપણે માને છે તથા મારી આજ્ઞા માથે ચડાવે છે, પરંતુ પૃથ્વી પરના માનવીને મારી મોટપ ખબર નથી તેથી મને સાવ સાદો ગણી મારું કહ્યું માનતા નથી એવું અજ્ઞાન છે. એવી રીતે સિદ્ધ અનાદિમુક્ત મનુષ્યરૂપે હોય ત્યારે તેમને ઓળખવા બહુ કઠણ છે. તેઓ મહારાજની મૂર્તિના સંબંધે યુક્ત હોવાથી સર્વોપરી સત્તાએ બિરાજતા હોય, તો પણ આ લોકના

માનવીને તે સાવ સાદા જણાય, તેથી તેમનામાં પોતાના જેવા માયિકભાવો પરઠે અને દ્રોહ પણ કરી બેસે એવા જીવના અવળા સ્વભાવ હોય છે. (૧૦૪)

અમુક ઉચ્ચ સાધનદશાવાળા મુમુક્ષુમાં પણ પ્રભુ ક્યારેક થોડા સમય પૂરતી એકતાનો ભાવ જણાવે છે. તે સાધકમાં રહીને પોતે બોલે-ચાલે વગેરે ક્રિયાના ભાવ જણાવે. તત્કાળ પૂરતો તે સાધક પોતાપણાનો ભાવ ભૂલી જાય છે ને તેના દ્વારા કેવળ પ્રભુનો જ ભાવ વ્યક્ત થાય છે. આવી સ્થિતિ તે સાધકને અખંડ રહેતી નથી. પ્રભુની ઈચ્છાથી જ થોડો વખત એવી અલૌકિક સ્થિતિ રહે છે. પછી દેહની સ્મૃતિ થતાં એ સ્થિતિનો લોપ થાય છે. જ્યારે સિદ્ધ અનાદિમુક્તને તો પોતે અખંડ પ્રભુરૂપ હોવાથી પ્રભુ સાથેની એકતા અખંડ રહે છે ને પ્રભુના સ્વરૂપ સંબંધી અખંડ સુખ માણે છે. (૧૦૫)

વ્યક્તિને સ્થૂળશરીરનો અંત આવે ત્યારે રોગાદિ કારણોથી સ્થૂળશરીરના living cells જીવંત કોષો ક્રમે ક્રમે નાશ પામે છે અને બધા અંગો ખોટા પડવા માંડે છે. શરીરના કોષો પણ ચૈતન્યની શક્તિને આધારે જ જીવંત જણાય છે. તે ચૈતન્ય પોતાની જ્ઞાનશક્તિએ કરીને નખશિખ આખાય શરીરમાં વ્યાપીને રહેલો છે. દેહના અંતકાળે તે જ્ઞાનશક્તિનો સંકોચ થાય છે અને તે શક્તિના સંકોચને કારણે શરીરના કોષોનો નાશ થાય છે. ચૈતન્ય અણુ સરખો સૂક્ષ્મ હોવા છતાં





પોતાની જ્ઞાનશક્તિથી આખા શરીરમાં વ્યાપેલો છે. મૃત્યુ વખતે કોષોમાંથી તે પોતાની શક્તિ ખસેડી લે છે ત્યારે કોષો નષ્ટ થાય છે. કોષો નષ્ટ થવાથી શરીર પણ જડ થઈ જાય, એટલે તે ચૈતન્ય સ્થૂળશરીરનો ત્યાગ કરી દે છે. હાર્ટઍટેક કે અકસ્માત વખતે પણ આવી ક્રિયા થાય છે અને સ્થૂળ શરીરનું મૃત્યુ થાય છે. પરંતુ આ જ્ઞાનશક્તિના સંકોચની અને કોષો નાશ થવાની પ્રક્રિયા ખૂબ જ ઝડપથી થવાથી વ્યક્તિનું મૃત્યુ તરત થયેલું જણાય છે. (૧૦૬)

જે સાધકને શ્રીજીમહારાજની તથા તેમના મુક્તની કૃપાથી પરમાત્માના સ્વરૂપનો સાક્ષાત્કાર થાય, તેનો ચૈતન્ય પ્રભુના દિવ્ય તેજ સાથે સજાતીય હોવાથી તે ચૈતન્ય બ્રહ્મરૂપ થાય છે. પ્રભુની ઈચ્છાથી તેને ચૈતન્યપ્રકૃતિનો દેહ બંધાય છે. અર્થાત્ તે ચૈતન્ય નિરાકારમાંથી દિવ્યસાકાર બને છે. તે પ્રભુના જેવો જ દિવ્ય આકાર ધારણ કરી પ્રભુના સ્વરૂપ સાથે રસબસ લીન રહી પ્રભુસંબંધી દિવ્ય સુખ માણે છે. આ સ્થિતિને જ આત્યંતિક મોક્ષ કહેવાય છે. (૧૦૭)

સાધનાખંડમાં પ્રભુની તથા સિદ્ધ મુક્તોની પ્રતિમાઓ રાખી હોય તો ત્યાંનું વાતાવરણ ખૂબ જ સ્વચ્છ, શુદ્ધ અને પવિત્ર રાખવું ઘટે. તેવા ખંડમાં હંમેશ સ્વચ્છતા અને શાંતિ જાળવવા જોઈએ. તે રૂમમાં દાખલ થતા પહેલાં શરીરને નાહી-ધોઈ અથવા હાથ-પગ-મોં ધોઈ સ્વચ્છ થયા પછી જ તે ખંડમાં પ્રવેશ કરવો જોઈએ. સાધનાખંડમાં પ્રવેશ કર્યા પછી

શાંત ચિત્તે બેસી પ્રભુ તથા મુક્તોને સંભારી તેમને શુદ્ધભાવથી નમસ્કાર કરી પ્રાર્થના કરવી અને મનમાં શુભ ભાવતરંગો ઉત્પન્ન કરવા. આવા શુભભાવથી સર્વવ્યાપી પ્રભુ તથા તેમના મુક્તોનો વિશિષ્ટપણે આવિર્ભાવ થાય છે. પ્રભુ તથા મુક્તના દિવ્ય નામોચ્ચારણથી વાતાવરણ ભરી દેવું. આવી ક્રિયાથી પવિત્ર વાતાવરણનું નિર્માણ થવાથી સાધના નિર્વિઘ્ને થઈ શકે છે. અપવિત્ર તનમનથી વાતાવરણની દિવ્યતા-પવિત્રતા ઘટે છે. સુગંધિત ધૂપ-દીપથી પણ વાતાવરણ શુદ્ધ તેમજ આહ્‌લાદક બનવામાં સહાય મળે છે. સાધક માટે આ બધી બાબતો અતિ અગત્યની છે. (૧૦૮)

શ્રીજીમહારાજના દિવ્યસ્વરૂપમાં અનંત અનાદિમુક્તો મૂર્તિરૂપે તે સ્વરૂપ સંબંધી અદ્વિતીય દિવ્યસુખનો નિરંતર આહાર કરે છે. એ સુખમાં ક્યારેય તૃપ્ત થતા નથી. તે અનંત મુક્તોની એકતા અખંડ રહે છે. તેમ છતાં દરેક મુક્તને પ્રભુ સાથેનો પોતાનો સંબંધ અનોખો, આગવો અને વિશિષ્ટ અનુભવાય છે. મુક્ત અને શ્રીહરિ વચ્ચે બીજું કોઈ આવરણ રહેતું નથી. બીજા મુક્તો પણ જણાતા નથી. સર્વોપરી પ્રભુનું અદ્વિતીય સ્વરૂપ જ મુક્તને મુખ્યપણે રહે છે. પ્રભુ પોતે ઈચ્છા કરે ત્યારે જ તે મુક્તને બીજા અનંત મુક્તો મૂર્તિમાં રહી સુખ ભોગવે છે એવા દર્શન થાય છે. એ અનુભવ પણ મુક્તને અખંડ નથી રહેતો. કેવળ પ્રભુની ઈચ્છાથી જ એવું જાણપણું થાય છે. મુક્ત પોતે પણ શ્રીજીમહારાજ સિવાય





બીજું જાણપણું ઈચ્છતા જ નથી. મુક્તને તો પોતાના સ્વામી સિવાય બીજા કશાની કોઈ અપેક્ષા જ નથી હોતી. પરભાવમાં મુક્તને પોતાના સ્વામી જે શ્રીહરિ તેમની દિવ્ય મૂર્તિના સુખનું જ જાણપણું રહે છે. આ પૂર્ણમુક્તની સર્વોચ્ચ ને અંતિમ સ્થિતિ છે. અનાદિમુક્તની સ્થિતિથી પર એક શ્રીહરિ જ છે અને તે સર્વોપરી પરમાત્મા ભગવાન સ્વામિનારાયણથી પર બીજી કોઈ કક્ષા નથી. આ અનંત અનાદિમુક્તોનો સ્વાનુભવ છે. સેવકભાવની અંતિમ સ્થિતિ એ નિષ્કામ-નિર્વિકલ્પ અનાદિમુક્તની સ્થિતિ છે અને તેથી પર તેમના સ્વામી ભગવાન સ્વામિનારાયણ તે ચૈતન્યભૂમિકાના સર્વોચ્ચ સ્થાને બિરાજે છે. (૧૦૯)

દેવકોટિના દેવો તથા ઈશ્વરકોટિના ઈશ્વરો વગેરે શ્રીજીમહારાજ તથા તેમના અનાદિમુક્તોની આજ્ઞા ક્યારેય લોપી શકતા નથી. કારણ કે તેમને પ્રભુ તથા મુક્તોનો મહિમા, દિવ્ય પ્રતાપ, પ્રકાશ, સામર્થ્ય વગેરે અતિશય જણાય છે. તેઓ જરા પણ મહાપ્રભુજીની મરજી વિરુદ્ધ ક્રિયા કરવાનો સંકલ્પ કરે કે તરત જ તેમના બ્રહ્માંડો ડોલવા માંડે છે. અને તેમને સ્થાનભ્રષ્ટ થવાનો અતિશય ભય ઉત્પન્ન થાય છે. તેથી તેઓ હંમેશ પ્રભુની તથા મુક્તોની આજ્ઞા માથે ચડાવે છે.

સૂક્ષ્મસૃષ્ટિમાં રહેલા પિત્રીઓ વગેરેને પણ મહારાજ ને મુક્તનો મહિમા સ્થૂળદેહધારીઓ કરતાં વિશેષ જણાય છે. કારણ કે તેઓ સૂક્ષ્મશરીરપ્રધાન હોવાથી તેમના ઇન્દ્રિયો-

અંતઃકરણ સૂક્ષ્મતાને વધુ ગ્રહણ કરી શકે છે. તેથી સ્થૂળદેહધારીઓ કરતાં મહારાજ તથા મુક્તોનો પ્રતાપ, પ્રકાશ તેઓને વધુ જણાય છે. એટલે તેઓને પ્રભુ અને મુક્તનો તાપ લાગવાથી પ્રભુની આજ્ઞાનું ઉલ્લંઘન કરવામાં ભય પામે છે. સ્થૂળદેહધારી મનુષ્ય તો પ્રભુ અને તેમના મુક્તો મનુષ્યરૂપે પ્રગટ હોય ત્યારે ચર્મચક્ષુથી તેમની સહજ ક્રિયા જોઈને તેમને વિષે મનુષ્યભાવ પરઠે છે અને આજ્ઞા પાળવામાં શિથિલ બની જાય છે. પ્રભુ અને મુક્ત પોતાનો દિવ્ય પ્રતાપ, પ્રકાશ, ઐશ્વર્ય વગેરે ઢાંકીને વર્તતા હોવાથી સાદા મનુષ્ય જેવા જણાય છે, એટલે કેટલાક મનુષ્યોને આજ્ઞાલોપનો પણ ભય લાગતો નથી. પછી એવા આજ્ઞાલોપનું કર્મબંધન થવાથી તેનું આકરું ફળ ભોગવવું પડે છે. મુક્તના જોગ દ્વારા આવું જ્ઞાન લાધવાથી સાધક જાગૃત રહી શકે છે. મુક્તના જોગ-સમાગમ-સેવા જેવું ઉત્તમ બીજું કોઈ સાધન નથી. (૧૧૦)

પ્રભુના સ્વરૂપનું ધ્યાન-ભજન, નિયમ-ધર્મ વગેરેના પાલનથી જ્યારે બ્રહ્મચર્ય સહજ બની ઊર્ધ્વરેતા, નિર્વાસનિક થવાય, ત્યારે પ્રજનનશક્તિનું ઓજસ-તેજસ શક્તિમાં, વીજચુંબકીય જેવી આધ્યાત્મિક શક્તિમાં રૂપાંતર થાય, ત્યારે નિર્વિકલ્પ સમાધિ દ્વારા ચૈતન્ય ઉપરના આવરણો તથા ચિત્તમાં રહેલા કર્મસંસ્કારો, સૂક્ષ્મ ને કારણશરીરના આવરણો દૂર થાય છે. ચૈતન્ય ઉપરથી આવરણો દૂર થતાં તેના પ્રકાશની





સાધકની ઉપાસના પ્રમાણે જુદી જુદી ભૂમિકામાં રહેલા દેવો-ઈશ્વરો અથવા સ્વયં પરમાત્માના દિવ્ય તેજ સાથે એકતા થવાથી તેની સાથે union જોડાણ થવાથી તે ભૂમિકાની પ્રાપ્તિ થાય છે. સર્વોપરી શુદ્ધ ઉપાસના એ પ્રભુના સ્વરૂપનો નિશ્ચય, શ્રદ્ધા, સ્નેહ તથા મહિમાનું પરિપક્વ સ્વરૂપ છે. એ શ્રદ્ધા પ્રભુના યોગે કરીને નિર્ગુણ-દિવ્ય થવાથી એ દિવ્યશક્તિ દ્વારા પ્રભુના તેજ સાથે અથવા સ્વયં પ્રભુ સાથે તે ચૈતન્ય એકતા સાધે છે. ઘણા ઐશ્વર્યાર્થીઓ ઓજસ-ચિત્તિશક્તિનો ઉપયોગ ચમત્કારો તથા સિદ્ધિઓનું પ્રદર્શન કરવામાં વેડફી નાંખે છે. એટલે તેના આત્યંતિક કલ્યાણમાં વિઘ્ન આવી વિલંબ થાય છે. શ્રેયસાધકે આવી બાબતોને લક્ષમાં રાખવી ઘટે, જેથી સાધનાપથ વિઘ્ન રહિત થાય. (૧૧૧)

એક વખત શ્રીજીમહારાજ જેતલપુર ગંગામાને ત્યાં પધારેલા. ગંગામાએ થાળ જમાડી મહારાજને અતિ પ્રસન્ન કર્યા. પછી મહારાજ ત્યાંથી પાછા પધારતા હતા ત્યારે ગંગામાએ કહ્યું, 'મહારાજ! થોડી વાર ઊભા રહો.' ત્યારે મહારાજ કહે, 'શું કામ છે?' ગંગામાં કહે, 'મહારાજ, મારે તમારી છબી (મૂર્તિ) જીવમાં ઉતારવી છે.' મહારાજ કહે , 'આટલા બધા વર્ષો સુધી શું કર્યું? અત્યાર સુધી આવું ન સૂઝ્યું અને હવે?' ત્યારે ગંગામા કહે, 'હવે વાત સમજાણી અને એમ લાગ્યું કે આપ પાછા પધારો છો, તો જો તમારી મૂર્તિ જીવમાં ઉતારી લીધી હોય તો તમારો વિયોગ ક્યારેય

ન થાય.' એમ કહી મહારાજની મૂર્તિને એકાગ્ર વૃત્તિથી નિહાળીને ચૈતન્યને વિષે ઉતારી લીધી. ગંગામા અતિ નિર્મળ હોવાથી ચૈતન્યને વિષે મહારાજના દિવ્ય તેજોમય દર્શન થયા અને મૂર્તિનું સુખ પણ આવવા માંડ્યું. પછી મહારાજને પ્રેમથી વિદાય કર્યા. માટે મુમુક્ષુ સાધકે પ્રભુ સિવાય બીજે બધેથી વાસના-આસક્તિ ટાળી, જાગ્યા ત્યારથી સવાર એમ સમજી ચૈતન્યમાં પ્રભુનું સ્વરૂપ પધરાવવાનો અભ્યાસ કર્યા કરવો. બીજા બધા બાહ્યવૃત્તિથી કરેલા બાહ્યાચારો બહુ કામના નથી. જીવને મોક્ષ માટે તો અંતરવૃત્તિ એ પ્રભુના સ્વરૂપનું ધ્યાન-ચિંતન તથા જીવમાં અખંડ નામ-રટણ કરેલું હોય તે જ કામમાં આવે છે. (૧૧૨)

શ્રીહરિની પ્રતિમામાં જ્યાં સુધી ભક્તોનો દિવ્યભાવ અને શ્રદ્ધા હોય, ત્યાં સુધી પ્રતિમામાં પ્રભુનો આવિર્ભાવ રહે છે. પરંતુ ભક્તોની શ્રદ્ધા અને દિવ્યભાવ ઘટે તો પ્રતિમામાં પ્રભુનો આવિર્ભાવ રહેતો નથી. કોઈ અજ્ઞાની જીવો પ્રભુની પ્રતિમાને ખંડિત કરીને ફેંકી દે તો એમાં કંઈ પ્રભુનો આવિર્ભાવ રહે નહીં. પ્રતિમાને કબાટ કે પેટીમાં રાખવાથી પ્રભુને કંઈ ગૂંગળામણ કે મૂંઝવણનો અનુભવ નથી થતો. પ્રભુને માટે સિંહાસન કે દીવાલ કે પેટી એવું કંઈ છે જ નહીં. એ તો દિવ્યસ્વરૂપે જેમ છે તેમ જ છે. એવા ભૌતિક ભાવો તો દેહાભિમાની જીવને છે. પ્રભુ ને તેમના મુક્તો તો સદાય દિવ્ય જ છે. ભૂખ-તરસ, થાક-કંટાળો, ઊંઘ-ઉજાગરા,





ઠંડી-ગરમી વગેરે ભૌતિક ભાવો તો ફક્ત ભક્તની સેવા ગ્રહણ કરવા માટે પ્રભુ ને મુક્તો જણાવે છે. (૧૧૩)

અનાદિમુક્તના ચરણોમાં અડસઠ તીર્થો રહેલાં છે. તીર્થને લઈને સત્પુરુષ નથી, પરંતુ સત્પુરુષને લઈને તીર્થ બને છે. તીર્થનું માહાત્મ્ય સત્પુરુષને લીધે છે. મોટા મુક્ત તીર્થ યાત્રા કરવા જાય ત્યારે તેમાં ઘણું રહસ્ય સમાયેલું હોય છે. જેમ શરીર ગંદું થાય ત્યારે નહાવા-ધોવાથી શુદ્ધ થાય છે, તેમ તીર્થો પણ કાળે કરીને અપવિત્ર બને છે. કારણ કે ત્યાં ધર્મી-અધર્મી, પુણ્યવાન અને પાપિષ્ઠ એમ અનેક પ્રકારના લોકો આવતા હોય છે. પાપી લોકોને લીધે તીર્થોમાં અશુદ્ધિ ને અપવિત્રતા પ્રસરે છે. તેથી તેની પવિત્રતા ને દિવ્યતા ઘટી જાય છે. પછી પ્રભુ અથવા તેમના સિદ્ધ મુક્તોનું પૃથ્વી ઉપર વિચરણ હોય ત્યારે તેઓ હેતુપૂર્વક તીર્થયાત્રા કરીને પોતાના દિવ્યસંકલ્પ અને વિચરણથી તીર્થોને સજીવન કરે છે. ચરણોથી તીર્થભૂમિને તથા ત્યાંના જળને દિવ્ય કરે છે. એને લઈને તે તીર્થમાં આવનાર અનેક જીવોના પાપકર્મોનો નાશ થઈ જાય છે અને જીવની મલિનતા દૂર થઈ પરમ સુખ-શાંતિની અનુભૂતિ થાય છે. પાત્ર જીવોનો આત્યંતિક મોક્ષ પણ થાય છે. એવા મહાન સિદ્ધ મુક્ત તીર્થમાં રહેલા દેવો, અવતારો તથા મુમુક્ષુજીવો ઉપર કરુણા કરીને તેમનું કલ્યાણ કરે છે.

સિદ્ધ અનાદિમુક્ત તે તીર્થ સ્થાનોમાં પધરાવેલા દેવોની

પ્રતિમામાંથી તે દેવો-અવતારોનું કલ્યાણ કરી તે પ્રતિમાસ્વરૂપોમાં સર્વોપરી પરમાત્મા શ્રી સ્વામિનારાયણ પ્રભુના સંકલ્પસ્વરૂપને પધરાવે છે, જેથી તેમાં પ્રભુનો આવિર્ભાવ થાય છે. તે પ્રતિમાઓ બહારથી તો તે દેવોની જ જણાય છે, પરંતુ તેમાં મુક્તના સંકલ્પ દ્વારા પ્રભુ બિરાજતા હોવાથી અનંત જીવોની આત્યંતિક કલ્યાણ તરફ ઊર્ધ્વગતિ થાય છે. આવી રીતે પ્રભુના મુક્તોના વિચરણથી તથા તેમના દિવ્ય સંકલ્પથી સર્વત્ર પ્રભુની દિવ્યતા પ્રસરે છે. તે દિવ્યતાનો લાભ પણ જીવોને પોતાની પાત્રતા પ્રમાણે મળે છે. આમ ઉત્ક્રાંતિના માર્ગમાં મુક્તો જીવોને ઉત્તરોત્તર પ્રગતિ કરાવતા રહે છે. સ.ગુ. ગુણાતીતાનંદ સ્વામીના કથન અનુસાર આ પ્રક્રિયાથી એક વખત એવો આવશે કે આખાય જગતમાં અણુ-અણુમાંથી 'સ્વામિનારાયણ' નામનો દિવ્ય ધ્વનિ પ્રગટ થશે. અનેક જીવોને તે દિવ્યતાની અનુભૂતિ થશે ને આત્યંતિક મોક્ષ પામશે. મુક્તરાજે પણ તેમની યાત્રા દરમ્યાન મથુરા, ગોકુળ, કાશી, અયોધ્યા, છપૈયા, હરિદ્વાર, ઋષિકેશ, બદ્રીનાથ વગેરે તીર્થોને સજીવન કરી અનંત જીવોના આત્યંતિક મોક્ષનો દિવ્ય સંકલ્પ કર્યો હતો. એવા જ ઉત્કૃષ્ટ હેતુથી વિદેશ યાત્રા પણ કરી હતી. (૧૧૪)

પ્રભુ કે તેમના મુક્ત પાસે હૃદય ખુલ્લું કરીને પોતાના અપરાધો માફ કરાવે તો જ તે અપરાધો માફ થાય છે. નહિતર સૂક્ષ્મશરીરમાં, સૂક્ષ્મસૃષ્ટિમાં રાખી તેનું punishment





શિક્ષા કરી શુદ્ધ કરે છે. અને શુદ્ધ કર્યા પછી સત્સંગમાં જન્મ ધરાવી કલ્યાણ કરે છે. એવી પ્રભુ તથા મુક્તની અપાર કરુણા છે. (૧૧૫)

આપણને આપણા તથા અન્યના દુઃખો જોઈને ખૂબ જ મૂંઝવણનો અનુભવ થાય છે. અવરભાવમાં આવું થવું સ્વાભાવિક છે, પરંતુ દિવ્ય દૃષ્ટિ થાય ત્યારે બધું દેખાય અને અનુભવમાં આવે ત્યારે મૂંઝવણ થતી નથી. કારણ કે કર્મની ગહન ગતિનું ભાન થાય છે. પછી તો આ લોકનું બધું જ ભ્રમ જેવું, ભ્રાંતિ જેવું જણાય છે. (૧૧૬)

છત્રીસ્થાનમાં નાના બાળકોને મુક્તરાજના દિવ્ય સંકલ્પથી સમાધિ થયેલી. એવી સમાધિમાં સુષુપ્તિ જેવી અવસ્થામાં શ્રીજીમહારાજ થોડું તેજ દેખાડી તેમાં દર્શન આપતા હોય છે, અને અમુક રીતે ભક્તોના ભાવ-મનોરથ પૂર્ણ કરતા હોય છે, તેમ છતાં આ સમાધિ નિર્વિકલ્પ નથી હોતી. નજીકની સમાધિ હોય છે. આ ટૂંક સમયની સમાધિ પાછળનો હેતુ લોકોને બાપાશ્રીનો મહિમા સમજાય અને બાપાશ્રી પ્રત્યેનો અભાવ દૂર થાય એ જ હતો. (૧૧૭)

જગતની બધી વિદ્યાઓ, જ્ઞાન-વિજ્ઞાન એ બધું જ પ્રભુમાંથી પ્રગટ થાય છે. તે જ્ઞાન-વિદ્યા પ્રભુ અને મુક્તની દિવ્ય દૃષ્ટિથી શુદ્ધ અને સાત્ત્વિક બને છે. પરંતુ કોઈ ખરાબ આશયથી તેનો દુરુપયોગ કરે તો તે વિદ્યાશક્તિ આસુરી અને મલિન બને છે. (૧૧૮)

એક વાર સૂરાખાચરે મહારાજને રમૂજમાં પૂછ્યું કે તમને પણ કોઈ વખાણ કરે ત્યારે કેવા રાજી થઇ જાઓ છો! એટલે તમને પણ સ્તુતિ-શ્લાઘા ગમે છે ને? તેનો શ્રીહરિએ ઉત્તર કર્યો કે અમે તો નિંદા-સ્તુતિથી પર છીએ. તમે અમારા જેવા થશો પછી તમારા વખાણ થશે, ત્યારે તમને અમારા જ વખાણ થતા અનુભવાશે. અને તમે પણ નિંદા-સ્તુતિથી પર થઈ જશો. (૧૧૯)

પ્રભુને ગમે તેટલી સ્થૂળ-યાંત્રિક રીતે પ્રાર્થના કરે, માળા ફેરવે, ધૂન કરે તો પણ પ્રભુને તેવી પ્રાર્થના પહોંચતી નથી. ત્રણ દેહના ભાવથી પર થઈ પ્રભુના સ્વરૂપ સાથે સંલગ્ન થઈને પ્રાર્થના કરે ત્યારે જ પ્રભુ તે પ્રાર્થના સ્વીકારે છે. દેહાભિમાનીની પ્રાર્થના પ્રભુ સ્વીકારતા નથી. (૧૨૦)

પ્રભુના પ્રતિમાસ્વરૂપને કોઈ પણ વસ્તુ ધરાવ્યા પછી અંતરવૃત્તિએ પ્રભુને સમર્પણ ભાવથી ધરાવ્યા પછી જ તે પદાર્થનો ઉપયોગ કરવો. યાંત્રિક રીતે પ્રતિમાસ્વરૂપને ધરાવવાથી કોઈ વિશેષ અર્થ સરતો નથી. અંતરવૃત્તિનું મહત્વ ઘણું વિશેષ છે. અંતરવૃત્તિના અભ્યાસથી જ તેની મહત્તા વાસ્તવિકરૂપે સમજી શકાય છે. (૧૨૧)

ધૂન બાર કે ચોવીશ કલાક યંત્રવત્ કરવાથી કોઈ અર્થ સરતો નથી. મોટે મોટેથી ધૂન કરવાથી જેમ ખેતરમાં ઘુસેલા પક્ષીઓ અવાજથી દૂર જતા રહે છે, તેમ તત્પૂરતું વિચારોનું તથા અંતઃશત્રુઓનું જોર થોડું ઘટે છે. પરંતુ તેનું યથાર્થ ફળ





પ્રાપ્ત થતું નથી. યથાર્થ ફળ તો ત્યારે જ મળે કે જ્યારે પ્રભુની મૂર્તિ સાથે એકરૂપ થઇ માનસ ધૂન થાય, સંકલ્પ રહિત રોમે રોમ ધૂન થાય. એટલે જ મહારાજ કહે છે કે પ્રભુની સ્મૃતિ વગર ગાયું તે ન ગાયા જેવું છે. (૧૨૨)

અંતરવૃત્તિના ખૂબ જ અભ્યાસવાળાને બાહ્ય નિયમોનું પાલન ઓછું જણાય છે. પરંતુ અંતઃકરણમાં સૂક્ષ્મ રીતે નિયમોનું પાલન થતું રહે છે. પૂજાવિધિ, આરતી, નિત્યનિયમ વિધિ, માનસી પૂજા વગેરે પ્રક્રિયાઓ ઝડપથી પૂરી થઇ જાય છે અને તે પણ થોડી જ ક્ષણોમાં. સિદ્ધ અનાદિમુક્તની તો દરેક ક્રિયા પૂજા-માનસી પૂજારૂપ જ હોય છે.

દૃઢ શ્રદ્ધાપૂર્વક કથા-પારાયણ વાંચવાથી, માળા, મંત્રજાપ, સ્તોત્રપાઠ, મહાપૂજા, નિઃસ્વાર્થ સેવાકાર્યો વગેરે ક્રિયાઓ કરવાથી પ્રારબ્ધકર્મોનો ક્ષય થઈ શુભ ફળ મળે જ છે. (૧૨૩)

એક વાર એક હરિભક્તને શ્રીજીમહારાજ ધામમાં તેડવા પધાર્યા ત્યારે તે ભક્ત બોલ્યા કે, 'હે મહારાજ! તમે તો મને એમ કહેતા હતા કે તમને અમારી દિવ્યમૂર્તિમાં જ રાખ્યા છે અને આવવા જવાનું કંઈ નથી, તો પછી મને તેડવા કેમ પધાર્યા?' આ સાંભળી મહારાજ તે ભક્ત ઉપર બહુ જ રાજી થયા અને તરત જ પોતાની મૂર્તિના સુખમાં ખેંચી લીધા. એમ એવા દૃઢ નિશ્ચયવાળા હરિભક્ત ઉપર ભગવાનની ખૂબ જ પ્રસન્નતા થાય છે. (૧૨૪)

નિદ્રામાં કોઈક વખત અંતરવૃત્તિ થવાથી સૂક્ષ્મદૃષ્ટિ થાય છે. સ્વપ્નાવસ્થા ને સૂક્ષ્મશરીરની એકતા હોવાથી ક્યારેક સૂક્ષ્મસૃષ્ટિવાળા જીવો દેખાય છે અને તેમની સાથે વાર્તાલાપ પણ થઈ શકે છે. સૂક્ષ્મશરીરવાળાને પ્લેનચેટ જેવી પ્રક્રિયાઓ દ્વારા બોલાવી શકાય છે અને તેમની સાથે સાંકેતિક રીતે વાતચીત થઈ શકે છે. પરંતુ આવી બધી વિદ્યાઓમાં સાધક ગૂંચાઈ જાય તો આધ્યાત્મિક પ્રગતિમાં વિઘ્ન આવે. (૧૨૫)

પ્રભુના દિવ્ય સ્વરૂપમાંથી સુખ, શાંતિ, કૃપા, પ્રસન્નતા, શક્તિ, સામર્થ્ય, જ્ઞાન, વિદ્યા, પ્રકાશ, આશીર્વાદ, અનેક કલ્યાણકારી ગુણો વગેરે નિરંતર નીકળ્યા જ કરે છે. તેને ઝીલનાર કોઈ પાત્ર ન હોય તો તે બધું પાછું મૂર્તિમાં લીન થઈ જાય છે. પરંતુ જે કોઈ મુમુક્ષુ તેને સાચા ભાવે ઝીલે, તો ન્યાલ થઈ જાય છે ને તેના ભાગ્યનો કે સુખનો કોઈ પાર રહેતો નથી. (૧૨૬)

આરતી, જયઘોષ અને સિંહાસનમાં શ્રીજીમહારાજ સાથે અબજીબાપાશ્રીની મૂર્તિ પધરાવવામાં કેટલાકને પૂર્વગ્રહ અને અજ્ઞાનને લઈને સહન થતું નથી. એવા લોકોને જ્યારે સત્પુરુષ થકી સત્ય વાત સમજાય, ત્યારે જ તે વાત સ્વીકારે, પણ એવી જડતા દૂર થતાં સમય લાગે. માટે જે કોઈ જીરવી શકે એવા મુમુક્ષુ હોય તેમને બાપાશ્રીના મહિમાની વાત કરવી. કેટલાક પૂર્વગ્રહવાળા ને જુનવાણી વિચારવાળા આ લોકમાં મોટા ગણાતા માણસો નહિ રહે પછી બાપાશ્રી અનાદિમુક્તરૂપે





ઘેર ઘેર પ્રસિદ્ધ થશે. પ્રભુના સંકલ્પથી સ્વસિદ્ધ અનાદિમુક્ત પ્રગટ થશે ત્યારે એ બાપાશ્રીએ પ્રબોધેલા શ્રીહરિના સત્ય જ્ઞાનનો યથાર્થ રીતે પ્રચાર કરી બાપાશ્રીનો જય જયકાર કરાવશે એ નિશ્ચિત છે. કારણ કે બાપાશ્રી તો શ્રીહરિના મૂર્તિમાન સંકલ્પસ્વરૂપ છે તે નિઃસંશય બાબત છે. (૧૨૭)

શ્રીજીમહારાજે વચનામૃતમાં કહ્યું છે કે ગમે તેવા પાપી જીવને અંત વખતે સ્વામિનારાયણ નામનું ઉચ્ચારણ થાય તો તે જીવ ઊંચી પદવીને પામે. ઘણું ખરું તો પાપી જીવને અંતકાળે પ્રભુનું નામ સાંભરતું જ નથી. અને કદાચ હરિ ઈચ્છાથી સાંભરી આવે તો એ નામનું પરમાત્માના સ્વરૂપનું જેમ છે તેમ માહાત્મ્ય સમજીને ઉચ્ચારણ થાય, એ ઉચ્ચારણમાં તેનો આર્તનાદ પ્રગટ થયો હોય, એ એક જ નામના ઉચ્ચારણમાં તેના સમગ્ર પાપના પસ્તાવાના ભાવનો ઉદ્‌ગાર સમાઈ જતો હોય, તો એવા ભાવ સાથે શ્રદ્ધાપૂર્વક બોલાયેલા નામની એક જ વાર આવૃત્તિ થાય તો પણ તે જીવ પરમ કલ્યાણને પામે એ વાત નિશ્ચિત છે. (૧૨૮)

બાપાશ્રીના કહેવા પ્રમાણે શ્રીજીમહારાજની બધી પ્રતિમાઓ આમ તો પ્રસાદીની જ ગણાય. કારણ કે પ્રભુ તો સર્વવ્યાપી છે અને પોતાના પ્રતિમાસ્વરૂપોમાં રહેવાનો પોતાનો જ સંકલ્પ છે. તેથી પ્રતિમાસ્વરૂપો સાકરના નાળિયેર જેવા છે. તેમાં ત્યાગ-ભાગ ન સમજવો. પ્રતિમામાંથી પ્રતિમાભાવ કાઢી દિવ્યભાવ જ સમજવો. પ્રભુના બધા પ્રતિમાસ્વરૂપો

પ્રસાદીના જ છે, તેમ છતાં જે સ્વરૂપની પ્રગટ અનાદિમુક્ત દ્વારા પ્રતિષ્ઠા કરાવીએ ત્યારે પ્રભુ સ્વયં પોતાના અનાદિમુક્ત દ્વારા વ્યતિરેક સ્વરૂપે વિચરતા હોવાથી પોતાના સ્વરૂપનો પ્રતિમાસ્વરૂપમાં manifestation આવિર્ભાવ કરે છે. મુક્ત દ્વારા પ્રતિમાસ્વરૂપમાં પોતાની ઓજસરૂપ દિવ્ય આધ્યાત્મિક શક્તિ મૂકે છે. તેથી તે પ્રતિમાસ્વરૂપ ચૈતન્યોને ખેંચે છે. જેમ ચમક લોહને ખેંચે છે, તેમ ચૈતન્યો પ્રભુની પ્રતિમામાં ખેંચાય છે તેથી તેમની ઉપર રહેલા આવરણો હટતા જાય છે. એ રીતે પ્રતિમાસ્વરૂપે બિરાજતા પ્રભુ જીવોના મોક્ષરૂપી કાર્યો કરે છે. (૧૨૯)

દેહને સુખ-દુઃખ, હર્ષ-શોક, ઠંડી-ગરમી, માન-અપમાન, ભૂખ-તરસ વગેરે દ્વંદ્વો ન પીડી શકે અને રોગાદિમાં ધીરજ ટકી રહે અને ‘હું આત્મા છું’ એવી દૃઢતા રહે, તે આત્મનિષ્ઠાનો સ્થૂળ અર્થ છે. સાધનકાળમાં એવી આત્મનિષ્ઠા દૃઢ કર્યા પછી જ્યારે પ્રભુના દિવ્યસ્વરૂપનો સાક્ષાત્કાર થાય, એ દિવ્યસ્વરૂપમાં આત્યંતિકપણે સંલગ્ન થયા પછી સિદ્ધ અનાદિમુક્તની સ્થિતિ થાય અને એ સ્થિતિમાં અખંડ રહેવાય, ત્યારે આત્મનિષ્ઠાનો અવધિ આવ્યો જાણવો. અને એ જ ખરી આત્મનિષ્ઠા ને સ્વરૂપનિષ્ઠા કહેવાય. એવી આત્મનિષ્ઠા જ્યાં સુધી પરિપક્વ ન થાય, ત્યાં સુધી સાંખ્યજ્ઞાન, સ્થૂળ આત્મનિષ્ઠા, ત્યાગ-વૈરાગ્ય, ધ્યાન-ભજન-ભક્તિ વગેરે પ્રભુપ્રસન્નતાના સાધન કર્યા કરવાં. (૧૩૦)





શિક્ષાપત્રી, વચનામૃત, સત્સંગીજીવન, સત્સંગીભૂષણ વગેરે પ્રભુના સ્વરૂપનું માહાત્મ્ય વર્ણવતા ગ્રંથોનો સૂક્ષ્મ રીતે અભ્યાસ કરવો જોઈએ. મુક્તના આશીર્વચનોમાં શ્રદ્ધા રાખી જેમ જેમ વધુ અભ્યાસ કરે, તેમ તેમ તેનો ગૂઢાર્થ સમજાતો જાય છે. (૧૩૧)

જો સ્વસિદ્ધ અનાદિમુક્તરાજ અબજીબાપાશ્રીને વિષે સંપૂર્ણ શ્રદ્ધા અને હેત રાખી તેમને અંતકાળે સંભારે તો ચોક્કસપણે મૂર્તિના સુખની પ્રાપ્તિ કરાવી દે છે. કારણ કે ખુદ શ્રીહરિનો એવો સંકલ્પ છે. (૧૩૨)

જ્યારે સૃષ્ટિનો પ્રલય થાય, ત્યારે પરમાત્મા જીવોના કર્મો બાળી નાંખે છે. પરંતુ પોતાના કર્મો દ્વારા અમુક કક્ષાની પાત્રતાને જીવ પામ્યો હોય તે પાત્રતા જળવાઈ રહે છે. ધારો કે મનુષ્યદેહમાં કોઈએ આધ્યાત્મિક પ્રગતિ સાધી હોય તો તેને ફરી લખચોરાશીમાં ભટકવું પડતું નથી. જ્યારે ફરીથી તે બ્રહ્માંડની સૃષ્ટિ રચાય અને ઉત્ક્રાંતિ શરૂ થાય, ત્યારે મનુષ્યસૃષ્ટિ થાય ત્યાં સુધી તે પાત્ર જીવાત્મા કારણશરીર સાથે કારણ અવસ્થામાં પડી રહે છે અને મનુષ્યજન્મ મળતાં જ્યાંથી તે અટક્યો હોય, ત્યાંથી આગળની પ્રગતિ શરૂ થાય છે. એમ જીવોના શરીરોની ઉત્પત્તિ તેની પાત્રતા પ્રમાણે થાય છે. પછી તે જીવ પોતાની પાત્રતા પ્રમાણે ફરી કર્મો કરતો થાય છે. જીવ જેમજેમ કર્મો કરે, તેમતેમ તેને કર્મસંસ્કાર બંધાય અને ક્રિયમાણ, સંચિત ને પ્રારબ્ધ કર્મો બંધાતા જાય.

અને તેનું ફળ જીવ ભોગવ્યા કરે. આ રીતે જન્મ-મરણનું ચક્ર ચાલે છે. જ્યારે સૃષ્ટિનો પ્રલય થાય, ત્યારે પ્રભુ જીવોના કર્માશય બાળી નાંખે છે અને સૃષ્ટિ સમયે પ્રલયકાળે નષ્ટ થયેલા કર્મોનું ફળ જીવોને ભોગવવાનું રહેતું નથી. આમ ઉત્પત્તિ-સ્થિતિ-પ્રલયની જીવોના કલ્યાણ માટેની ઉત્ક્રાંતિની પ્રક્રિયા ચાલ્યા જ કરે છે. પ્રલયકાળે જીવોના કર્મોનો પ્રભુ નાશ કરે, પરંતુ અજ્ઞાન-અવિદ્યાનો નાશ નથી થતો. સુષુપ્તિરૂપ કારણ અવસ્થા જે તમોગુણમય છે, તેમાં અમુક સમય સુધી અજ્ઞાન-અંધકારમાં નિષ્ક્રિય થઈ જીવો પડ્યા રહે છે. સૃષ્ટિની ઉત્પત્તિ થતાં ફરી ક્રિયારત બને છે. આમ વિવિધ પ્રકારની અનેક સંસૃતિથી થાકેલા જીવોને આરામ આપવા જ જાણે પ્રભુ પ્રલયરૂપ લીલા કરે છે. પરમાત્માની બધી જ ક્રિયા, લીલા કેવળ જીવોના કલ્યાણ માટે જ હોય છે. (૧૩૩)

જીવસૃષ્ટિના evolution ભૌતિક ઉત્ક્રાંતિમાં મનુષ્યજન્મ એ છેલ્લું પગથિયું છે. તેમાંથી જ જીવની આધ્યાત્મિક ઊર્ધ્વગતિ થાય છે. તેમાં જીવ પરમતત્ત્વ પરમાત્મારૂપ પણ થઈ શકે છે. મનુષ્યશરીરમાં કશું જ અશક્ય નથી. તેથી જ દેવોને પણ દુર્લભ મનુષ્યજન્મ ગણ્યો છે. Spiritual evolution is everlasting. આધ્યાત્મિક ઉત્ક્રાંતિનો અંત નથી. કારણ કે પૂર્ણ સ્થિતિ થયા પછી પણ સુખભોક્તાની ગતિ-સ્થિતિનો કોઈ અંત નથી, તે ઉત્તરોત્તર વધતી જ જાય છે. પ્રભુનું દિવ્યસુખ અનંત અપાર હોવાથી તેનો ક્યારેય પણ અંત





આવતો નથી, તે શાશ્વત છે. (૧૩૪)

મલિન દેવ-દેવીઓ, ભૂત-પ્રેત વગેરે અનાદિમુક્તનો તાપ જીરવી ન શકવાથી ભય ને પીડા પામે છે. મુક્ત કૃપા કરે તો તેઓ જેમને વળગેલા હોય તેમાંથી તેમને નીકળી જવું પડે છે. માફ ન કરી શકાય એવા પ્રારબ્ધકર્મો શિક્ષાને અર્થે ભગવાન ભોગવાવે છે. તેમાં ક્યારેક પોતાનું અન્યથાકર્તાપણું વાપરીને રક્ષા પણ કરે છે. અને જેને ભૂત વળગ્યું હોય તેનું તથા ભૂતનું બંનેનું કલ્યાણ કરે છે. જીવ જો પ્રભુનું ધ્યાન-ભજન કરી, નિયમ-ધર્મમાં વર્તી પવિત્રપણે જીવન જીવે તો કોઈ મલિન તત્વો તેને નડી શકે નહીં. છત્રીસ્થાનમાં એક બહેનના શરીરમાં ભૂતોનું ટોળું હતું. પૂ. જાદવજીબાપાએ મુક્તરાજ નારાયણમામાને કહ્યું કે આ જુન્નડ ભૂતો છે, તે મારાથી નહીં નીકળે, તમે સિદ્ધ મુક્ત છો માટે દયા કરીને કાઢશો ત્યારે જશે. પછી મુક્તરાજે કૃપા કરીને તે ભૂતોનું ટોળું બહેનના શરીરમાંથી કાઢ્યું હતું. (આ રીતે મુકતો પરસ્પર એક બીજાનો મહિમા કહેતા હોય છે.) (૧૩૫)

મુક્તરાજ પાસે કોઈક હરિભક્તે આવીને પૂછ્યું કે બાપાશ્રીના આશીર્વચનો છે કે રહસ્યાર્થવાળા વચનામૃતની પાંચ પારાયણ કરવાથી આત્મામાં મહારાજની મૂર્તિનો સાક્ષાત્કાર થાય છે. તો પાંચ કરતાં ઘણી વધુ પારાયણ કરનારને એ ફળ સિદ્ધ થયેલું જણાતું નથી, એનું શું કારણ છે? પ્રત્યુત્તરમાં મુક્તરાજે કહ્યું કે તે પારાયણ કેવી રીતે કરવી

જોઈએ તેના પણ અમુક નિયમ છે. એ પ્રમાણે પારાયણ કરે તો જ એ વાત સિદ્ધ થાય.

(૧) પારાયણ ખૂબ જ ભક્તિભાવપૂર્વક અને અતૂટ શ્રદ્ધાથી થવી જોઈએ.

(૨) પારાયણ વાંચતી વખતે મૂર્તિનું અનુસંધાન અખંડ રહેવું જોઈએ. એ વખતે આળસ, પ્રમાદ કે કંટાળાનો ભાવ લેશમાત્ર ઉદ્‌ભવવો ન જોઈએ.

(૩) પારાયણમાં શબ્દે શબ્દ ખૂબ એકાગ્રતાપૂર્વક ને સમજીને દિવ્યભાવ સાથે વાંચવા જોઈએ. મહારાજ અને મુક્તોનો સંવાદ થાય છે ને હું તે સાંભળું છું એ ભાવ રહેવો જોઈએ.

(૪) પારાયણ દરમ્યાન નિષ્કામવ્રત મન, વાણી ને કર્મથી સંપૂર્ણપણે જળવાવું જોઈએ. કેવળ સ્થૂળ-યાંત્રિક બ્રહ્મચર્યપાલન ન ચાલે. મનથી પણ વિષયોનું ચિંતન થઈ જાય અને નિષ્કામવ્રત ભંગ થઈ જાય તો પારાયણ ફરીથી શરૂ કરવી પડે. જેમ જપમાળા ફેરવતાં છેલ્લો મણકો બાકી હોય અને તે દરમ્યાન ઘાટ-સંકલ્પ થયો હોય તો તે માળા પૂર્ણ ન કહેવાય. તેથી ફરીથી માળા ફેરવવી પડે. એમ જો નિયમભંગ થાય તો ફરીથી પારાયણ કરવી પડે. ગોખણિયા બ્રાહ્મણ જેમ કથા કરે છે, એવી પારાયણથી કોઈ હેતુ ન સરે.





(૫) પારાયણ દરમ્યાન જગતના પદાર્થો તથા પોતાના સગા-સંબંધીઓ, પંચવિષયો વગેરેમાંથી નિરાસક્ત રહેવું પડે.

(૬) પારાયણ દરમ્યાન સત્ય, અહિંસા, અસ્તેય વગેરેનું કડકપણે પાલન કરવું જોઈએ.

(૭) પારાયણનું વાંચન યંત્રવત્ ન હોવું જોઈએ.

આ બધા નિયમોનું યથાર્થ પાલન કરીને અતૂટ શ્રદ્ધાપૂર્વક પારાયણ કરે તો જ મહારાજની મૂર્તિનો સાક્ષાત્કાર થઈને આત્યંતિક મોક્ષ થાય. કોઈ શુભ સંકલ્પ મનમાં ધારી નિયમ મુજબ પારાયણ કરે તો તે સંકલ્પ સિદ્ધ થાય એમાં કોઈ સંશય નથી, કારણ કે મહારાજ અને બાપાશ્રીના એવા વરદાન છે. (૧૩૬)

બાપાશ્રી તથા સદ્‌ગુરુઓના કૃપાપાત્ર એક વિદ્વાન હરિભક્ત હીરજીભાઈ ચાવડા નામે હતા. તેઓને વચનામૃતનો ખૂબ જ ગહન અભ્યાસ હતો. તેમણે એક વિદ્વાન મિત્રને 'વચનામૃત' ગ્રંથ વાંચી જવા માટે સૂચન કર્યું અને ગ્રંથ તે ભાઈને આપ્યો. તે ભાઈએ 'વચનામૃત'માં શ્રીજીમહારાજે પ્રયોજેલો 'શુષ્ક' વેદાંતી શબ્દ વાંચ્યો, ત્યારે આવેશમાં આવી જઈ પૂ. હીરજીભાઈ પાસે આવીને 'વચનામૃત' ગ્રંથનો ઘા કર્યો અને બોલ્યા કે આવી પ્રભુની વાણી ન હોઈ શકે. આ ગ્રંથ વાંચવા લાયક નથી. ત્યારે હીરજીભાઈએ વિચાર્યું કે આ જ્ઞાની મિત્રને તો મુક્તરાજ નારાયણભાઈ જ સમજાવી શકશે. મારાથી તેનું સમાધાન નહિ થઈ શકે. માટે તેની સાથે સંઘર્ષમાં

ઊતર્યા વગર તેમને મુક્તરાજ પાસે મોકલું, તો તેમનાથી આ વાતનું સમાધાન થઇ જાય તો આ જીવને દોષ ન લાગે અને કંઇક સત્ય સાંપડે. આ વિચારથી તેમણે તે વિદ્વાન ભાઈને મુક્તરાજ પાસે મોકલ્યા.

તે વિદ્વાન ભાઈ મુક્તરાજ પાસે આવ્યા ત્યારે મુક્તરાજને સ્વયં તેનો પરિચય થઇ ગયો. તેથી તેમણે પૂછ્યું, ‘આવેશમાં આવીને ‘વચનામૃત’ જેવા પ્રભુના દિવ્ય મહાન ગ્રંથનો અનાદર કરનાર તમે પોતે જ છો ને?’ ત્યારે તે ભાઈ ખૂબ જ શરમાયા અને પોતાના પ્રશ્નનું સમાધાન કરવા યાચના કરી. ત્યારે મુક્તરાજે જણાવ્યું, ‘સ્વામિનારાયણ મહાપ્રભુ પાસે અનેક પંડિતો ને વિદ્વાનો પોત-પોતાના મત-મતાંતરોનો ત્યાગ કરીને પોતાના આત્યંતિક મોક્ષ માટે તેમનું શરણ સ્વીકારીને, ત્યાગાશ્રમ સ્વીકારી તેમના દઢ અનુયાયી થઇ ગયા હતા. એવા એક-બે નહિ, પરંતુ પાંચસો ઉપરાંત વિદ્વાન, સામર્થ્યવાન અને શક્તિશાળી પુરુષો પ્રભુના ગુણોથી, જ્ઞાનથી, પ્રતાપ અને સામર્થ્યથી પ્રભાવિત થઇ, પોતાનું સર્વસ્વ પ્રભુચરણે સોંપી, તેમના આશ્રિત થઇ, તેમની પ્રગટપણે ઉપાસના કરી અધ્યાત્મની ઉચ્ચદશા એવી પરમહંસની કક્ષાએ પહોંચ્યા હતા. શ્રીહરિએ અસંખ્ય લોકોના જીવન પાયામાંથી શુદ્ધ કરીને પોતાના સ્વરૂપના સાક્ષાત્કાર પર્યંત ઉન્નત બનાવ્યા અને અનેકને પૂર્ણ મુક્તદશા પ્રાપ્ત કરાવી. પોતાનો ધર્મ વેદોક્ત રીતે સિદ્ધ કરી બતાવ્યો.’





‘આ બધું જાણવાનો તથા ‘વચનામૃત’ જેવા મહાન ગ્રંથને સાચા અર્થમાં સમજવાનો એક અલ્પ પ્રયત્ન કર્યા વગર, જરા પણ નમ્રતા દાખવ્યા વગર તમે એનો અનાદર કર્યો એ તમારા જેવા વિદ્વાનને કેટલું શોભાસ્પદ છે તે વિચારો? જેણે વેદાંતનો અભ્યાસ કર્યો હોય અને જો તેના સિદ્ધાંતો પોતાના જીવનમાં ઉતાર્યા ન હોય તો તે કેવળ પોપટિયું જ્ઞાન ગણાય. તમે વેદાંતનો અભ્યાસ કર્યા પછી પણ ક્રોધમાં અને આવેશમાં આવી, ભાન ભૂલી જઈ સ્વયં પ્રભુની શ્રીમુખ વાણીરૂપ ગ્રંથનો અનાદર કર્યો. હજી તો કામ-ક્રોધ-લોભ-માન-ઈર્ષા વગેરે તુચ્છ મનોવિકારો ઉપર તો તમારો કોઈ જ અંકુશ નથી, તેમ છતાં તમારી જાતને વેદાંતી માનો છો? મને કહેતાં સંકોચ થાય છે, છતાં સ્પષ્ટપણે કહેવાનું મન થાય છે કે તમે જ શુષ્ક વેદાંતી છો. સ્વામિનારાયણ પ્રભુએ તમારા જેવા પોપટિયા જ્ઞાનવાળાને જ શુષ્ક વેદાંતી કહ્યા છે, કારણ કે તે જ્ઞાન તમે જીવનમાં ઉતાર્યું નથી.’

‘સાચો વેદાંતી તો તુચ્છ મનોવિકારો અને માનસિક સંકુચિતતાથી પર થયેલો હોય, તે દરેક વસ્તુનું જ્ઞાન મેળવવા નમ્ર બને, અને ધૈર્યપૂર્વક સાચું જ્ઞાન સમજવા પ્રયત્ન કરે, જો તે ન સમજાય તો કોઈ સત્પુરુષ પાસે નિર્માની થઇ, તેમને પ્રસન્ન કરીને જ્ઞાન મેળવે છે. એવા વેદાંતીને તો પ્રભુ સહર્ષ આવકારે છે. સ્વામિનારાયણ પ્રભુએ ‘વચનામૃત’માં જ કહ્યું છે કે યોગ, સાંખ્ય, પંચરાત્ર, વેદાંત વગેરે ભારતીય સંસ્કૃતિના

મહાન શાસ્ત્રોના ગહન અભ્યાસથી અને તેમાં રહેલું જ્ઞાન આત્મસાત્ કરવાથી જ પૂર્ણ જ્ઞાની થઈ શકાય છે, એમાં વેદાંતની ટીકા કરવાની વાત જ ક્યાં આવી?' આવો ઉત્તર સાંભળી પેલા વિદ્વાન ભાઈ શરમાયા, તેને પોતાની ભૂલ સમજાઈ. તેણે પૂછ્યું, 'તો પછી સ્વામિનારાયણ ભગવાને અખા અને કબીર જેવા મહાન સંતોના કીર્તનો ગાવા-સાંભળવાની કેમ ના પાડી છે તે સમજાવો?' પ્રત્યુત્તરમાં મુક્તરાજે કહ્યું, 'એ સમયમાં પ્રભુને નિરાકાર સમજી અને પ્રભુની પ્રેમભક્તિથી લોકોને વિમુખ કરવામાં અમુક મનુષ્યો છૂપો આનંદ માણતા અને પોતાની જાતને મિથ્યાજ્ઞાને કરીને બ્રહ્મરૂપ માનીને ભ્રષ્ટાચાર આચરતા. કબીરજી અને અખાજીના પદો ગહન તત્ત્વજ્ઞાનથી ભરપૂર છે, પરંતુ તે અમુક કક્ષાના મનુષ્યો જ સમજી શકે છે. ભોળા ભક્તો તેના અર્થ ન સમજી શકવાથી પ્રભુભક્તિથી વંચિત થઈ પ્રભુના સ્વરૂપમાં પ્રેમભક્તિ કરવામાં તેઓને વિઘ્ન થતું. એટલે ભગવાન સ્વામિનારાયણે પ્રભુના પ્રતિમાસ્વરૂપમાં પ્રેમ કરનાર ભક્તોને પ્રેમશુષ્કતા ન આવી જાય તે હેતુ માટે તેમના પદો ગાવા-સાંભળવાની ના પાડેલી, જે તે સમયે વ્યાજબી હતી.'

'જે લોકો તત્ત્વજ્ઞાનના ઊંડાણને સમજી શકે તેમને એ પદો વિક્ષેપ નથી કરતાં, પરંતુ પ્રભુપ્રેમમાં દૃઢતા કરાવે છે. નરસિંહ મહેતા, તુલસીદાસજી, મીરાંબાઈ, સંત તુકારામજી વગેરે અનેક મહાન સંતો પ્રભુના સાકાર સ્વરૂપની ઉપાસનાથી





જ પૂર્ણ ભક્તો થયેલા છે એવા અનેક દૃષ્ટાંતો છે. સ્વામી વિવેકાનંદજીએ પણ કહેલું, 'કે જે મનુષ્યો પ્રભુના પ્રતિમાસ્વરૂપને પ્રેમ, લાગણીઓ, ભાવોર્મિઓ વગેરે અર્પણ કરીને તેમાંથી આધ્યાત્મિક માર્ગે પ્રગતિ સાધવાની અખૂટ પ્રેરણા મેળવતા હોય, તેમાંથી તેમને પાછા પાડીને, સગુણ સ્વરૂપોનો અનાદર કરીને, તેઓને ભાવવિહીન-શુષ્ક બનાવવાનો જેઓ હીન પ્રયત્ન કરે છે, તેઓ ગંભીર ભૂલ કરે છે.' સ્વામી દયાનંદજી જેવાના એવા પ્રયત્નોને વિવેકાનંદજીએ ભૂલ ભરેલા અને ગેરવ્યાજબી ગણાવેલા. કારણ કે તે ભારતીય સંસ્કૃતિથી વિરુદ્ધના પ્રયત્ન હતા. તેમણે એમ પણ જણાવ્યું કે મારા પિતાની પ્રતિમા ઉપર કોઈ થૂંકે કે તેનો અનાદર કરે તો મારી લાગણી ચોક્કસ દુભાય. એમ બીજાને પણ એવો જ કડવો અનુભવ થાય.'

'પ્રતિમાસ્વરૂપોનો આદર કરવો એ જ આપણી ભારતીય સંસ્કૃતિ છે. નિરાકારવાદીઓ બહુધા અધૂરી સ્થિતિએ જ અટકી પડતા હોય છે. તેઓ પ્રભુના દિવ્ય સનાતન સાકાર સ્વરૂપને ન સમજી શકવાથી અનેક વખત યોગભ્રષ્ટ થઈ જન્મ ધરે છે. પ્રભુના પ્રતિમાસ્વરૂપમાં પ્રેમ પ્રગટવાથી તે પ્રેમ પરાપ્રેમ, પરાભક્તિમાં પરિવર્તિત થઈ અંતે પ્રભુના દિવ્યસાકાર સ્વરૂપના સાક્ષાત્કાર સુધી લઈ જાય છે, તેનો સુખદ અનુભવ લેવા દરેકે પ્રયત્ન કરવો જોઈએ. પરંતુ અજ્ઞાની રહીને તેમને બરોબર સમજ્યા વગર તેનો અનાદર કરે તો તે ક્યારેય

પ્રગતિ સાધી ન શકે. હું માનું છું કે તમારા પ્રશ્નોનું હવે સમાધાન થઇ ગયું હશે.' આવી સુસ્પષ્ટ સમજૂતીથી પેલા વિદ્વાન ભાઈને પોતાની ભૂલ સમજાણી અને તેમણે હૃદયપૂર્વક વંદન કરી, ક્ષમાયાચના કરી. 'વચનામૃત' ગ્રંથ હું પૂરા આદર સાથે વાંચીશ એવી પ્રતિજ્ઞા કરીને મુક્તરાજ પાસેથી અભ્યાસ માટે તે લઇ ગયા. આ રીતે સાધકે પોતે સમજણ પરિપક્વ કરી બીજાને સ્પષ્ટપણે પ્રેમથી સમજાવવાની આવડત કેળવવી જોઈએ. (૧૩૭)

દુર્ગુણો અને સદ્‌ગુણો સાપેક્ષ છે. દુર્ગુણોને લીધે જ સદ્‌ગુણોની પરખ થાય છે. દુર્ગુણો ન હોય તો સદ્‌ગુણો શી રીતે ઓળખી શકાય? જેવી પ્રકૃતિ અનુસાર કરેલા આચરણ દ્વારા જીવને દુઃખ ઉત્પન્ન થાય તથા પોતાનું ને બીજાનું અહિત થાય અને તેવા આચરણનું, કર્મનું ફળ punishment શિક્ષારૂપે ભોગવવું પડે, તે evils દુર્ગુણો છે. જેમ કે ચોરી, હિંસા, લૂંટફાટ, વ્યભિચાર, દુરાચાર, લાંચ-રૂશ્વત, ભ્રષ્ટાચાર વગેરે કુકર્મો તે કામ, ક્રોધ, લોભ, મોહ, ઈર્ષા, કપટ, માન વગેરે દુર્ગુણોમાંથી જ ઉદ્‌ભવે છે. માટે તે evils છે. ને પ્રેમ, દયા, અહિંસા, સદાચાર, સત્ય, અક્રોધ, નિર્લોભ, નિષ્કામ, નિર્મોહ, નિર્માન વગેરે સદ્‌ગુણો છે. તેને લગતા કર્મો કરવાથી સુખ-શાંતિની પ્રાપ્તિ થાય છે, અને તે પુણ્યફળ છે. પ્રભુના અનંત કલ્યાણકારી દિવ્ય ગુણો છે તેમાંથી શાસ્ત્રોક્ત ગુણો નિરંતર અભ્યાસ દ્વારા આત્મસાત્ કરે તો પ્રભુકૃપાથી





પ્રભુનો સાક્ષાત્કાર થઇ મોક્ષ પ્રાપ્તિ થાય છે. સાધન અવસ્થામાં સાધકને દુર્ગુણો અને સદ્‌ગુણોના સંઘર્ષમાંથી પસાર થવું પડે છે. એવા સંઘર્ષથી ચૈતન્યની સુષુપ્તશક્તિ જાગૃત થઇ, ચૈતન્ય બળવાન બની, દોષોનો સામનો કરી પ્રગતિ સાધી પૂર્ણતાને પામે છે. Enlightened અર્થાત્ પૂર્ણસ્થિતિને પ્રાપ્ત થયેલા પ્રબુદ્ધ મુક્તપુરુષો જીવોને ઉત્ક્રાંતિમાં મદદ કરી શ્રેયને પંથે પ્રગતિ કરાવે છે. આંતરિક દોષો સાથેના સંઘર્ષમાં પણ તેમનું રક્ષણ સાધકને મળી રહે છે.

Materialism ભૌતિકવાદ પણ evolution-ઉત્ક્રાંતિનું એક stage પ્રાકૃતિક પગથિયું છે અને એ પણ પ્રભુ તરફ જ દોરી જાય છે. યુગ પ્રમાણે માણસોના આચાર-વિચાર બદલાતા રહે છે. એમાં કંઇ ખોટું પણ નથી. એવા સંઘર્ષથી જ જીવોમાં બળ આવે છે અને પ્રભુને પામવાની ત્વરા જન્મે છે. પૂર્ણતાએ પહોંચવાની અભિપ્સા જાગૃત થાય છે. ઉત્ક્રાંતિનો માર્ગ સરળ નથી, પરંતુ અનેક ચઢાણ અને ઉતરાણવાળો છે. પ્રભુ તથા પૂર્ણમુક્તોની દૃષ્ટિમાં સારા-નરસા દેશકાળ કે યુગો બધું જ સરખું છે. તેમને માટે કંઈ જ બંધનકર્તા નથી. (૧૩૮)

કોઈક ટીકાકારે એવી ટીકા કરેલી કે 'સ્વામિનારાયણ સંપ્રદાયમાં' સ્ત્રીઓને કોઈ અધિકાર આપવામાં આવ્યો નથી. તેમના ગ્રંથોમાં સ્ત્રીઓ વિષે તેમની નિંદા કરતા શબ્દો પણ મૂક્યા છે. આ ધર્મ તો સંકુચિત વિચારવાળો છે. આ ધર્મ તો પુરુષો માટે જ છે. અમુક ગ્રંથોમાં સ્ત્રીને નરકનું દ્વાર કહ્યું છે.

આ વાત મુક્તરાજ પાસે રજૂ થતાં તેમણે તેનો સ્પષ્ટ ખુલાસો આપેલો કે સ્વામિનારાયણ ધર્મ એ વિશ્વ ધર્મ છે 'It is a global religion' તેમાં સ્ત્રી અને પુરુષને સમાન અધિકાર આપેલો છે. આ ધર્મમાં સ્ત્રીઓનું સ્થાન ગૌરવપૂર્ણ છે. આ ધર્મમાં અનેક મહાન સ્ત્રી ભક્તો થઇ ગયા છે. સાંખ્યયોગધારી સ્ત્રીઓના તપ-ત્યાગ-વૈરાગ્ય-પવિત્રતા વગેરે ગુણો ઘણી ઉચ્ચકક્ષાના હોય છે. આ ધર્મની શક્તિશાળી ને મહાન સ્ત્રીઓના જીવનનો કોઈ અભ્યાસ કરે, તો તેમને પોતાના જીવનમાં સુધારો કરી પ્રગતિ સાધવાનું અમૂલ્ય ભાથું મળી રહે. આ ધર્મમાં પ્રભુ તથા સંતપુરુષોએ ચારિત્ર્યઘડતર માટે મર્યાદાવાળું અને દૃઢ સંયમી જીવન ગાળવા ઉપર ખૂબ જ ભાર મૂક્યો છે. જીવનને ઉત્કૃષ્ટ બનાવવા માટેના શ્રેષ્ઠ નિયમો ઘડ્યા છે. એ નિયમોમાં વર્તવાથી સાધક ઓછા અવરોધોએ સરળતાપૂર્વક પ્રગતિ સાધી શકે છે. નિષ્કામવ્રત તો દરેક ધર્મનો મુખ્ય પાયો છે. એ વ્રતની દૃઢતા ઉપર આ સંપ્રદાય ઘણું મહત્ત્વ આપે છે. નિષ્કામવ્રતની દૃઢતા વગર આધ્યાત્મિક પ્રગતિ શક્ય જ નથી એ સૂવિદિત છે. માટે સાધકોને પોતાના ચારિત્ર્યઘડતરમાં પોષણ તથા બળ મળે એવા શબ્દો ઉપદેશરૂપે ગદ્ય-પદ્ય ગ્રંથોમાં રજૂ કર્યા છે.

સ્ત્રીનું સ્થાન માતા તથા ભગિનીરૂપે છે જ, પરંતુ દરેક મનુષ્યની દૃષ્ટિ એટલી વિશાળ હોતી નથી કે તે પોતાની પત્ની સિવાય બીજી સ્ત્રીમાં માતૃભાવ કે ભગિનીભાવ નિહાળી શકે!





તેથી સામાન્ય મનુષ્ય પોતાની મર્યાદા ઓળંગી અયોગ્ય આચરણ ન કરી બેસે એ માટે, સ્ત્રીને પુરુષ માટે ભયસ્થાનરૂપે અને પુરુષને સ્ત્રીઓ માટે ભયસ્થાનરૂપે વર્ણવેલા છે. સ્ત્રી એ નર્કનું દ્વાર છે એમ નથી, પરંતુ સ્ત્રીઓના સહવાસ-પ્રસંગથી પુરુષમાં અને પુરુષના સહવાસ-પ્રસંગથી સ્ત્રીઓમાં જે કામવિકાર ઉદ્‌ભવે છે, વિષયવાસનારૂપી શેતાન જાગી ઊઠે છે તે કામવિકારને નર્કનું દ્વાર ગણેલું છે. ગીતામાં કામ, ક્રોધ અને લોભ એ ત્રણને નર્કના દ્વાર ગણેલા છે. જગદ્‌ગુરુ શંકરાચાર્યજીના ગ્રંથોમાં પણ ધર્મમર્યાદા જળવાઈ રહે તે માટે આકરા શબ્દોમાં સ્ત્રીસંગના નિષેધનું વર્ણન આવે છે. કબીરજીએ તો એક જગ્યાએ પોતાના શિષ્યોને એમ પણ ઉપદેશ આપેલો છે કે હે શિષ્યો, જે સ્મશાનમાં સ્ત્રીના અગ્નિસંસ્કારની ક્રિયા ચાલતી હોય, તે સ્મશાન પાસેથી પણ જવું નહિ. જો એ ચિતામાંથી રાખ ઊડીને તમારા ઉપર પડશે તો પણ તે તમને વિકારી બનાવશે. જૈન તથા બૌધ ધર્મમાં પણ આવી ધર્મમર્યાદાઓનો ઉલ્લેખ છે.

ટીકાકારે ધર્મના સત્ય સિદ્ધાંતોનો ઊંડો અભ્યાસ કર્યા વગર જ ટીકા કરી છે, તેથી તેનું રહસ્ય તેને સમજાયું નથી. કોઈ પણ ધર્મમાં વ્યક્તિઓમાં રહેલા દોષો અને ક્ષતિઓને લીધે તેમાં સડો કે ભ્રષ્ટાચાર જણાય, તો તે ધર્મનો દોષ ન ગણાય. એ દોષ તો તે વ્યક્તિ પરત્વે જ ગણાય. મનુષ્યજીવો તો અપૂર્ણ હોય જ અને તેમાં ભૂલો, દોષો, નબળાઈઓ

વગેરે બધું જ હોય, પરંતુ તે ધર્મને લીધે છે એમ માનવું તે અજ્ઞાન ને મૂર્ખતા છે. માટે ધર્મનો ઊંડો અભ્યાસ, તેમાં થયેલા મહાન સંતોના જીવનચરિત્રોનો અભ્યાસ, સિદ્ધાંતો-તત્ત્વજ્ઞાન વગેરેનો અભ્યાસ ખૂબ ઊંડાણપૂર્વક કરવામાં આવે ત્યારે જ સત્ય સમજી શકાય. (૧૩૯)

પ્રભુ જ્યારે કોઈ મોટો મંદવાડ ભોગવાવે, ત્યારે મહારાજને સંભારીને આનંદથી તેનું દુઃખ સહન કરી લેવું. મોટા મંદવાડથી પોતાના દેહની, સગા-સંબંધીની, પદાર્થની એમ અનેક પ્રકારે રહેલી વાસના-આસક્તિ ટળી જાય છે. તેથી પ્રભુના સ્વરૂપમાં વિઘ્ન વગર જોડાઈ શકાય છે. ક્યારેક કોઈક ભક્તનો દેહ અકસ્માતથી કે હાર્ટઍટેકથી પડી જાય, ત્યારે કોઈક વખત ભગવાનમાં અપૂર્ણ શ્રદ્ધાને લીધે સગા-સંબંધી કે માયિક પદાર્થમાં આસક્તિ કે શુભ-અશુભ વાસના રહી જાય છે. કેટલાક ભગવાનનું નામ લેતા લેતા જાગૃતમાં દેહ મૂકે કે સ્વપ્ન અવસ્થામાં કે સુષુપ્તિ અવસ્થામાં દેહ મૂકે, પરંતુ જો કારણશરીરમાં વાસના રહી જાય તો પ્રભુ અને મુક્તના અંતકાળે દર્શન થાય, તો પણ પ્રભુના સ્વરૂપમાં જોડાઈ શકાતું નથી. પછી તે દેહ મૂક્યા બાદ સૂક્ષ્મશરીરે સૂક્ષ્મલોકમાં રહે છે. જ્યારે તેને વાસના ટળી જાય, ત્યારે મુક્તની કૃપાથી ભગવાનના સ્વરૂપમાં જોડાઈને મોક્ષ પામે છે. જીવની પાત્રતા ન હોય તો પ્રભુ કે મુક્ત મનુષ્યરૂપે પ્રગટ હોય ત્યારે જેવા જણાતા હોય તેવા, પરંતુ દિવ્ય સૂક્ષ્મરૂપ





ધારણ કરીને તે જીવને દર્શન આપે છે. જો તે સ્વરૂપમાં જીવ જોડાઈ જાય, તો દિવ્યસ્વરૂપના દિવ્યસુખને પામી જાય. એ વખતે પણ જો કારણશરીરમાં વાસના રહી હોય તો પાત્રતા ન થતાં પ્રભુના સ્વરૂપમાં જોડાઈ ન શકવાથી તે સૂક્ષ્મશરીરે રહે. જ્યારે પાત્રતા થાય, ત્યારે જ પ્રભુની કૃપાથી પ્રભુના સુખને પામે, નહિતર પ્રભુ તેને સત્સંગમાં સારો જન્મ આપે. પ્રભુ અને મુક્ત કદાચ પોતાના સામર્થ્યથી જીવને મૂર્તિના સુખમાં મૂકે તો પણ પાત્રતાના અભાવે તે સુખમાં ટકી શકતો નથી. એ દિવ્યસુખમાંથી બહાર નીકળી જાય છે.

મૃત્યુ પછી કોઈ ભક્ત વાસનાને લીધે સૂક્ષ્મસૃષ્ટિમાં રહી ગયા હોય તો વચનામૃત વગેરે ગ્રંથની પારાયણ કરવાથી તે જીવને જ્ઞાન થવાથી, તેની વાસના ટળવાથી તે નિર્મળ બને છે. પછી પ્રભુ તેને દર્શન આપે એટલે સુખમાં જોડાઈ જાય છે. (૧૪૦)

અક્ષરધામમાં રહેલા શ્રીજીમહારાજના મૂળ વ્યતિરેક સ્વરૂપનું વર્ણન કરતાં મુક્તરાજ નારાયણમામાએ જણાવ્યું કે મહારાજના વ્યતિરેક દિવ્યસ્વરૂપ આગળ બીજા બધા મુક્તો, ધામાધિપતિઓ, દેવો, મનુષ્યો વગેરે બધાની સુંદરતા અતિ તુચ્છ લાગે છે. ગોલોકાદિ ધામમાં શ્રીકૃષ્ણ જે મૂળપુરુષ (પ્રકૃતિપુરુષ) તેની મૂર્તિ પણ દિવ્ય તેજોમય ને સુંદર છે. તેમના રાધિકાજી, લક્ષ્મીજી વગેરે મુક્તો પણ સુંદર ને દિવ્ય છે. તે બધા કરતાં સર્વોપરી પરમાત્મા ભગવાન સ્વામિનારાયણ

જેને શ્રુતિ આદિનારાયણ, વાસુદેવનારાયણ, અનાદિ શ્રીકૃષ્ણ વગેરે નામે સંબોધે છે. તેમની સુંદરતા પાસે મૂળપુરુષ જે શ્રીકૃષ્ણ વગેરે ધામાધિપતિઓની સુંદરતા સાવ ફિક્કી લાગે છે. મહારાજનું દિવ્યસ્વરૂપ ચૈતન્યરૂપ ઘનતેજની અતિ સુંદર મૂર્તિ છે. તે મૂર્તિ સવાચોસઠ તસુની કિશોરવયની અતિ નિર્દોષ જણાય છે. તેમનું મુખારવિંદ બહુ ગોળ નહિ તેમજ બહુ લંબગોળ નહિ, તે બંનેની વચ્ચેનું ખૂબ જ પ્રમાણસર છે. મહારાજને શિરે દિવ્ય તેજોમય શીખા છે. આંખો અણિયાળી અતિ સંમોહક છે. તે બંને આંખોના ખૂણાઓ નાસિકા પાસે સુંદર ઘાટવાળા અણિયાળા છે. બહારની તરફના ખૂણાઓ પણ અણિયાળા ને સુંદર ઘાટવાળા છે. ભાલ વિશાળ ને ઉન્નત છે. બંને નેણ સુંદર વળાંકવાળા ને લાંબા છે. નાસિકાથી શરૂ થઈ કાન તરફ લંબાયેલા છે. બંને શ્રવણ-કાન સરખા પ્રમાણસર છે. તેમનો ઘાટ ઉપરથી ગોળાકાર ને નીચેથી સાંકડો છે. એટલે કાનની બૂટ સુંદર ઘાટવાળી નમણી છે. નાસિકા દીપ સરખી અણિયાળી સુંદર ઘાટવાળી છે. મહારાજના હોઠ સુંદર ઘાટવાળા પાતળા છે ને મુખારવિંદને અત્યંત શોભાવે છે. મહારાજની મૂર્તિને મૂછો તેમજ બીજા કોઈ રોમ કે વાળ નથી. કારણ કે એ મૂર્તિ પંચભૂતાત્મક હાડ-માંસની મૂર્તિ નથી. ચૈતન્યમય અમાયિક મૂર્તિ છે.

તે મૂર્તિના બધા જ અંગો દિવ્ય ચૈતન્યપ્રકૃતિના છે. મહારાજના જેવો બીજા કોઈનો ચૈતન્ય નથી. મુક્તો પણ





મહારાજને આકારે આકાર થઈ દિવ્ય ચૈતન્યની મૂર્તિ થાય છે, તેમ છતાં મહારાજનો ચૈતન્ય વિશિષ્ટ છે. અનંત મુક્તો તે સ્વરૂપમાં લીન રહી સુખ માણે છે. મહારાજના ખભા વિશાળ, થોડા ઢળતા અને સપ્રમાણ છે. વક્ષ પણ વિશાળ છે. બંને સ્તન ઉન્નત અને અતિ સુંદર ઘાટવાળા છે. હાથ સુંદર લાંબા છે. હાથના આંગળા પ્રમાણમાં લાંબા પાતળા કોમળ છે. નખ પણ ઉપડતા ને અતિ તેજસ્વી છે. મહારાજની કમર પાતળી છે. ઉદર બહુ મોટું નથી સુંદર સપ્રમાણ ઘાટવાળું છે. છાતીના મધ્યમાં ઊર્ધ્વપુંડ્ર તિલક જેવું સુંદર ચિહ્ન જણાય છે. બંને સાથળ સરખા સપ્રમાણ છે. પીંડીઓ પણ સરખી સપ્રમાણ છે. બંને ચરણારવિંદ સુંદર ઘાટવાળા અતિ કોમળ છે.

મહારાજની મૂર્તિમાંથી બ્રહ્મરૂપ જે પ્રકાશ નીકળે છે તેને લીધે બીજા ચિહ્નો બહુ જણાતાં નથી, પણ ક્યારેક ક્યારેક જે જગ્યાએ તિલ કે ચિહ્ન હોય તેમાંથી અત્યંત તેજોરશ્મિઓ પ્રસ્ફુટિત થઈને પુનઃ લીન થાય છે. સમગ્ર મૂર્તિમાંથી દિવ્ય પ્રકાશના બિંબ છૂટતા હોય તેવું મુક્તને અનુભવાય છે. જો કે તે પ્રકાશ હાલે ચાલે તેવો, વધારે ઓછો થાય તેવો નથી, પણ અમર્યાદિત ને પૂર્ણ છે. એ અનુપમેય તેજ શ્વેત છે, પણ બીજા કોઈ શ્વેત પદાર્થને તેની સાથે સરખાવી શકાય જ નહિ. આ દિવ્ય તેજને સચ્ચિદાનંદબ્રહ્મ, અક્ષર, અક્ષરબ્રહ્મ, અક્ષરધામ, ચિદાકાશ વગેરે પર્યાયોથી સંબોધવામાં આવ્યું છે.

આ દિવ્યપ્રકાશ એ પ્રભુનું અન્વયસ્વરૂપ છે. જેનાથી અણુથી લઈને અનંત બ્રહ્માંડોનું નિયમન, પાલન, પોષણ, સર્જન, વિસર્જન વગેરે થાય છે. આ જ દિવ્યપ્રકાશ મુક્તોને અતિ સુખરૂપ છે. મૂર્તિમાંથી નિતનવીન સુખ પ્રગટ થયા જ કરે છે. તેને અનાદિમુક્તો મૂર્તિમાં રસબસ ભાવે લીન રહી, સુખ ભોગવ્યા જ કરે છે અને પરમ એકાંતિક મુક્તો સન્મુખભાવે રહી મૂર્તિનું સુખ ભોગવે છે. આ મુક્તો પ્રભુના સુખમાં ક્યારેય તૃપ્ત થતા નથી એવું અનંત, અપાર સુખ છે. (૧૪૧)

મહારાજની મૂર્તિ દિવ્ય સિંહાસનમાં છે, એનો અર્થ એમ નથી કે કંઈક સિંહાસન જેવું છે અને એમાં મહારાજ બેઠા છે, પણ પ્રભુનું જે તેજ છે તે જ દિવ્ય સિંહાસનરૂપે શોભે છે, વસ્ત્રોરૂપે શોભે છે અને અલંકારોરૂપે પણ શોભે છે. પરભાવમાં મહારાજની વ્યતિરેક મૂર્તિમાં અને તેમના સાધર્મ્યપણાને પામેલા મુક્તોમાં સ્ત્રી-પુરુષને દર્શાવતા કોઈ અંગો નથી. કારણ કે પરભાવમાં ખાવું-પીવું વગેરે કોઈ દૈહિક ક્રિયાઓ નથી. માયાનો કોઈ ભાવ નથી. મહારાજ અને મુક્તો દિવ્ય ચૈતન્યમય સ્વરૂપો છે. કાળ, કર્મ ને માયાથી પર છે. ગુણાતીત એટલે રજ, તમ અને સત્ત્વગુણથી પર છે. સ્થૂળ, સૂક્ષ્મ, કારણ અને મહાકારણથી પર છે. મહારાજના દિવ્યસ્વરૂપનો જેને સાક્ષાત્કાર થાય છે, તેમાં અનાદિમુક્તની સ્થિતિવાળાને મૂર્તિમાં પ્રવેશ થાય છે અને તે મૂર્તિમાં રસબસ





નખથી શિખા પર્યંત લીન રહે છે, તેમ છતાં એ કિશોરાવસ્થાની સુંદર મૂર્તિ અનંત મહાસાગર જેવી અગાધ છે. તે મૂર્તિમાં અનંત અનાદિમુક્તો સુખ ભોગવતા હોવા છતાં એક બીજાને આવરણરૂપ થતા નથી.

જેમ સમુદ્રમાં અનંત માછલાંઓ દોટો દે છે, તેમ મુક્તો પણ પોતપોતાની સુખ લેવાની ગતિ-સામર્થી પ્રમાણે સુખમાં દોટો દે છે અને તે દિવ્ય, અવર્ણનીય, અનુપમેય, અનંત-અપાર, નિતનવીન સુખ ભોગવ્યા જ કરે છે. અને જેમજેમ સુખ ભોગવે, તેમતેમ સુખ લેવાની ગતિ-સામર્થી વધતી જ જાય છે. મુક્તોને એ સુખમાં કંટાળો નથી આવતો. Monotony એકસૂરતા નથી. દરેક પળે વિવિધ પ્રકારનું સુખ મૂર્તિમાંથી નીકળ્યા જ કરે છે અને તે સુખ મુક્તો લીધા જ કરે છે. તે સુખભોક્તાપણામાં ક્યારેય તૃપ્ત નથી થવાતું, ક્યારેય saturation period નથી આવતો. અનંતકાળ સુધી અનંત સુખોમાં મુક્તો કિલ્લોલ કરે છે. મુક્તો પોતે પણ સુખરૂપ હોય છે. અને ક્યારેક એકબીજાનું સુખ પણ અનુભવે છે. એમ સુખની અનંત પ્રકારની વિવિધતા છે, પણ પ્રભુના સુખ આગળ મહારાજના તેજરૂપ અક્ષરધામનું સુખ અને મુક્તનું સુખ ન્યૂન છે. એટલે જ એમ કહેવાય છે કે ''વહાલા એ રસના ચાખણહાર છાશ તે નવ પીવે રે લોલ.'' પ્રેમાનંદ સ્વામી આમાં એમ જણાવે છે કે, મહારાજની મૂર્તિમાં જે અનાદિમુક્તો સુખ ભોગવે છે તે સુખ પાસે પરમ એકાંતિક

મુક્તો જે મૂર્તિને સન્મુખ રહીને સુખ ભોગવે છે અને જે તેજનું સુખ છે તે છાશ જેવું ફિક્કું જણાય છે. એવું અલૌકિક સુખ મૂર્તિમાં લીન રહી અનાદિમુક્તો ભોગવે છે.

પરભાવમાં મહારાજ પોતાના વ્હાલા મુક્તોને સુખ આપે છે અને મુક્તો દાસભાવે એ સુખ પોતાના સ્વામી પાસેથી ભોગવે છે એ જ લીલા છે. અને સેવા પણ દાસભાવે સુખ ભોગવવું તે જ છે. બીજી અવરભાવ જેવી સેવા નથી. જેમ કે ભગવાનને જમાડવા, પોઢાડવા, પગ દાબવા, હવા નાંખવી વગેરે સેવાના ભાવ પરભાવમાં નથી, ત્યાં તો દાસભાવે મૂર્તિનું સુખ ભોગવવું એ જ સેવા છે. અને જાણપણું પણ કેવળ સુખનું જ છે. મુક્તો મહારાજની સાથે તદ્રુપ તલ્લીન થઈ સુખ ભોગવે છે. તેમનો આકાર પણ દિવ્યસાકાર પ્રભુ જેવો જ છે. અર્થાત્ પ્રભુનું સાધર્મ્યપણું પામેલા મુક્તોનો આકાર પ્રભુ જેવો જ ચૈતન્યમય દિવ્ય છે, છતાં પણ પ્રભુની સુંદરતા તેમને અધિક જણાય છે. પ્રભુનું સામર્થ્ય, શક્તિ, ઐશ્વર્ય, અનંતગુણો, પ્રકાશ વગેરે બધાનું તુલ્યપણું મુક્તોને થાય છે, છતાં પણ પોતાના સ્વામીનું એટલે મહાપ્રભુનું જ્ઞાન, ઐશ્વર્ય, સુંદરતા, શક્તિ, સામર્થી વગેરે બધું પોતાના કરતાં વિશેષ જણાય છે. એટલે મુક્તોને મહારાજનો મહિમા અપાર ને અપાર જણાવાથી દાસભાવ અખંડ રહે છે. ક્યારેય પોતાને ભગવાન છું એમ નથી મનાતું, કારણ કે મુક્તોને જણાય છે કે પોતાના સ્વામી જે મહારાજ તેનું જ્ઞાન, શક્તિ, સામર્થી,





સ્વરૂપ, ગુણો, ઐશ્વર્યો, બધું જ અનંત અપાર છે. જેમનો ક્યારેય પાર પામી શકાતો નથી અને અનંત કલ્પ સુધી મૂર્તિનું સુખ ભોગવવા છતાં પણ એ સ્વરૂપ કેવું છે, તેમ બરાબર કળી શકાતું નથી.

ગોપાળાનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી જેવા તો અનંત મુક્તો તે મૂર્તિમાં રહી સુખ ભોગવે છે. બ્રહ્માનંદ સ્વામી પણ જણાવે છે કે “રસબસ હોઈ રહી રસિયા સંગ જ્યું મિસરી પય માહીં ભળી, આજ એકાદશી સુફળ ફળી.” જેમ સાકર દૂધમાં રસ-બસ થઈ જાય છે ત્યારે જોનારને ફક્ત દૂધ જ જણાય છે, પણ જ્યારે ચાખે ત્યારે જ ખબર પડે છે કે તેમાં સાકર છે. સાકર અને દૂધમાં એટલી બધી એકતા થાય છે. તેમ છતાં દૂધ તે દૂધ છે અને સાકર તે સાકર છે. બંને અલગ-અલગ પદાર્થ છે, પણ વિશિષ્ટ રીતે રસબસ છે. તેમ જ અનંત અનાદિમુક્તો મૂર્તિરૂપ મૂર્તિમાં રસબસભાવે નખથી શિખા પર્યંત લીન રહી મહારાજનું દિવ્યસુખ માણે છે. તેઓ એકરૂપ થાય છે, પણ એક નથી થઈ જતા. મહારાજનો ચૈતન્ય મુક્તોના ચૈતન્ય કરતાં વિશિષ્ટ છે. તેમના ચૈતન્યમાં અને મુક્તોના ચૈતન્યમાં અનંતગણો ફેર છે. મુક્તો દૂધમાં સાકર છે તેમ મૂર્તિરૂપ થઈ આકારે આકાર થઈ રસબસભાવે ભેગા છે, છતાં તે રસબસભાવે મૂર્તિમાં લીનપણું વિશિષ્ટ રીતે છે. સ્વામી-સેવકપણું, સુખદાતા-સુખભોક્તાપણું અખંડ રહે છે.

મુક્તો કાળ-કર્મ અને માયાથી પર અને સ્વતંત્ર છે, પણ મહારાજ પાસે પરતંત્ર અને દાસ છે. એટલે મૂર્તિમાં વિશિષ્ટ રીતે મુક્તો રસબસ રહી, એકરૂપ-તદ્રૂપ-તલ્લિન થઇ, લીન રહી મૂર્તિનું સુખ ભોગવે છે તે જ મહારાજનો વિશિષ્ટાદ્વૈત મત છે. અને એ જ સર્વોપરી સ્વરૂપનો, સર્વોપરી અગમ્ય, અલૌકિક સ્થિતિનો, સર્વોપરી સુખનો, સર્વોપરી આત્યંતિક કલ્યાણનો સર્વોપરી સિદ્ધાંત છે. આ દિવ્યસ્વરૂપમાંથી અનંત કોટિ સૂર્ય જેવો પ્રકાશ નીકળે છે. તેમાંથી પ્રણવ ઉત્પન્ન થાય છે. આ દિવ્યસ્વરૂપનો મુક્તો ચૈતન્ય દ્વારા સ્પર્શ પણ અનુભવી શકે છે. આ સ્વરૂપને જાણવાથી કંઈ પણ વિશેષ જાણવાનું બાકી રહેતું નથી. આ દિવ્યસ્વરૂપને પામ્યા પછી વિશેષ કંઈ પણ પામવાનું બાકી નથી રહેતું એવું અલૌકિક સ્વરૂપ છે. મહારાજ પોતે પણ પોતાની એવી સુંદરતા પોતાના મનુષ્યશરીરમાં લાવ્યા નહોતા, કારણ કે તે દિવ્યસ્વરૂપની સુંદરતા મનુષ્યશરીરમાં આવી શકે નહિ અને તે દિવ્યસ્વરૂપ પાત્રતા વગર, દિવ્ય થયા વગર જીરવી શકાતું જ નથી. (૧૪૨)

જ્યારે ધ્યાન કરતાં કરતાં મહારાજના મુક્તોની કૃપાથી આત્મા સ્થૂળ-સૂક્ષ્મ-કારણ અને મહાકારણ વગેરે બધાં આવરણોથી પર થઇ ચૈતન્યરૂપ થાય, ત્યારે જ આ અતિ સુંદર દિવ્ય વ્યતિરેક મૂર્તિના દર્શન અને સુખ જીરવી શકાય, પણ તે પહેલાં પાત્રતા કેળવ્યા વગર જીરવી શકાય નહિ.





આ લોકમાં બહુ વધારે વોલ્ટેજવાળા બલ્બનો અથવા વેલ્ડિંગનો પ્રકાશ પણ જીરવાતો નથી અને આંખો અંજાઈ જાય છે તો તે અનંત સૂર્ય જેવો મહારાજનો પ્રકાશ કેવી રીતે જીરવી શકાય? માટે પાત્રતા કેળવવી અને મહારાજની પ્રસન્નતાના સાધન કર્યા કરવાં. એટલે મોટા અનાદિમુક્તો પોતે પ્રભુના દિવ્યસ્વરૂપનો જેવો આનંદ માણે છે, તેવો આનંદ પાત્ર થયેલા જીવો ઉપર કૃપા કરીને, તેમને પ્રભુનો સાક્ષાત્કાર કરાવી, મુક્તદશા પ્રાપ્ત કરાવી ભોગવાવે છે. (૧૪૩)

મહારાજનું દિવ્યસ્વરૂપ કોઈ ચિત્રકાર દોરી શકે જ નહિ, કારણ કે દિવ્યભાવને માયિક ભાવમાં કેવી રીતે લાવી શકાય? તે અશક્ય જ છે. તેથી પોતાને જે સ્વરૂપ વધારે પસંદ હોય અને જેમાં પોતાને વિશેષ હેત હોય તેવા પ્રતિમાસ્વરૂપનું ધ્યાન પ્રતિલોમ વૃત્તિએ કરવું, પછી જ્યારે સાક્ષાત્કાર થાય, ત્યારે પ્રથમ તો પોતે જે સ્વરૂપ ધ્યાનમાં ધાર્યું હોય તે જ અતિશય તેજોમય દિવ્ય જણાય છે. પછી તે સ્વરૂપ મૂળ વ્યતિરેક સ્વરૂપમાં ફેરવાઈ જાય છે. ત્યારે ખરું સુખ આવે છે. અને મહારાજ પોતે વ્યતિરેક સ્વરૂપે વિરાજે છે તેવા દિવ્યદર્શન અખંડ થાય છે. મુક્ત પોતે પણ દિવ્ય હોવાથી તે દિવ્યસ્વરૂપના દર્શન-સુખ જીરવી શકે છે. માટે ધ્યાન-ઉપાસના કરી પાત્રતા કેળવવા મંડી પડવું એટલે મહારાજ અને મુક્તની કૃપા થાય અને  સાક્ષાત્કાર થઇ તેમના જેવા સુખની પ્રાપ્તિ થાય.

પુરુષપ્રયત્ન કર્યા વગર કેવળ આશીર્વાદ માગવાથી તે સ્વરૂપના દર્શન મોટા પુરુષ નથી કરાવતા. દાખડો-પુરુષપ્રયત્ન તો કરવો જ પડે, તો જ પાત્રતા થાય. પરંતુ પાત્રતા થયા પછી પણ મોટા મુક્તની કૃપા વગર તો સાક્ષાત્કાર સંભવી ન શકે. મોટા મુક્તની સહાય વગર કૂદકો લઈને મહારાજનું સુખ નથી લેવાતું. કારણ કે મહારાજનો પોતાનો જ મૂળ સંકલ્પ પોતાના અનાદિમુક્તો દ્વારા જ જીવોના આત્યંતિક કલ્યાણ કરવાનો છે. જેને સાક્ષાત્કાર થયો હોય તે જ બીજાને સાક્ષાત્કાર કરાવી શકે, જેનો દીવો સળગ્યો હોય તે જ બીજાના દીવા પ્રગટાવી શકે. માટે જેમને સાક્ષાત્કાર થયો હોય તેવા મુક્તોનો જોગ સમાગમ કરી તેમની અનુવૃત્તિમાં, આજ્ઞામાં રહી તેમને રાજી કરી તેમની કૃપા મેળવે તો પ્રભુના દિવ્યસ્વરૂપનો સક્ષાત્કાર થાય, પણ તે વગર અનંત જન્મે પણ ન જ થાય, માટે મુમુક્ષુસાધકે આ વાત વિચારવી. (૧૪૪)

સાધક જ્યારે પરમાત્માના સ્વરૂપનું ધ્યાન-ભજન કરીને ત્રણ શરીર, ત્રણ અવસ્થા, ત્રણ ગુણ વગેરે આવરણોથી અને સર્વે દોષોથી પર થાય, ત્યારે તેનો ચૈતન્યભૂમિકામાં પ્રવેશ થાય છે. ચૈતન્યભૂમિકામાં પણ અનેક પ્રકારની વિવિધતા છે. તેમાં પુરુષકોટિ, ઈશ્વરકોટિ, બ્રહ્મકોટિ, અક્ષરકોટિ તથા તે બધાના વૈકુંઠ, ગોલોક, બ્રહ્મપુર વગેરે ધામો, આ બધાનો ચૈતન્યભૂમિકામાં સમાવેશ થાય છે. દેવલોક-સ્વર્ગલોક,





બ્રહ્મલોક, વૈકુંઠ, ગોલોક, બદ્રિકાશ્રમ, શ્વેતદ્વીપ, બ્રહ્મપુર, વગેરે અનંત ધામો છે. તે તે ધામોના અધિપતિઓનું સુખ તેમના મુક્તો માણે છે અને તે અધિપતિઓ પોતપોતાના ઉપરીનું સુખ માણે છે. ચૈતન્ય ભૂમિકાઓમાંની અંતિમ ભૂમિકારૂપ સર્વોપરી પરમાત્મા ભગવાન સ્વામિનારાયણની દિવ્યમૂર્તિ તથા તેમના અક્ષરધામનું સુખ તેમના અનાદિમુક્તો તેમજ પરમ એકાંતિક મુક્તો માણે છે. જીવો અનંત, દેવો અનંત, પ્રધાનપુરુષ અનંત, પ્રકૃતિપુરુષ અનંત, વાસુદેવબ્રહ્મ અનંત, મૂળઅક્ષર અનંત, મુક્તો અનંત, આ બધાની કોટિઓ અનંત છે. કેવળ સર્વોપરી પરમાત્મા ભગવાન સ્વામિનારાયણ જ એક ને અદ્વિતીય છે, બાકી બધા અનંત છે.

બધા ધામોના સુખથી પર ભગવાન સ્વામિનારાયણના અક્ષરધામનું સુખ અધિક છે અને તેથી પર સ્વયં પરમાત્માના વ્યતિરેક દિવ્યસ્વરૂપનું સુખ અતિ અધિક છે. તેથી પર બીજું કોઈ સુખ નથી એમ અનંત અનાદિમુક્તોનો સ્વાનુભવ છે. શ્રીજીમહારાજના વ્યતિરેક દિવ્યસ્વરૂપનું પરમસાધર્મ્ય પામેલા અનાદિમુક્તો મૂર્તિમાં રસબસ લીન રહી દિવ્યસુખ માણે છે. તે અનાદિમુક્તોની કૈવલ્યમુક્ત સંજ્ઞા છે. પ્રભુની મૂર્તિના તેજરૂપ અક્ષરધામમાં સન્મુખ રહી સુખ માણતા પરમ એકાંતિક મુક્તો છે તેમની વિદેહી મુકત સંજ્ઞા છે. મનુષ્યલોકમાં રહેલા પ્રભુના સંપૂર્ણ કૃપાપાત્ર એકાંતિક ભક્તો છે તેમની જીવનમુક્ત સંજ્ઞા છે. મુમુક્ષુજીવાત્મા પ્રભુની પ્રસન્નતાના ધર્મ-જ્ઞાન-વૈરાગ્ય-

ભક્તિ, ધ્યાન-ભજન, સત્પુરુષના સેવા-સમાગમ વગેરે સાધનો કરી એકાંતિક ભાવને પામે છે. પછી સત્પુરુષ થકી મૂર્તિમાં રહી મૂર્તિનું સુખ ભોગવવાની સમજણ પરિપક્વ કરે તો સિદ્ધદશામાં અનાદિમુક્તની સ્થિતિ પ્રાપ્ત થાય અથવા પ્રભુના સન્મુખભાવમાં રહી સુખ ભોગવવાની સમજણ થઇ હોય તો સિદ્ધદશામાં પરમ એકાંતિક મુક્તની સ્થિતિ પ્રાપ્ત થાય છે.

જેવી સમજણ તથા જ્ઞાન સાધનકાળમાં થયું હોય તેવી સ્થિતિ સિદ્ધદશામાં થાય છે. જેમ આ લોકમાં એન્જિનીયરનું ભણ્યો હોય તે એન્જિનીયર થાય છે અને ડૉક્ટરનું ભણ્યો હોય તે ડૉક્ટર ને વકીલનું ભણ્યો હોય તે વકીલ થાય, એમ જેવો અભ્યાસ કર્યો તેવી પદવી મળે છે. એવી જ રીતે ઉપાસનાના ભેદે કરીને પ્રાપ્તિમાં પણ ફેર પડે છે. પ્રભુને દેવ જેવા જાણે તો દેવ થાય, વૈરાજ પુરુષ જેવા જાણે, પ્રકૃતિપુરુષ જેવા જાણે, વાસુદેવબ્રહ્મ જેવા જાણે, અક્ષર જેવા જાણે તો જેવા ભગવાનને જાણીને તેમની ઉપાસના કરી હોય તેવો પોતે થાય છે. સર્વોપરી પરમાત્મા ભગવાન સ્વામિનારાયણને સર્વે અવતારના અવતારી જાણી સર્વોપરી ઉપાસના દઢ કરીને સંપૂર્ણ નિર્મળ, નિર્વાસનિક, નિરાસક્ત ને નિર્વિકલ્પ થાય તો આત્યંતિક કલ્યાણ પામી સર્વોપરી પરમાત્માનો મુક્ત થાય છે. (૧૪૫)

શ્રીજીમહારાજ આ લોકમાંથી મનુષ્યરૂપ અદશ્ય કરી સ્વધામ પધાર્યા ત્યારે સર્વે સંતો હરિભક્તોને એટલો બધો





આઘાત લાગેલો કે જાણે દેહ જ નહીં રહે. ઘણા હરિભક્તોને મૂર્છા વળી ગઈ, ઘણા ભક્તોએ અન્નજળનો ત્યાગ કરી દીધો. મોટા મોટા સદ્ગુરુઓ તથા હરિભક્તોને આંખમાંથી આંસુની ધારા થવા લાગેલી, પરંતુ સ.ગુ. ગોપાળાનંદ સ્વામીની આંખમાં આંસુ ન આવ્યું. તેમણે મનમાં વિચાર્યું કે જો હું પણ આંખમાં આંસુ લાવીશ તો પછી કોઈને આશ્વાસન નહિ મળે અને સૌ આઘાત જીરવી નહીં શકવાથી દેહ મૂકી દેશે અને પ્રભુએ સ્થાપેલો આવો સર્વશ્રેષ્ઠ દિવ્ય સત્સંગ વિખેરાઈ જશે. આમ વિચારી તેઓ પોતાની આંખમાં આંસુ લાવ્યા વગર બધાને ધીરજ અને આશ્વાસન આપતા કે શ્રીજીમહારાજ તો પોતે પૂર્ણપુરુષોત્તમ નારાયણ છે. એમને કાંઈ આવવા જવાપણું છે જ નહિ. તેમણે આપણને બધાને પોતાના દિવ્યસ્વરૂપમાં અપાર સુખમાં અખંડ રાખ્યા છે. માટે આપણને કોઈને મહારાજનો વિરહ ક્યારેય થઇ શકે એમ છે જ નહિ. જેમણે આપણા ચૈતન્યને પોતાનું પરમસાધર્મ્ય પમાડી પોતા તુલ્ય કરી સળંગ રસબસ ભાવે પોતાના દિવ્યસ્વરૂપમાં આકર્ષણ કરીને રાખ્યા છે તે પ્રભુ સાથે વિરહ કેવી રીતે સંભવે? માટે કોઈ એમ ન માનતા કે મહારાજ આપણને મૂકીને જતા રહ્યા.

મહારાજે મનુષ્યસ્વરૂપ ધારણ કર્યું અને તેનો ત્યાગ કર્યો તે તો તેમની દેખાવમાત્ર લીલા જ હતી. તેઓ તો જેમ છે તેમ જ દિવ્યસ્થિતિમાં અખંડ છે. માટે આવેગવશ થઇ

કોઈએ તેમની પાછળ દેહ ત્યાગ કરવો નહિ અને જેઓ આજ્ઞા લોપી તેમ કરશે તો મહારાજનો રાજીપો નહિ થાય. સૌ હિંમત રાખશો અને મહારાજ જતા રહ્યા છે તેમ ક્યારેય માનશો નહિ. તેઓ સદાય, સર્વકાળ, સર્વત્ર પ્રગટ જ છે. તેમના સિદ્ધ અનાદિમુક્તો દ્વારા પણ તેઓ જ દર્શન આપે છે.

દાદાખાચર શ્રીજીમહારાજ ધામમાં પધારવાથી ખૂબ જ આઘાત લાગવાથી ચિતામાં પડવા તૈયાર થઇ ગયેલા. તેમને પણ ગોપાળાનંદ સ્વામીએ સમજાવીને આશ્વાસન આપી કહ્યું કે લક્ષ્મીવાડીમાં મહારાજ બેસતા તે બેઠકે જાવ. પછી દાદાખાચર ત્યાં ગયા ત્યારે મહારાજે તેમને પ્રત્યક્ષ મનુષ્યરૂપે જેવા હતા તેવા પ્રગટ થઇ દર્શન આપી કહ્યું, ‘આ તમને શું થઇ ગયું છે? આટલા બધા વર્ષો અમારી ભેળા રહી અમારી સેવા કરી, અમારા ઐશ્વર્યો ને સામર્થ્યનો અનુભવ કર્યો તો ય અમને મનુષ્ય જેવા જાણી જતા રહ્યા માનો છો? અમે તો સદાય પ્રગટ છીએ. અમારે આવવા જવાનું છે જ ક્યાં? તમને પણ અમારી મૂર્તિમાં સદાય ભેળા રાખ્યા છે. માટે હવે શોક ન કરશો અને ગોપાળાનંદ સ્વામી જેવી સમજણ દૃઢ કરી તેમની આજ્ઞામાં સૌ રહેજો. એવા મોટા મુક્ત દ્વારા અમે પોતે જ દર્શન-સુખ આપીએ છીએ. માટે સદાય આનંદમાં રહી અમારું ભજન-સ્મરણ કરજો. અમે સદાય તમારી સાથે જ છીએ.’ એમ કહી પોતાના ગળામાંથી હાર કાઢી





દાદાખાચરને પહેરાવ્યો અને શોક મુકાવી દિવ્યભાવની દૃઢતા કરાવી. પછી તો દાદાખાચર પણ બધાને આશ્વાસન આપવા લાગ્યા. અને મહારાજને દિવ્યભાવે સંભારી અખંડ અનંદમાં રહેતા.

માટે મુમુક્ષુએ પણ મુક્ત થકી આવી સમજણ ગ્રહણ કરી દરેક પરિસ્થિતિમાં મહારાજની એવી મરજી છે એમ જાણી સદાય આનંદમાં રહી મહારાજનું ધ્યાન-ભજન કર્યા કરવું. યથાર્થ સમજણ રાખી ધીરજપૂર્વક મુશ્કેલીઓનો સામનો કરવો, તો ગમે તેવી પરિસ્થિતિમાં પણ શ્રદ્ધા ડગે નહિ ને પ્રભુપ્રાપ્તિ માટેની પાત્રતા થતી જાય. પાત્ર થવાથી પ્રભુની કૃપા ઊતરે અને તેમના દિવ્યસુખની અનુભૂતિ થાય. (૧૪૬)

સાચી સમજણ જેવું બીજું કોઈ સાધન નથી. સાધકે હંમેશ નિર્ભય ને નિશ્ચિંત રહેવું. શ્રીજીમહારાજ જેમ રાખે તેમાં અંતરથી રાજી રહી મહારાજ જે કરે છે તે સર્વે સારું જ કરે છે અને આપણા હિત માટે જ કરે છે એમ દૃઢપણે માનવું. પ્રભુએ આપણે માટે નિર્માણ કરેલી ગમે તે પરિસ્થિતિ તેમની મંગલમય, કલ્યાણકારી દિવ્ય પ્રસાદી જ છે તેમ હૃદયપૂર્વક માની શ્રદ્ધા અને ધીરજને ડગવા ન દેવી. બધી પ્રભુની દિવ્ય લીલા સમજી તેમાં મોહ ન થવા દેવો. એવી સમજણ દૃઢ થાય તે જ સાચી શરણાગતિ છે. તન, મન, ધન અને પોતાનો ચૈતન્ય એ બધું જ પ્રભુને અર્પણ થાય ત્યારે જ સાચી શરણાગતિ કહેવાય. એવી શરણાગતિ આવ્યા

પછી મોહ ઉપજે જ નહિ. આપણા દેહને પ્રભુ ગમે તે પરિસ્થિતિમાં રાખે, પણ કોઈ પ્રકારની મૂંઝવણ ન થાય ત્યારે દેહ અર્પણ કર્યો ગણાય. એવા શરણાગતિના ભાવથી જ દેહાભિમાન, દેહભાવ વગેરે આવરણો ટળે. મન અર્પણ કર્યા પછી પોતાના મનનું ધાર્યું કરે અને પોતાના ઠરાવ ન મૂકી શકે અને મનમાં વિષયો પ્રત્યેની વાસના-આસક્તિ રહે, ખોટા ખરાબ આજ્ઞા વિરુદ્ધ ઘાટ-સંકલ્પ થયા કરે, અને તેમાં દાઝ ન થાય તો મન અર્પણ કર્યું જ નથી. મન અર્પણ કરે ત્યારે મનમાં પ્રભુ સિવાય બીજો સંકલ્પ જ ન થવા દે, પ્રભુના સ્વરૂપનું જ મનન કરે અને શૂરવીર થઇ સર્વે અંતઃશત્રુઓનો નાશ કરી નિર્વાસનિક, નિર્વિકલ્પ થાય ત્યારે જ વાસ્તવિક રીતે મન અર્પણ કર્યું કહેવાય.

ધન અર્પણ કર્યા પછી ધન પ્રત્યે ક્યારેય આસક્તિ ન ઉપજે, જે કંઈ છે તે બધું પ્રભુનું જ છે એમ મનાય ત્યારે જ સાચા અર્થમાં ધન અર્પણ કર્યું ગણાય. પોતાના ચૈતન્યને પ્રભુના દિવ્યસ્વરૂપ સાથે સંપૂર્ણ સંલગ્ન કરે ત્યારે વાસ્તવિક રીતે ચૈતન્ય અર્પણ કર્યો કહેવાય. તન-મન-ધન અને પોતાનો ચૈતન્ય આ રીતે અર્પણ થાય ત્યારે પ્રભુ આપણી શરણાગતિના ભાવનો સ્વીકાર કરે છે. આવા શરણાગતની પ્રભુ કાળ, કર્મ, માયાથી સંપૂર્ણપણે રક્ષા કરી બધા જ આવરણો દૂર કરી પોતાના દિવ્યસુખની પ્રાપ્તિ કરાવે છે. મહારાજ અને મુક્ત પાસે સંપૂર્ણપણે નિર્દંભ અને નિષ્કપટ થવું જોઈએ. ઉપર





ઉપરથી શરણાગતિનો ભાવ, સમર્પણનો ભાવ જણાવવાથી પ્રભુ અને મુક્તો કંઈ ભોળવાઈ જાય એવા ભોટ નથી. તેઓને સર્વેના જન્મ, કર્મ, સ્વભાવ, પ્રકૃતિ એ બધું જ હસ્તામળ હોય છે. માટે એવા સમર્થ પાસે કપટ ન રાખતાં, સાચે ભાવે તેમની શરણાગતિ સ્વીકારી, તેમની આજ્ઞા-અનુવૃત્તિમાં વર્તી સેવા-સમાગમે તેમને રાજી કરી લેવા એ જ સર્વશ્રેષ્ઠ સાધન છે. પોતાના અંતરનો નિરંતર તપાસ કરી જે કંઈ ઉણપ કે ખામી હોય તેને ટાળવા પ્રભુ તથા તેમના મુક્તને દીન થઇ પ્રાર્થના કર્યા કરવાથી પ્રભુની પ્રસન્નતા થાય છે અને બધી ઉણપો ને આવરણો ટળે છે. (૧૪૭)

જ્યારે શ્રીજીમહારાજ પૃથ્વી પર મનુષ્યરૂપે વિચરતા હતા, ત્યારે તે સમયમાં જીવોની પાત્રતા ન હોવાથી મહારાજ પોતાના સ્વરૂપના મહિમાની વાત ગુપ્ત રાખતા. અને પોતાના શાસ્ત્રોમાં પણ પરોક્ષ અવતારોની ઉપમા આપી તે પ્રમાણે જીવોને બરોબર પચ પડે તેમ લખાવતા. સ.ગુ. ગોપાળાનંદ સ્વામી, સ.ગુ. ગુણાતીતાનંદ સ્વામી, સ.ગુ. નિત્યાનંદ સ્વામી, સ.ગુ. બ્રહ્માનંદ સ્વામી, સ.ગુ. મુક્તાનંદ સ્વામી, સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામી વગેરે અનાદિમુક્તો પણ શ્રીજીમહારાજને છુપાવીને પરોક્ષ અવતારોને દૃષ્ટાંતે મહારાજનો મહિમા ગાતા. કારણ કે જીવોની સર્વોપરી પ્રભુનું એવું માહાત્મ્ય સમજવાની ગતિ ન હતી. એ હેતુથી પોતે ટૂંક સમયમાં પોતાના સંકલ્પ પ્રમાણેનું કાર્ય પૂરું કરી અદૃશ્ય થઇ

ગયા. પોતાના સર્વોપરી સ્વરૂપનું જ્ઞાન, ઉપાસના, અનાદિમુક્તની દિવ્ય સ્થિતિનું જ્ઞાન વગેરે પોતાના અનાદિમુક્તો ગોપાળાનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી વગેરે દ્વારા જીવોને સમજાવવાનું ચાલુ રાખ્યું. પરંતુ તેમને પણ અજ્ઞાની મનુષ્યો ખૂણિયા જ્ઞાનવાળા કહીને તેમનો અનાદર કરતા. તે વખતે લોકોની એવી સંકુચિત માનસિકતા હતી.

થોડા સમય પછી શ્રીજીમહારાજે વિશિષ્ટ સંકલ્પથી અનાદિમુક્તરાજ શ્રી અબજીબાપાશ્રીને પ્રગટ કર્યા. તેઓશ્રીએ શ્રીજીમહારાજની સર્વોપરી ઉપાસના જેમ છે તેમ પ્રવર્તાવી. આત્યંતિક કલ્યાણરૂપ એવી અનાદિમુક્તની સર્વોચ્ચ દિવ્ય સ્થિતિ સમજાવી અને અનેકને એવી દિવ્ય સ્થિતિનો સાક્ષાત્કાર અનુભવ પણ કરાવ્યો. અનંત જીવોના આત્યંતિક કલ્યાણ કર્યા. શ્રીજીમહારાજે દેહોત્સવ કર્યા પછી બાપાશ્રી પંદર વર્ષે પ્રગટ થયા. તે અનાદિમુક્તરાજ દ્વારા સ્વયં શ્રીજીમહારાજનું કર્તાપણું અને વિચરણ હતું. બાપાશ્રી પ્રગટ થયા ત્યારે સ.ગુ. ગોપાળાનંદ સ્વામી મનુષ્યરૂપે હાજર હતા. ગોપાળાનંદ સ્વામીએ દેહોત્સવ કર્યો ત્યારે બાપાશ્રી આઠ વર્ષના હતા. અયોધ્યાપ્રસાદજી મહારાજના મંદવાડ વખતે અબજીબાપાશ્રી તેમની ખબર કાઢવા ગયેલા ત્યારે સ.ગુ ગુણાતીતાનંદ સ્વામીનો મેળાપ થયેલો. મહારાજશ્રીએ આ સમાધિવાળા અબજીભાઈ છે તેમ ગુણાતીતાનંદ સ્વામીને ઓળખ આપેલી. એ વખતે ગોપાળાનંદ સ્વામી તેમ જ ગુણાતીતાનંદ સ્વામીએ





કોઈને ખાસ કહેલું નહિ કે બાપાશ્રી શ્રીજીમહારાજના વિશિષ્ટ સંકલ્પથી પ્રગટ થયા છે, પણ મહારાજના મુક્ત છે એટલું જ કહેલું. શ્રીજીમહારાજની ઈચ્છા ન હોવાથી વધુ મહિમા કહેલો નહિ. ક્યારેક અનાદિમુક્તોની સ્થિતિ પણ શ્રીજીમહારાજ રૂંધે છે અને તેમને પણ પોતાની મરજી જણાવતા નથી. એ મુક્તોને પોતાના સુખમાં લુબ્ધ કરી દે એટલે તેઓ પણ મહારાજની મરજી જાણી શકે નહિ. મહારાજને જેટલું જણાવવું હોય એટલું જ મુક્તો જાણી શકે છે. સર્વોપરી પરમાત્માની એ વિશિષ્ટતા છે. (૧૪૮)

પરમાત્માએ તથા સત્શાસ્ત્રોએ કહેલા સદાચારરૂપ ધર્મનું, પ્રભુએ આપેલા પંચવર્તમાનરૂપ નિયમધર્મોનું યથાર્થ પાલન કરતાં કરતાં એકાંતિક ભાગવતધર્મ સિદ્ધ થઇ, આત્મામાં પરમાત્માના દિવ્યસ્વરૂપનો સાક્ષાત્કાર થાય અને મૂર્તિમાં રહી બધી ક્રિયારૂપ ધર્માચરણ થાય એ ધર્મનો અવધિ છે. શ્રવણ, કીર્તન, સ્મરણ, અર્ચન, વંદન, પાદસેવન, દાસ્ય, સાખ્ય ને આત્મનિવેદન એમ નવ પ્રકારે ભક્તિ કરતાં કરતાં પ્રેમલક્ષણાભક્તિ ઉદ્ભવે ને તે પ્રભુ સાથેના પરાપ્રેમમાં પરિણમી પ્રભુ સાથે પ્રેમાદ્વૈત સધાય, પ્રભુનું પરમસાધર્મ્ય પ્રાપ્ત થઈ કૈવલ્યમુક્તની-અનાદિમુક્તની સર્વોચ્ચ દિવ્ય સ્થિતિ પ્રાપ્ત થાય તે ભક્તિનો અવધિ છે. બધા ભૌતિક પદાર્થોમાંથી, દેહના સગા-સંબંધીઓમાંથી તથા પોતાના દેહમાંથી આસક્તિ દૂર કરી વિરક્ત થાય, ત્યાર બાદ સાંખ્યજ્ઞાન દ્વારા દેહભાવ

ને દેહાત્મબુદ્ધિથી સંપૂર્ણ રહિત થઈ પરમાત્માના સ્વરૂપ સિવાય અન્યત્ર અણુમાત્ર રાગ ન રહે તે વૈરાગ્યનો અવધિ જાણવો. સાંખ્ય જ્ઞાન દ્વારા દેહાત્મબુદ્ધિ ને દેહભાવથી સંપૂર્ણ રહિત થઈ આત્મસત્તાને પામે ને આત્માના આત્મા એવા પરમાત્માના દિવ્યસ્વરૂપમાં દિવ્યસ્થિતિ થાય તે અંતિમ આત્મનિષ્ઠા-સ્વરૂપનિષ્ઠા છે. (૧૪૯)

સોળે બોળેનો સૂક્ષ્મ અર્થ એ છે કે દરેક કાર્યમાં અખંડ મૂર્તિનું અનુસંધાન રહે તે સોળે અર્થાત્ શુદ્ધ કહેવાય અને જેટલી વખત મૂર્તિ ભૂલીને કાર્ય થાય તે બોળે અર્થાત્ અશુદ્ધ કહેવાય. પરમાત્માના સ્વરૂપ સિવાય ભૌતિક પંચવિષય સંબંધી સંકલ્પ થાય તે બોળે ને સાંખ્ય જ્ઞાનરૂપી જળે કરીને દેહાદિક ભાવથી રહિત થવા રૂપ સ્નાનથી શુદ્ધ આત્મારૂપ થઈ પરમાત્મામાં જોડાય તે સોળે કહેવાય. (૧૫૦)

પ્રભુ અથવા સિદ્ધ અનાદિમુક્ત પૃથ્વી ઉપર પ્રગટ થાય ત્યારે જગતના સર્વે જીવોના પાપ-પુણ્ય કર્મોનું સંતુલન balance કરે છે. અમુક સમયે જ્યારે પાપકર્મની અમર્યાદ વૃદ્ધિ થઈ જાય, ત્યારે જળ દ્વારા, વાયુ દ્વારા, ભૂકંપ, ત્સુનામી કે માનવ સર્જિત શસ્ત્રો દ્વારા સૃષ્ટિનો પ્રલય કરી નાંખે છે. એ વખતે સૂકા ભેગું લીલું પણ નાશ પામે. પરંતુ પ્રભુ ને મુક્તની કૃપામાં આવી ગયા હોય તેમને પ્રભુ પોતાના સુખમાં લઈ જાય છે. સૃષ્ટિનું ધીમે ધીમે ફરી સર્જન થાય ત્યાં સુધી જીવો કારણશરીર સાથે કારણઅવસ્થામાં માયામાં લીન રહે છે. (૧૫૧)





કોઈ પ્રેમી ભક્ત શ્રીજીમહારાજનું ડોલરિયાનું કીર્તન અતિ પ્રેમ ભાવથી ગાય ત્યારે મહારાજ પણ દિવ્ય મસ્તીમાં ડોલતા હોય તેવો ભાવ પ્રદર્શિત કરે છે. પરભાવમાં પણ મુક્તને મહારાજની મૂર્તિ બેઠી હોય, ઊભી હોય, હરતી ફરતી હોય તેવું મહારાજની ઈચ્છાથી દિવ્યભાવમાં અનુભવાય છે. (૧૫૨)

મુક્તની દૃષ્ટિએ નિર્ગુણ અને દિવ્યમાં તફાવત છે. નિર્ગુણ એટલે માયાના સત્ત્વ, રજ ને તમ એ ત્રણ ગુણોથી રહિત, ગુણાતીત એટલે નિર્ગુણ. એ ત્રિગુણાત્મક એવી મૂળ માયાથી પર ચૈતન્યતત્ત્વ એ દિવ્ય છે. સર્વે ચૈતન્યભૂમિકાઓથી પર સર્વોપરી ચૈતન્યતત્ત્વ એવા પરમાત્મા ભગવાન સ્વામિનારાયણ એ દિવ્યતાની ચરમસીમારૂપ, પરાકાષ્ઠારૂપ દિવ્યતમ તત્ત્વ છે. (૧૫૩)

મહારાજ કે તેમના અનાદિમુક્ત મનુષ્યરૂપે અદૃશ્ય થયા પછી પાછળ જીવો શું કર્મો કરે છે તેવું જોયા કરતા નથી. જીવોને કર્મ કરવામાં રોકતા પણ નથી. તેઓ તો પોતાના જ્ઞાનને જાળવે છે. જીવોને કર્મ કરવાની સ્વતંત્રતામાં બિનજરૂરી હસ્તક્ષેપ કરતા નથી. એટલે ઘણાને એમ લાગે છે કે પ્રભુ કેમ આવું અંધેર ચાલવા દે છે? કેમ કોઈને ખરાબ કૃત્ય કરતા રોકતા નથી ને અધર્મ થવા દે છે? પરંતુ પરમાત્માના ઘડેલા નિયમ મુજબ ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલયની લીલા ચાલ્યા જ કરે છે. પ્રભુની સર્વવ્યાપી અંતર્યામી અન્વયશક્તિ દ્વારા

બધા જીવોના કર્મોની નોંધ આપોઆપ થઇ જાય છે ને તેના કર્મસંસ્કારો જીવના કારણશરીર સાથે જોડાઈ જાય છે. અને સમય આવે તેનું સારું-નરસું ફળ જીવોને મળી જાય છે. પરભાવમાં તો મહારાજ પોતે પોતાના સુખે સુખી છે અને પોતાના મુક્તોને પોતાનું સુખ આપવું અને મુક્તોને દાસભાવે સુખ ભોગવવું એ જ લીલા છે. મુક્તો બધું જોવા જાણવા સમર્થ છે, પરંતુ તેઓ મૂર્તિના સુખ સિવાય બીજું કંઈ જોવા જાણવા ઈચ્છતા નથી. (૧૫૪)

જીવને મનુષ્યજન્મ આવે ત્યારે કેટલીક માન્યતા એવી છે કે અમુક દિવસોએ કે અમુક માસનો ગર્ભ થાય ત્યારે તેમાં જીવનો પ્રવેશ થાય છે, તો એ બાબત શું સમજવું? એનો એ ઉત્તર છે કે પુરુષના શુક્રાણુંમાં sperm અને સ્ત્રીના રજ-અંડમાં ovum જીવો રહેલા હોય છે. અર્થાત્ બંને બીજમાં જીવાત્મા હોય છે. એ બંને બીજ ભેગા થાય ત્યારે ગર્ભનું નિર્માણ થાય છે. શરીરના નિર્માણમાં body formation માં બંને બીજના જીવો મદદ કરે છે, તેમાંથી કર્મના ઋણાનુબંધ પ્રમાણે જે જીવનો જન્મ થવાનો હોય તે મુખ્ય બને છે ને બીજો જીવ ગૌણ બની ખસી જાય છે અને કર્મસંબંધ અનુસાર મુખ્ય બનેલો જીવ સ્ત્રી થકી જન્મ લે છે. (૧૫૫)

શ્રીજીમહારાજે વચનામૃતમાં કહ્યું છે કે જે જીવને જેના થકી ઉપજ્યાનો કર્મસંબંધ પ્રાપ્ત થયેલો હોય તો તે જીવ તેના થકી ઉપજે છે. તો આજકાલ મનુષ્યો કુટુંબનિયોજનનું પાલન





કરે છે તો ન જન્મનાર જીવોનું શું થાય? તેઓ ક્યાં જાય? એનો ઉત્તર એ છે કે અમુક યુગ પ્રમાણે તેમાં ફેરફાર થાય છે, પણ સિદ્ધાંત એ જ રહે છે. અર્થાત્ એ સમયે જેટલા જીવોને તેમના કર્મ પ્રમાણે જન્મ થવાનું નિર્માણ થયું હોય એટલા જ જીવોનો જન્મ થાય છે ને બાકીના જીવો માયામાં સુષુપ્ત પડ્યા રહે છે. વૈજ્ઞાનિકો ક્લોનીંગ કરે છે તેમાં પણ ક્લોનીંગ દ્વારા જે જીવનો તેના એવા કર્મ અનુસાર જન્મ થવાનો હોય તેનો જ જન્મ થાય છે ને તેનું આયુષ્ય ખૂબ જ મર્યાદિત હોય છે. આમ કર્મની ગતિ ને પ્રભુની લીલા બહુ ગહન છે. (૧૫૬)

પ્રલયકાળે ગમે તેવા મહાન તીર્થો ને મંદિરો વગેરે સ્થાનોનો નાશ થઈ જાય છે, માટે પ્રભુની મૂર્તિ સિવાય બીજા મંદિરો કે તીર્થ સ્થાનોમાં રહેલી આસક્તિ પણ પ્રભુપ્રાપ્તિમાં વિઘ્નરૂપ છે. (૧૫૭)

પરચા-ચમત્કાર, પ્રસાદી, તીર્થ સ્થાનો, દેવદર્શન એ બધા કરતાં યથાર્થ સમજણ અધિક છે અને મોક્ષ થવામાં સાચી સમજણ જ કામ આવે છે. (૧૫૮)

મહર્ષિ અરવિંદ ઉચ્ચકક્ષાના સાધક હતા. તેઓ યોગ સાધના દ્વારા અતિમાનસ supramental સુધી અર્થાત્ પ્રકૃતિપુરુષ krishna consciousness મૂળપુરુષની ચેતના સુધી જ પહોંચ્યા છે. હજુ પણ સૂક્ષ્મશરીરે તેમણે આગળની સાધના ચાલુ રાખી છે. મોટાભાગના સાધકો મૂળપુરુષની ચેતનાએ

જ અટકી પડે છે, કારણ કે તેની આગળની ચૈતન્યભૂમિકાની તથા તેમની ઉપાસનાની તેઓને જાણ નથી હોતી. જ્યારે સર્વોપરી પરમતત્ત્વ પરમાત્માની ઉપાસના થાય ત્યારે જ આત્યંતિક કલ્યાણની સર્વોચ્ચ સ્થિતિ થાય, ત્યાં સુધી જીવની ઉત્ક્રાંતિ ચાલુ રહે છે. (૧૫૯)

આ જીવને અનાદિ કાળથી પોતાના દેહને વિષે અતિ દૃઢ આત્મબુદ્ધિ થઈ ગયેલી છે. હું અને મારું એવાં અજ્ઞાન-અવિદ્યાના તથા રાગ-દ્વેષના આવરણો એ બધું કારણશરીર સાથે જોડાયેલું છે. અહંકારનું આવરણ તો સૌથી સૂક્ષ્મ છે અને તે મહાકારણશરીરમાં રહેલું છે. ઈશ્વરકોટિથી લઈને મૂળઅક્ષરકોટિ પર્યંત ઐશ્વર્ય-સુખના રાગ મહાકારણશરીરમાં રહેલા છે. અને તેમાં પણ અહંની અતિ સૂક્ષ્મ ભાવના રહેલી છે. તે અહંકાર અવિદ્યારૂપ, અજ્ઞાનમય છે, પરંતુ હું શ્રીજીમહારાજની કૃપાથી તેમના દિવ્યસ્વરૂપમાં દિવ્યસુખ ભોગવતો થકો દાસભાવે રહેલો મુક્તાત્મા છું, એવી ભાવનાએ સહિત ધ્યાન-ભજન કર્યા કરતો હોય અને તે નિશ્ચય અને ભાવની પરિપક્વતા થયા પછી જ્યારે દિવ્ય સ્થિતિ બંધાય, ત્યારે હું મુક્તરૂપ પ્રભુનો દાસ છું અને શ્રીજીમહારાજના દિવ્યસ્વરૂપમાં સુખભોક્તારૂપે રહેલો છું એવો જે દિવ્ય અહંકાર તે અજ્ઞાન-અવિદ્યાથી રહિત અમાયિક, નિર્ગુણ અહંકાર છે. અને તે અહંકાર ગુણાતીત હોઈ બંધનકર્તા નથી થતો. માટે માયિક અહંકાર જે દેહાભિમાન અને મુકતના દાસત્વપણાના





અમાયિક નિર્ગુણ-દિવ્ય અહંકારમાં ઘણો જ તફાવત છે. (૧૬૦)

શ્રીજીમહારાજના અક્ષરબ્રહ્મરૂપ અન્વયસ્વરૂપમાં અનંતકોટિ બ્રહ્માંડો રહેલા છે. તે બ્રહ્માંડ બ્રહ્માંડ પ્રત્યે અનેક અવતારો, દેવો, દિગપાલો વગેરે હોય છે. અનંત બ્રહ્માંડોમાં અનંત પૃથ્વીઓ પણ છે. જેમ આપણી પૃથ્વી, મંગળ, બુધ, ગુરુ, શુક્ર, શનિ આદિક ગ્રહો એક સૂર્યકુટુંબના છે, તેમ અનંત સૂર્યકુટુંબો solar systems છે. તેવા અનંત સૂર્યકુટુંબો અને નક્ષત્રો એક આકાશગંગામાં સમાઈ જાય છે. તેવી અનંત આકાશગંગાઓ એક પ્રકૃતિપુરુષમાં આવી જાય છે. તેવા અનંત પ્રકૃતિપુરુષો એક વાસુદેવબ્રહ્મમાં આવી જાય છે. તેવા અનંત વાસુદેવબ્રહ્મ એક મૂળઅક્ષરમાં આવી જાય છે. અને તેવા અનંત મૂળઅક્ષરરૂપી બ્રહ્માંડો મહારાજના અન્વયસ્વરૂપ, અક્ષરબ્રહ્મરૂપ દિવ્ય તેજની એક એક કિરણમાં અણુની પેઠે ઊડતા ફરે છે. એમ પ્રભુના સગુણ અને નિર્ગુણ સ્વરૂપ છે. એ બંનેથી પ્રભુ પોતે ન્યારા ને દિવ્ય છે.

એ બ્રહ્માંડોની અનંત પૃથ્વીઓ ઉપર જીવસૃષ્ટિ છે. અનેક જગ્યાએ મનુષ્યો પણ છે. તેમની અંનત પ્રકારની ભાષાઓ છે. તેમના રૂપરંગમાં અનંત પ્રકારની વિવિધતા છે. અમુક પૃથ્વી ઉપર સતયુગ પ્રવર્તી રહ્યો છે, જ્યારે અમુક પૃથ્વી ઉપર હળાહળ કળિયુગ ચાલી રહ્યો છે. આપણી પૃથ્વી ઉપર ચાલતા કળિયુગની ગણત્રીએ એ કળિયુગ ઘણો

ભયાનક પણ હોય છે. અમુક પૃથ્વી ઉપરના મનુષ્યોએ આપણા કરતાં અનેકગણો ભૌતિક વિકાસ સાધેલો છે. તે પૃથ્વીઓ ઉપર પણ પ્રભુના અવતારો તથા મુક્તોના અવતારો જીવોના કલ્યાણ તેમજ આત્યંતિક કલ્યાણ માટે થતા રહે છે. તેમના દ્વારા અનંત બ્રહ્માંડોના અનંત જીવો મુક્ત થઈને પ્રભુના સુખને પામે છે. અનંત જગ્યાઓએ નવી સૃષ્ટિઓનું નિર્માણ થતું રહે છે, જ્યારે અનંત જગ્યાએ પ્રલયો-મહાપ્રલયો થતા રહે છે.

આ રીતે અનંત બ્રહ્માંડોમાં આવી ઘટમાળો ચાલ્યા કરે છે. આપણાં સૂર્યકુટુંબમાં અત્યારે તો ફક્ત પૃથ્વી ઉપર જ જીવન વિકસેલું છે, પણ બીજા કોઈ ગ્રહ ઉપર વિકસેલું નથી. વિજ્ઞાનીઓ તેની શોધ માટે ઘણી મથામણ કરે છે, પણ અત્યારે બીજા કોઈ ગ્રહ ઉપર જીવન વિકસેલું નથી. વર્ષો પછી પ્રભુની ઈચ્છાથી સંભવે પણ ખરું. આમ આ બ્રહ્માંડોની સૃષ્ટિઓ અનંત અપાર છે, તો પ્રભુનું દિવ્યસ્વરૂપ, દિવ્યસુખ, જ્ઞાન, પ્રકાશ, શક્તિઓ, સામર્થ્ય વગરે અપાર હોય તેમાં શું આશ્ચર્ય! (૧૬૧)

સુજ્ઞ સાધકે પ્રભુ તથા મુક્તની કૃપા સંપાદન કરવા પંચવર્તમાન સંબંધી શ્રીજીમહારાજની આજ્ઞાઓના યથાર્થ પાલન સાથે પ્રતિલોમ ધ્યાનના ગહન અભ્યાસ દ્વારા મૂર્તિમાં અખંડ જોડાવાની સૂક્ષ્મ આંતરિક સાધના પ્રારંભ કરી સમગ્ર જીવનનો યોગ સાધવા સંનિષ્ઠ ને અસ્ખલિત પ્રયત્ન કર્યા કરવો.





ગુરુવર્ય મુક્તરાજ શ્રી નારાયણભાઈએ પ્રબોધેલા જ્ઞાનરહસ્યને પામવાની આ ગુરુચાવી છે. આ ગુરુચાવી દ્વારા જ અજ્ઞાન-અવિદ્યાના સઘળા બંધનરૂપ તાળાઓ ઉઘડી જઈ પ્રભુના દિવ્યસુખરૂપ નિધિક્ષેત્રમાં પ્રવેશ મળી શકશે. (૧૬૨)

# ઉપસંહાર

'અમૃત સાગર' ગ્રંથના આ તૃતીય ભાગમાં સમાવિષ્ટ 'જ્ઞાન રહસ્ય' મુદ્દાના ગહન અભ્યાસ દ્વારા સાધકને ચોક્કસપણે પ્રતીતિ થઇ ગઈ હશે કે આપણા મનુષ્યજીવનનો ધ્યેય પ્રભુપ્રાપ્તિ કરી આત્યંતિક કલ્યાણની સર્વોચ્ચ એવી અનાદિમુક્તની સ્થિતિ સિવાય બીજો કોઈ જ ન હોઈ શકે. સાચો સાધક એ ધ્યેયને સિદ્ધ કરવા અણનમ ઈચ્છાશક્તિ ને અડગ શ્રદ્ધા દ્વારા અસ્ખલિત પુરુષપ્રયત્ન કરવા પ્રેરાશે તો પરમાત્મા તેમજ સદ્‌ગુરુવર્યનો કૃપાસ્પર્શ પામી અંતિમ મંજિલ પામી શકશે એવી અમને પૂર્ણ ખાત્રી છે.

આવા અદ્‌ભુત જ્ઞાનરહસ્યો શાસ્ત્રોમાંથી સમજાવા શક્ય નથી અને કોઈ ગોખીને કહેવા જાય તો પણ કહેવું શક્ય ન બને. જેમને અખંડ આત્મા-પરમાત્માનો સાક્ષાત્કાર હતો એવા સત્પુરુષ ગુરુવર્ય અનાદિમુક્ત પૂજ્ય શ્રી નારાયણભાઈએ વૈજ્ઞાનિક પરિપ્રેક્ષ્યમાં આવું અદ્‌ભુત રહસ્યજ્ઞાન કેવળ કૃપા કરીને પ્રદાન કર્યું હોવાથી સારોય સત્સંગ સમાજ તેમનો સદાકાળ ઋણી રહેશે.



૧૪૬